श्रीजयन्तीपथ्यपीयूष.

प्रथम बिन्दु.

श्रीमती जयन्तीदेवी.

श्रीश्रेयस्साधकअधिकारिवर्गग्रन्थावलि.

ग्रन्थांक ९१

श्रीजयन्तीपद्यपीयूष.

प्रथम बिन्दु.

—રચનાર—

श्रीमती जयन्तीदेवी.

પ્રસિદ્ધ કરનારઃ

શ્રીશ્રેયસ્સાધકઅધિકારિવર્ગ (વડોદરા) તરફથી

જેઠાલાલ દેવશંકર દવે.

અમદાવાદ.

શ્રી ભાગ્યોદયપ્રીન્ટીંગપ્રેસમાં જેઠાલાલ દેવશંકર દવેએ છાપ્યું.

ખાડીઆ—અમદાવાદ.

સંવત્ ૧૯૭૫ ઇ. સ. ૧૯૧૯

આવૃત્તિ ૧ લી પ્રત ૫૦૦

મૂલ્યઃ રૂ. ૧-૦-૦

प्रस्तावना.

स्त्रीपुमानित्यनास्थैषा वृत्तं हि महितं सताम् ।

—कुमारसंभव

આ સ્ત્રી છે, અને આ પુરુષ છે: એ ભેદ પાયાવિનાનો છે, ચારિત્ર્ય જ પૂજ્યતાનું કારણ સત્પુરુષો માને છે.

શ્રીશ્રેયસ્સાધકઅધિકારિવર્ગ તરફથી આજસુધીમાં ગુજરાતી વાઙ્મયમાં પુરુષ વિદ્વાનોના અનેક ગ્રંથો પ્રકટ થયા છે. પરંતુ આજથી લગભગ ચાળીસ વર્ષ પૂર્વે 'મંગલવિચાર' નામના પૂજ્ય શ્રીમતી મંગલાગૌરીના એક લઘુ પુસ્તકવિના અન્ય કોઈ પ્રકારનો ગ્રંથ સ્ત્રી-વર્ગ તરફથી પ્રકટ થવાનો પ્રસંગ અદ્યાપિ પ્રાપ્ત થયો ન હતો. ઉક્ત વર્ગના ઉત્સવોપ્રસંગે પ્રકટ થતી 'શ્રી સદુપદેશશ્રેણી'માં અનેક સ્ત્રિયોના લેખો તથા કાવ્યો પ્રકટ થયાં છે અને થાય છે, પરંતુ કોઈ સ્વતંત્ર ગ્રંથ પ્રસિદ્ધ કરવાનો સુયોગ અદ્યાપિ આવ્યો ન હતો, તે ઈષ્ટેચ્છાથી ઉક્ત વર્ગનાં વર્તમાન અધિષ્ઠાત્રી પૂજ્ય શ્રીમતી જયન્તી-દેવીવિરચિત આ શ્રીજયન્તીપદ્યપીયૂષના પ્રથમ બિન્દુના આવિ-ષ્કારથી સિદ્ધ થવા પામ્યો છે, એ તેના પ્રસિદ્ધકર્તાને અધિક આનંદ-જનક છે. આ પીયૂષનું બિન્દુ ધર્મ અને ભક્તિના સંસ્કારવિનાનાં રણજેવાં સુકાં હૃદયમાં લીન થવાનું નથી, પરંતુ સહૃદયની સ્નિગ્ધ હૃદયભૂમિમાં નાદબ્રહ્મના રૂપમાં પ્રસરશે એવી આશા રાખવામાં આવે છે.

કાવ્યનાં ઘણાં પ્રયોજનો અલંકારશાસ્ત્રમાં વર્ણવ્યાં છે:—યશ:-પ્રાપ્તિ, વ્યવહારદક્ષતા, અનર્થનિવૃત્તિ, સદ્યઃ પરસુખની પ્રાપ્તિ અને કાંતાની પેઠે ઉપદેશ ઈત્યાદિ. સમર્થ કવિઓ આ સઘળાં પ્રયોજનો સિદ્ધ કરી શકે છે, પરંતુ સામાન્ય કવિઓ યશ વગેરે ઐહિક લોક-વાસનાને સિદ્ધ કરવામાં કાવ્યનું પ્રયોજન પરિસમાપ્ત થયું માને છે. ઉત્તમ કવિઓ પોતાના કાવ્યશરીરમાં "શિવેતરક્ષતિ" અર્થાત્ અ-શિવ—અકલ્યાણનો નાશ, અને સદ્યઃ સુખની પ્રાપ્તિ પ્રાપ્ત કરવા મથે છે. આ ક્ષણે ક્ષણે અળપાતા સંસારચિત્રના પરભાગમાં રહેલા તત્ત્વની ઝાંખી કરાવવા કવિજનોની પ્રતિભા જેટલું સામર્થ્ય ધરાવે છે, તેનું શતાંશ વિજ્ઞાનવિદોની પ્રયોગશાળાઓ અને નિરીક્ષણોમાં ગુંથાયેલી બુદ્ધિ ધરાવતી નથી. મીરાંબાઈનું એક પદ પ્રભુના વાસ્તવ સ્વરૂપનો જેટલી ત્વરાથી સ્પર્શ કરાવે છે, તેવો સ્પર્શ વેદશાસ્ત્રમાં નિપુણ વક્તા

ઘણાં વર્ષોનાં શ્રવણવડે કરાવી શકતા નથી—એ આપણા અનુભવનો વિષય છે. શાસ્ત્રશ્રવણજન્યવૃત્તિ બુદ્ધિના ગાડામાં બેસી ચાલે છે ત્યારે કાવ્યશ્રવણજન્યસ્ફૂર્તિ ગરુડની પાંખોઉપર આપણને બેસાડી ત્રિલોકીના વૈભવને દર્શાવે છે. બુદ્ધિ જ્યારે જ્ઞેયપદાર્થના અંગઉપાંગને ક્રમશઃ જણાવે છે, ત્યારે પ્રતિભા તે પદાર્થના સર્વાંશને એકી વખતે પ્રકટ કરે છે. બુદ્ધિ આ કારણથી વ્યસ્તભાવને પ્રકટ કરે છે, અને પ્રતિભા સમસ્તભાવને પ્રકટ કરે છે.

આથી કાવ્યના રસરૂપ આત્માના શબ્દરચનારૂપ શરીરદ્વારા થતા આવિષ્કારમાં પ્રતિભાને કારણશક્તિ કહેવામાં આવે છે. જેમનામાં તે શક્તિ નથી તે કદી કવિપદને મેળવી શકતા નથી. કાવ્યના ઉદયમાં કારણરૂપ થનારી પ્રતિભાશક્તિ જેવી રીતે કવિમાં રહે છે, તેવી રીતે કાવ્યના આત્માને ઝટિતિ સમજનાર સહૃદયોમાં પણ પ્રતિભાશક્તિ રહે છે. જેમ શરીરના જીવનમાં પ્રાણ અને અપાનના યોગની અગત્ય છે, જેમ જગતના જીવનમાં અગ્નિ અને સોમના યોગની જરૂર છે, તેમ કાવ્યના જીવનમાં કવિની ઉત્પાદક પ્રતિભા અને ભાવકની ગ્રાહક પ્રતિભાના યોગની જરૂર છે. આ પૃથ્વી વિપુલ અને કાલ અનવધિ હોવાથી જો યથાર્થ કવિની કવિતા હોય તો તેના ભાવક પણ હોય છે. આથી કાવ્યમાં સાચો રસરૂપ આત્મા હોય છે અર્થાત્ તે શિવરૂપ હોય છે તો તેના ભાવક પણ હોય છે. તે ભાવક કવિના આત્માને સત્વર સ્પર્શ કરી શકે છે. જો રસરૂપ આત્મા હોતો નથી તો તે શબ્દાર્થનું શબરૂપ ખોખું ભાવકની ભાવનાનો વિષય થતો નથી. પછી અગ્નિસંસ્કારમાટે લઇ જવામાં આવતા શબને પણ પોતાનું કરી લેવા ધારનારી મૂઢ સ્ત્રિયો છાતી કૂટતી પાછળ જાય છે, પણ તેના આર્તસ્વરથી શબ સચેતન થતું નથી. આવી રીતે રસરૂપ આત્માવિનાના શબ્દાર્થરૂપ શરીરને મોહથી વળગી રહેનાર કુહૃદયો પણ હોય છે.

આ પદ્યપીયૂષનું વર્ષણ કરનારાં સ્ત્રીકવિમાં નૈસર્ગિક પ્રતિભા છે એમ વિવેકીને અવલોકન કરતાં સહજ સમજાય તેમ છે. ગુજરાતના સુપ્રસિદ્ધ સાક્ષર શ્રીયુત નવલરામ લક્ષ્મીરામનાં દોહિત્રી શ્રીમતી જયન્તીદેવીમાં કવિતાનો “ નાદ ” જન્મસાથે વારસામાં ઉતરી આવે એ સ્વાભાવિક છે. તેમનો જે કુલસાથે વિવાહથી સંબંધ થયો છે તે કુલના અને શ્રેયસ્સાધકઅધિકારિવર્ગના સ્થાપક પરમાત્મા શ્રીમન્ન-

સિંહાચાર્યજીના કાવ્યમય જીવનવડે તેમની પ્રતિભાને ઉદ્દીપનસંસ્કાર મળ્યો હતો, અને શ્રીમતી જયન્તીદેવીએ પ્રયોજેલા સુંદર શબ્દમાં કહીએ તો 'જયન્તીજીવન' (તેમના પતિ) ના સંગમાં તેમને વ્યુત્પત્તિ સિદ્ધ થવા પામી છે. આ ત્રણુ યોગવડે શ્રી જયન્તીદેવીનાં કાવ્યોમાં ચમત્કૃતિઓ ઘણુંખરાં પદ્યોમાં ઝળકે છે. તેમની કાવ્યકૃતિનો આરંભ તેમના તેરમા વર્ષથી શરુ થયો છે. અને વ્યુત્પત્તિના અભાવે કેટલાંક આરંભનાં પદ્યોમાં સરલ બોધ અને શુદ્ધ ભક્તિની જ છાયા તેઓ પ્રકટ કરી શકયાં છે. પરંતુ તેમનો સંસારનો અનુભવ જેમ જેમ વધતો ગયો, ગૃહજાલ પોતાને માથે પડી, અને પતિના અખંડ સહવાસવડે જેમ જેમ વ્યુત્પત્તિ વધતી ગઈ, તેમ તેમ તેમનાં પદ્યોમાં વૈરાગ્ય અને જ્ઞાનનાં ઉંચાં આદર્શો તેઓ પ્રકટ કરી શકયાં છે એમ ૯૫ પછીનાં પદ્યો વાંચવાથી સમજાશે. હજુ તેમાં કવિની પ્રૌઢિનો ઉદય દર્શાવાયો નથી, તેમ 'પરિણુતપ્રજ્ઞા' પણ નથી. બહુજ્ઞતા અથવા વ્યુત્પત્તિની સિદ્ધિમાં કાળ અને વયની અપેક્ષા રહે છે, અને તે દ્વિતીય બિન્દુમાં સ્ફોટ પામશે.

"શિવેતર"–અમંગલ–અકલ્યાણુ–જેની નિવૃત્તિ અર્થે સુકવિઓ પ્રયત્ન કરે છે તે શામાં રહ્યું છે? શું જડ જગત્માં અનર્થ–અમંગલ–છે? ના. અમંગલનો જેને અનુભવ નથી, તેનામાં અમંગલતાનો આરોપ એ માનુષ બુદ્ધિનો વિપર્યય છે. ત્યારે શું તે જગત્કારણ–બ્રહ્મમાં છે? ના. તે પૂર્ણ અને નિર્દોષ તત્ત્વમાં તેનો સદ્ભાવ શો? ખરેખર, અકલ્યાણુ–અમંગલ–અશિવ–જે પોતાને શિવ કરતાં અશિવરૂપે–જીવરૂપે અનુભવે છે તે જડ–અજડગ્રંથિમાં છે. તે ગ્રંથિના ભેદમાં–તે અજ્ઞાનની ગાંઠની ઉકેલમાં–અશિવનો લય છે. આ ગાંઠ ઉકેલવામાં લલિત કલાઓ અને તેમાં મુખ્યત્વે કરી કાવ્યકલા ઘણું ઉત્તમ સાધન છે. કાવ્ય જો કે કલ્પનાવૃત્તિનો આશ્રય લે છે, તોપણ અકલ્પિત આત્માને જાણ્યે અજાણ્યે પણુ સ્પર્શ કરે છે તેથી તેની વીણા તે બ્રહ્મની વીણા છે. શ્રીમતી જયન્તીદેવી આ વીણાના તાર છેડતાં વદે છે કેઃ—

"સત્યનું રહસ્ય ને માધુર્ય કંઈ જણાયું,
"શુણી વીણાગાન જીવભાન આ વિલાયું,
"જીવન બન્યું આ સુભાગી, હું જાગી,
"અહો! રસની ભરી! ભાવની ભરી; મારા અંતરમાં"

(પદ ૨૪૪ માંથી.)

જીવભાન નિવૃત્ત કરનાર અને શિવભાન જગવનાર કવિની વીણા તત્ત્વવિદ્‌ની જો કે અનુભૂતિ નથી, તોપણ ક્ષીણ અંતરપટમાંની તત્ત્વની ઝાંખી છે. આ ઝાંખી કરાવવામાં જડ જગતનો મોહ છૂટવાની જરૂર છે. પતંગના ઉંચા વેગને પૃથ્વીની તાણ વિઘ્ન કરનાર છે. તે તાણ—આકર્ષણને અટકાવી પતંગને મધ્યલોકમાં વિહરવા દેવામાં દોરીના ચાલકની કુશલતા છે. પતંગનો આ ભાર દૂર કરવામાં, તેની ડગમગતી સ્થિતિ અટકાવવામાં, પતંગ ચગાવનાર દોરી અને પતંગ બંને ઉપર લક્ષ આપે છે, તેમ શિવસ્વરૂપનું ભાન જગવવામાં જીવપતંગનો ભૂલોકપ્રતિ ખેંચનારો વિષયમોહ છૂટવો જોઇએ. આ કારણથી "ત્યાગ"ને શ્રીજયન્તીદેવીએ અમોઘ સાધન માન્યું છે:

"ત્યાગથી સહુએ સત્ફલ લાધ્યું, શ્રેયસ્ સહુનું ત્યાગથી વાધ્યું,
"જો ફલિભૂત કરવું હોય સાધ્યું, તો શીઘ્ર શિખો વીર ! ત્યાગ."

(પદ ૧૪૭ માંથી.)

શાંતરસપ્રધાન કાવ્યોમાં શમ સ્થાયિભાવ છે, અને તેથી જ્ઞાન—વૈરાગ્યની મહત્તા વર્ણવવી તે તેવાં કાવ્યોનો પ્રધાન વિષય હોય છે, પરંતુ જે જ્ઞાનમંદિરના પાયામાં ધર્મ ન હોય અને જે વૈરાગ્ય પછવાડે ઐશ્વર્ય તણાતું ન આવે તે જ્ઞાન રેતીના પાયા ઉપરનું સમજવું, અને તે વૈરાગ્ય પણ નિર્બલતાનું પ્રદર્શન સમજવું. ખરો જ્ઞાની ધર્મશીલ હોય છે અને ખરો વૈરાગ્યવાન્ ઐશ્વર્યની વિભૂતિવાળો હોય છે. શિવયોગીનું—"શિવેતરક્ષતિ" કરનાર કવિનું લક્ષ્ય શ્રી સદાશિવનું જીવન હોય છે. તે જીવનમાં સર્વ ભેદોના વિરોધો શમેલા જોવામાં આવે છે. આ શિવયોગના ઊંડા મર્મનું ચિત્ર "રામસીતાના નિરુપાધિક શાંત જીવનનું દૃશ્ય"માં ઘણી સુંદરતાથી શ્રી જયન્તીદેવીએ ચિતર્યું છે. તેમના અભિપ્રાયપ્રમાણે દાંપત્ય યોગ-રામસીતા જેવો—ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ઐશ્વર્ય—એ ચાર ભાવોને સારી રીતે સિદ્ધ કરાવે છે. સંક્ષેપમાં તેમણે સ્ત્રીના વ્યવહારધર્મ અને પરમાર્થધર્મ નીચે પ્રમાણે વર્ણવ્યા છે:

"શાંતિ, તૃપ્તિ, પવિત્રતા, સુશીલતા, વાણી પ્રીતિકારિણી,
"નીતિ, ધૈર્ય, વિવેક ને પતિપ્રતિ, વૃત્તિ અનુસારિણી;
"નિત્યે ચિત્તપ્રસન્નતા, વિનયતા, સેવા વડિલોતણી,
"લજ્જા, કોમલતા તથા કુશલતા, વાત્સલ્ય નાનાંભણી;

" વિદ્યા ને સુકલા, સુસંગીત તથા શક્તિ વ્યવસ્થાતણી;
" વૃત્તિ હોવી પરોપકારિણી સુસિ—દ્ધિ બાલસંવર્ધની;
" સાચો પ્રેમ, ઉદારતા, ઉપરતી; સદ્ધર્મકાર્યે રતી,
" આ સ્ત્રીના **વ્યવહારધર્મ** ગણવા, વિશ્વે સદા હે સતિ !

" સેવંતાં વ્યવહાર વૃત્તિ અળગી, રાખે ક્રિયામાત્રથી,
" આત્માનાત્મવિવેક સાધી ગ્રહવું, ચિદ્દજ્ઞાન સત્પાત્રથી;
" ભાળે તત્ત્વ, વિરાજિ દૃક્સ્વરૂપદમાં, આ દશ્યમાત્રે સદા,
" વૃત્તિ વાળી સ્વરૂપલક્ષણવિષે, ત્રોડે જીવત્વાપદા;
" ચાહે તેમ ભલે વ્યતિકર બને, ના હર્ષશોકે વહે,
" જાણી સર્વ વિવર્તમાત્ર ઉરથી, સત્ય સ્વરૂપે રહે;
" નિત્યે ચિન્મયભાવના બની રહે, પ્રાણીપદાર્થોપ્રતિ,
" આ સ્ત્રીના **પરમાર્થધર્મ** ગણવા, વિશ્વે સદા હે સતિ !"

(પદ ૧૩૭ માંથી.)

આવો ચતુર્વિધ ભાવસાધક શિવયોગ દંપતીઓ ગૃહમેધવડે સાધી શકે છે, પરંતુ આપણા વર્તમાન સમાજમાં જ્યાં પતિપત્નીનું અસંગતપણું હોય છે, અને પતિઓ પત્નીના સંસ્કારમાં બેદરકાર હોય છે ત્યાં સાધી શકાતો નથી. એ સંસારસુધારણાનું બીજ શ્રીમતી દેવીશ્રીના કાવ્યોમાં ઘણે સ્થળે અંકુરિત થયું છે. પદ ૭૮, ૧૦૦, ૧૦૪, ૧૦૯, ૧૨૦, ૧૨૩ માં આ સંસારસુધારણાનાં આદર્શો સારી રીતે ઉભા કરવામાં આવ્યાં છે. ગૃહમેધના ફલરૂપે પત્નીનું સિદ્ધેશ્વરીરૂપે પરિણમન શી રીતે થાય છે તેનું ગાન " મને સ્વામિ મળ્યે " એ શીર્ષકના કાવ્યમાં (પદ ૧૨૪) એવું માધુર્યભર્યું ગવાયું છે કે તેની અંતિમ પંક્તિઓનું અનુરણન ઘણા સમયસુધી કર્ણઆગળ ખડું થાય છે:

* * * *

" મને સ્વામિ મળ્યે, સાધી સર્વ રીતે મેં સર્વની પરિણામી ઉન્નતિ,
" આપ્તકામી બની, ગગનગામી બની; પતિમાંહિ અભેદે વિરામી મતિ."

આવી " આપ્તકામી " અને " ગગનગામી " પત્નીઓ પ્રભુબાલને મેળવી વાત્સલ્યથી છલકાતાં

" પ્રભુનું બાલકડું વહાલું; એ બાલને હાલરડું વહાલું,
" એ વીરને હાલરડું વહાલું " ... (પદ ૧૦૭ માંથી.)

સંસારમાં પ્રભુનાં હાલરડાં ગાવાનો લ્હાવો લે છે.

પ્રભુરૂપ આત્મદેવને પુત્રભાવે ઓળખનાર સ્ત્રી જગતમાં સૌન્દર્યના સારરૂપે તે તે ખંડ પદાર્થોને સમજતી નથી, પણ અખંડ આત્મરૂપ તત્ત્વને ઓળખે છે:

" પરંતુ સર્વમાં આત્મા વિલસતો તેથી સુંદર તે,
" હું તો સૌન્દર્યમૂલ આત્માઉપર મુજ પ્રાણ ઓવારૂં."

(પદ ૧૪૫ માંથી.)

તેવી સ્ત્રી પતિના સાચા આત્મારૂપ પુત્રને ધારણ કરનારી હોવાથી "જાયા" પદને યોગ્ય બની સુવાસિનીરૂપે પૂજ્ય બને છે, અને તેવી પૂજ્ય સ્ત્રીના સૌભાગ્યશૃંગાર શું શું સૂચવે છે તે પદ ૧૩૦ ના ધ્વનિકાવ્યમાં અપૂર્વ ચમત્કૃતિથી વર્ણવ્યું છે.

શ્રીમતી દેવીશ્રીનાં પદ્યોનાં પુષ્પોમાંથી પૃથક્ રસો ઝરે છે, પરંતુ સમગ્ર ગ્રંથના સારરૂપે મધુબિંદુ જે ઝરે છે તે શાંતરસનું છે. પુષ્પો ઉપવનનાં કાળજીથી ઉછેરેલાં ઝાડનાં નથી, પણ નૈસર્ગિક વનનાં સ્વાભાવિક પ્રતિભાનાં વૃક્ષોનાં છે, તેથી કેટલાંક તીવ્ર વાસનાનાં પણ છે, પ્રમાદને દૂર કરનારાં છે, મોહમાં ડૂબાવનાર નથી. જીવનનું રહસ્ય જેટલું **महतो महीयान्** માં છે તેટલું જ **अणोरणीयान्** માં પણ છે, એવું

" નિજ જીવનમાં નાના નાના પ્રસંગોને પણ રખે નિરુપયોગી ગણો,
" વૃક્ષ ફણસતણામાંથી ફણસ ગ્રહો, બાજરીના ડુંડામાંથી દાણો લણો."

(પદ ૭૬ માંથી.)

દેવીશ્રી પોતાની નૈસર્ગિક વાણીમાં વર્ણવે છે.

પદ્યો પ્રથમ કહ્યા પ્રમાણે તેરમા વર્ષથી તે યુવાવસ્થાના પ્રથમ દશકમાં લખાયેલાં છે, તેથી આરંભમાં વગર ખીલેલી કેટલીક કળિઓ જોવામાં આવશે; સુવાસને પ્રેરનારી કળિઓ ૯૫ પદપછી આવે છે. સર્વાંશ ખીલવાનો યોગ હવે પછીના બિન્દુઓમાં આવશે.

ગુજરાતી વાચકવર્ગ આ કાવ્યોને તેના સાદા ભાવમાં અવલોકશે, અને તેથી કવિએ પોતાનું 'શિવેતરક્ષતિ' રૂપ પ્રયોજન કાવ્યરચનામાં સાધવા ધાર્યું છે તેમાં કોઇ કોઈ સહૃદયને અનુકૂલ આત્મોન્નતિમાં સાહાય્ય મળશે, એવી શુભાશાથી આ ગ્રંથ પ્રકટ કરવામાં આવે છે.

સંવત્ ૧૯૭૫
આષાઢ શુક્લ પૂર્ણિમા.
રવિવાર. તા: ૧૩ : ૭ : ૧૯૧૯
શ્રી નૃસિંહાશ્રમ: વડોદરા.

श्रीश्रेयस्साधकअधिकारिवर्ग.

અનુક્રમણિકા.

॥ ॐ श्रीँ ॥

॥ श्री सद्गुरवे परमात्मने नमः ॥

श्री जयन्त पद्यपीयूष.

प्रथम बिंदु.

मंगल.

પદ. ૧ (અમરપુરીમાં આનંદે વિભુ હતાં સ્વતંત્ર વિહારમાં, એ લય.)

જય જય પ્રભુ ! નમી, મંગલ વદીએ, શુભ આશિષ ઉચ્ચારજો,
આપ વરદ કર શિર સ્થાપીને, સુખમાં સઉ જન ઠારજો.
નયનસમીપ પધારજો, પ્રેમપ્રણામ સ્વીકારજો,
દર્શન દઇને કૃતાર્થ કરીને, આ સંસૃતિથી તારજો; જય જય૦
અનુગ્રહવૃષ્ટિ હૃદયોદ્યાને, આજ પ્રભો ! વર્ષાવજો,
વૃક્ષ અવિદ્યા સમૂલ ઉખેડી, વિદ્યાતરુ ખીલાવજો: જય જય૦
પાપ તાપ વિખરાવજો, ભ્રાંતિ નષ્ટ કરાવજો,
અણુઅણુને વિભુ વિશુદ્ધ કરીને, અનવધિ જ્ઞાન સ્ફુરાવજો; જય જય૦
આપપ્રતિ કરી અભિમુખ સઉને, આપ પદે સદ્ય સ્થાપજો,
જે શક્તિ ને ગુણથી ઇશરૂપ, થઇએ તે સઉ આપજો; જય જય૦
ખિન્ન હૃદય આ હસાવજો, કરુણાળુ પ્રભુ કહાવજો,
આપવિનાનું દૃસ્ય સકલ આ, ક્ષણમાં ઉરથી ભૂલાવજો; જય જય૦
તત્ત્વતણા મહામિષ્ટ સિંધુથી, તત્ત્વપીયૂષ પીવાડજો,
સવ કરણને ડુબાડી તત્ત્વે, આપના ગુણ ગવાડજો; જય જય૦
નિર્ભય ભવે વહાવજો, ઉર અભિમાન દહાવજો,
સત્વર સાચી સહાય દઇને, આપ સ્વરૂપ લહાવજો; જય જય૦
મંગલમય આ નૂતન વર્ષે, વિઘ્ન કલેશ સઉ ટાળજો,
નરહરિ પ્રભુ નિજ કૃપારશ્મિથી, જીવ હિમ આ ઓગાળજો; જય જય૦

શ્રી ઈશને વિજ્ઞપ્તિ.

પદ ૨ (આવજો આવજો જમુના ઘાટ—એ લય.)

દેજો, દેજો દીનને ઈશ, શુદ્ધ મતિ.
દોષતણા કોષો પ્રભુ દહીને,
કરજો નિરંતર સદ્ય,[૧] ઉચ્ચ ગતિ; દેજો૦
દશ્યાસક્તિ[૨] નાથ ત્યજાવી,
પ્રકટાવો આપમાં આજ, શુદ્ધ રતી;[૩] દેજો૦
રહેજો, રહેજો, નિત્ય સમીપ, વિશ્વપતિ.
તત્ત્વવિચારે વૃત્તિને જોડી,
રખાવો સમાન ભાવ, સર્વપ્રતિ; રહેજો૦
અજ્ઞાન કાપી, જ્ઞાનને આપી,
દુર્મતિની કરો નાથ ! પૂર્ણ ક્ષતિ;[૪] રહેજો૦
લેજો, લેજો, ચરણે ઈશ ! સ્વીકારી સ્તુતિ.
આપ સ્મરણમાં મન મતિ રાખી,
માગું કરો સ્વરૂપાભિન્ન,[૫] કરીને નતિ;[૬] લેજો૦
શાશ્વત[૭] શાંતિસ્થાનમાં સ્થાપી,
નૃહરિ પ્રભુ ટાળો, મુજ, જન્મમૃતિ;[૮] લેજો૦

શ્રી ઇષ્ટને મળવાને આતુર વૃત્તિના ઉદ્‍ગાર.

પદ ૩. (ગણજો પોતાનો જગદીશ, એ લય.)

મોહનને મળવા હું જાઉં,
નાથ વરવાને પ્રેમે હું ધાઉં;—
વસ્ત્ર શ્રદ્ધાનાં સજીને, શુદ્ધ બનું હું ઇષ્ટ યજીને,
પ્રેમભૂષણે શોભાઉં;—
સાચી ઉત્સાહસરિત્‌માંહી,[૯] આજ સર્વાંગે હું નાહી,
પ્રભુપ્રતિ અળપાઉં;—

---

૧ જલદી. ૨ જગત્પ્રીતિ. ૩ પ્રેમ. ૪ ક્ષય. ૫ જ્ઞાનરૂપ. ૬ પ્રણામ ૭ અખંડ. ૮ જન્મ મરણ. ૯ ઉત્સાહરૂપી નદીમાં.

શ્યામભુવન રમ્ય દીસે, શાંતિ વ્યાપી ત્યાં અતિશે,
પ્રવેશી શાંત ત્યાં થાઉં;—
શી પ્રભા આ દિવ્ય પ્રસરી, નાથ જોયા ત્યાં નૃહરિ,
દિવ્ય તેજે હું અંજાઉં;—
પ્રેમઅંજન[૧] જેણે આંજ્યાં, મધ્યકલિમાં તે વિરાજ્યા,
તેના બંધનમાં બંધાઉં;—
સર્વ તીર્થો જ્યાં રહ્યાં છે, વાક્ય શાસ્ત્રે એ કહ્યાં છે,
તે પ્રભુતીર્થે હું ન્હાઉં;—
નાથ મારા સુખરાશિ,[૨] તૃપ્ત કરી આ વૃત્તિ પ્યાસી,[૩]
વિષયસુખે ન લોભાઉં;—
હુંપણું આ અર્પી દીધું, જ્ઞાનઅમૃત આજ પીધું,
પી ને અન્યને હું પાઉં;—
તન્મય ત્યાં આજ થાઉં, ભિન્ન પ્રભુથી ના જણાઉં,
સિંધુમાં લહરી શમાઉં;—

आत्मदर्शन करनार वृत्तिना उद्‌गार.

પદ ૪. (કાશથી પેલી પાર છે હંસ સ્થાન તારૂં—એ લય.)

નિરખ્યું મેં આજે મારૂં સ્વરૂપ જે સઉથી ચારુ,[૪]
જીવપદ હાવે કર્યું ઉરથી મેં સમૂલ ન્યારું:[૫]
સદ્‌ગુરુકરુણાથી, ભ્રાંતિને ખોઈ,
સ્વરૂપપ્રદેશે રમી, ટાળ્યું આ મારૂં તારૂં;—
સ્વરૂપસરિતામાં, નિશદિન ખેલું,
પ્રીતે ન પીઉં હવે, વિષયનું જળ ખારૂં;—
કર્તાપણાનું ગાળી, હુંપણું આજે,
જે જે જ્યારે આવી મળે તેને ગણું હું સારૂં;—
શોક ક્રોધાગ્નિથી, હૃદય ન પ્રજળે,
આનંદે રહે નિત્ય, નિર્ભય આ મન મારૂં;—
જ્ઞાનભાનુ[૬] મારા અંતરે પ્રકટ્યો,
સ્વરૂપજ્યોતિથી, ટાળ્યું અંતરતણું અંધારૂં;—

---

૧ પ્રેમરૂપી આંજણ. ૨ સુખનો ઢગલો. ૩ તરસી. ૪ સુંદર. ૫ જુદું.
૬ જ્ઞાનરૂપી સૂર્ય.

જોયું સાચું સુખ, સચ્ચિતસ્વરૂપે,
દશ્ય સુખોની, કદી ઇચ્છા ન ઉર ધારૂં;—
નરહરિસ્વરૂપે, રહી ઓતપ્રોત હું,
ઇન્દ્રિય તન મન, સર્વસ્વ ત્યાં હું ઠારૂં;—

इष्टानुग्रहने अनुभवनार वृत्तिना हर्षोद्गार.

પદ ૫ (મારો વહાલો આવ્યો વેશ ધારી—એ લય.)

આજે મળીયા મોહન મને વહાલા,
જેણે હર્ષવડે પાયા પ્રેમપ્યાલા.
જેનું ચિંતન ને ધ્યાન કરૂં પ્રીતે,
દયા આણી એ આવીયા ઓચીંતે.
પ્રભુભક્તિતણા કુંડમાં હું નહાઇ,
ભક્તિ નવધાના રંગથી રંગાઇ.
પ્રેમભક્તિથી નાથ વશ કીધા.
મન માન્યાં અપૂર્વ સુખ લીધાં.
પ્રભુસાગરનું હું ઝીણું બિંદુ,
શમી તેમાં હું આજ બનું સિંધુ.
પ્રભુસ્નેહનું અમૂલ્ય રત્ન પામી,
બીજા સ્નેહનાં પ્રવાળાં દીધાં વામી.
મધુર આમ્રતણા[1] રસની હું ભોગી,
પીએ જેને કોઇક મહાયોગી.
પ્રભુકરુણાનો દિવ્ય રસ ચાખી,
રસરૂપ આપે બની રહું આખી.
જેને પ્રભુઅભિમુખ[2] સદા ભાળું,
તેને અચખ્યો[3] પ્રભુનો રસ આલું.
પ્રભુકરુણાના રસનો નથી ટોટો,
કોઇ ગાગર ભરે ને કોઇ લોટો.
પ્રભુવિમુખ પ્રભુકરુણા ન જોતા,
પ્રભુઅભિમુખ કરુણામાં નહાતા ધોતા.

---

૧ કેરીના. ૨ પ્રભુના તરફ. ૩ કોઇએ ચાખ્યો ન હોય એવો.

ઈશ્વરસાક્ષાત્કાર કરવા મનને બોધ.

પદ. ૬ (અંતર રે અહાહા, કરે— એ લય.)

મન વરરે, પ્રભુને, પ્રીતે પ્રણમીને આ વાર.
હાવે વાર કરીશ ના લગાર,
પ્રભુ વરવાને થા તું તૈયારરે, મન૦
અજ્ઞાનઅભાનરૂપી જે કચરો. અંતર વ્યાપ્યો અપાર,
શુદ્ધ પ્રયત્નની માર્જનીથી[૧] તેને, સત્વર ક્ષણમાં નિવાર રે, મન૦
વિવેકવિરાગાદિ પ્રકટાવજે, જે શુદ્ધ હૃદય કરનાર,
જ્ઞાનની જ્યોતિથી આજ તું કરજે, ઝળહળ હૃદયાગાર[૨] રે; મન૦
અનુપમ શ્રદ્ધાનું આસન પ્રીતે, પાથર ધરીને પ્યાર,
ચૌદભુવનપતિ પધરાવવા અર્થે, હન્મંદિર[૩] તું શૃંગાર રે; મન૦
અંતર ઉતરી ગુપ્ત રહેલો, ખોલ સામર્થ્યભંડાર,
દૈવી સંપત્તિના વસ્ત્રો સમજી લે, સજી સદ્‌ગુણઅલંકાર રે; મન૦
સાધનમાત્રનું ધન મૂકજે, તું ચરણે થઇને ઉદાર,
નૈવેદ્ય ધરજે સકલ મમત્વનું, મોહ આદિને સંહાર રે; મન૦
કંઠમાં આરોપી પ્રેમની માળા, વરી લે જગદાધાર,
ઉતારી ભક્તિની આરતી હેતે, પ્રભુમાં થા એકાકાર રે; મન૦
સંપૂર્ણ તૃપ્તિને પામીને હાવે, થઈ રહે સ્વરૂપાકાર;
આ ભવફેરે તું ભ્રમણ નિવારી, નિજ ઘરનું લહે દ્વાર રે: મન૦
નિર્લેપ[૪] રહી વ્યવહારવિષે તું, અંતર પ્રભુને સંભાર,
સ્થૂલસૂક્ષ્મ બધું પ્રભુમય જાણી, પ્રભુ જો તું અંતર બહાર રે; મન૦
જ્યાં લગી અનુભવે પ્રભુ નવ આવે, ત્યાં લગી ક્ષણ ન વિસાર,
જવ પ્રભુ તુજને આવી મળે તવ, તું જ પ્રભુ થાનાર રે; મન૦

શ્રદ્ધાનો અંતરમાં ઉદય કરવા શ્રી ઇષ્ટને વિજ્ઞપ્તિ.

પદ ૭ (ભક્તિ નવધા અમને વહાલી, એ લય.)

શ્રદ્ધા પ્રકટાવો ઉર સાચી, આજ પ્રભુ પ્રેમાળા રે,
અંતર શ્રદ્ધાશાંતિથી ભરજો, ટાળી અશ્રદ્ધાજ્હાળા રે;—
જ્ઞાન અને સામર્થ્યની અનુપમ જે મહાખાણ,

---

૧ સાવરણીથી. ૨ હૃદયરૂપી ઘર. ૩ હૃદયરૂપી મંદિર ૪ લેપાયા વિના.

શ્રદ્ધાહીન આ મન જુએ, કૂપરૂપે ભુલી ભાન,
હું અંધનું અશ્રદ્ધાપડળ વિલાવો, દયાર્દ્ર થઇ દયાળા રે;—
આપપ્રતિ જવ આવવા, બાંધું શ્રદ્ધાપૂલ,
અશ્રદ્ધા વાયુ થઇ, પાડે બની પ્રતિકૂલ,
અશ્રદ્ધા ઉગ્ર પ્રાણીને હણવા, દો શ્રદ્ધાના ભાલા રે;—
શ્રદ્ધાથી પ્રહ્લાદને, વશ થઈને પ્રભુ જેમ,
સ્તંભવિષે પણ પ્રકટીઆ, આણી અંતર પ્રેમ,
સ્તંભસમા આ જડ અંતરને, ચીરી પ્રકટોને પ્રભુ કાલા રે;—
શ્રદ્ધાકમલે બીડજો, મુજ ચંચળ મનભૃંગ,
મનપતંગ શ્રદ્ધાદીપે, બાળો અંગે અંગ,
(જેથી) શ્રદ્ધાપારણે મનબાળકને, ગવડાવું પ્રેમે હાલા રે;—
શ્રદ્ધા મુજ ઉર થઇ રહો, સાચો શુભ શણગાર,
શોભું શ્રદ્ધાવસ્ત્રથી, આપ થજો વરનાર,
મુજ બંધુરૂપ સત્ય પ્રેમને, કરજો, આપ પ્રભુના શ્યાલા[1] રે;—
જે વિણ દુઃખ અતિ ખમું, રહું હું આપથી દૂર,
તે શ્રદ્ધા પ્રકટાવતાં, કરો હવે ન અસૂર,
નરહરિ ! આપમાં શ્રદ્ધા પ્રકટતાં, જુદાં ન પ્રિયા ને વહાલા રે;—

श्री इष्टने दर्शन देवा अभ्यर्थना.

પદ ૮ (અમે તનુ અમારા નાથતણાં છે, એ લય.)

મેં યત્ન કર્યો સંતત અતિ પ્રેમે, ત્યજી આ દશ્યની પ્રીત;
નહિં આપ જણાયા ઇશ તેથી, આ વ્યગ્ર[2] થયું છે ચિત્ત; મેં૦ ૧
શ્રદ્ધા અતિ ધારી વિવિધ પ્રયત્ને ટાળ્યા મનના દોષ,
ધૈર્ય ધર્યું અદ્યાપિ મેં પણ, ત્યજો શું ના હજી રોષ ? મેં૦ ૨
અહં તજી અંતર્મુખ થઇ મેં, કરી વૃત્તિ ત્યાં લીન,
નહિ લહેતાં આપસ્વરૂપ ત્યાં મન, આ થયું અતિશય ખિન્ન; મેં૦ ૩
નિરતિશય[3] પ્રેમે ધર્યું નિરંતર આપનું હૃદયે ધ્યાન;
શું યથાર્થ તે ના થયું કે શું ના, ટળ્યું હજી અજ્ઞાન ? મેં૦ ૪

---

૧ સાળા. ૨ વિકળ—અકળાયેલું. ૩ અત્યંત.

થઇ વૃત્તિ વિકલ હવે સુઝે નહિં કંઇ અંતરમાંહી ઉપાય;
સ્ફુરાવો અંતર દિવ્ય જ્ઞાન કંઇ હૃદય શાંત આ થાય; મેં૦ ૫
હવે કરી કૃપા સત્વર પ્રકટો મુજ હૃદયે મમ નાથ;
દઇ દર્શન સ્વરૂપે સ્થિત કરશો ઝાલી રંકનો હાથ: મેં૦ ૬

દુઃખને નિવૃત્ત કરવાના ઉપાય.

પદ ૯ (વ્હાલા વેગે આવો રે—એ લય૦)

તત્ત્વવિચારો કરજે રે, દોષ સકલ આ હરજે રે. જોઇ ઉરે ઇશને હો જી,
દશ્ય સકલ આ, જાણી હવે હવે તું અસાર,—

નિજ આત્મા આરાધીને, થઇ રહે તું જીવ, રામ,
સાચા સુખના સાધીને,—ઉપાય, દુઃખ આ વામ,
વિશ્વમાત્રની છોડી દે, સ્પૃહા થઇને અકામ,
આ વિષય સમૂલ વિસરજે રે; જોઇ૦

નિજાત્મવત્[1] તું જાણજે, અંતર વિશ્વ સમસ્ત,[2]
સ્વરૂપે શમી લહી તૃપ્તિને, દશદિશમાં ફર મસ્ત,
કોટિ વિપત્તિથી પછી, થવો ન તુજ કદી અસ્ત,[3]
ભયથી કદી તું ના ડરજે રે;— જોઇ૦

વિચારને આચારમાં, મૂકજે તું સુખકાજ,
અશુભ વિચારો ત્યાગીને, તત્ત્વવિચારે રાજ,
તત્ત્વ ચિંતિને થઇ રહે, તત્ત્વસ્વરૂપ તું આજ,
નિજ સત્યસ્વરૂપ તું વરજે રે;— જોઇ૦

જ્ઞાનવિના સુખ ના કદી, જ્ઞાને રહ્યું સઉ સુખ,
જ્ઞાન સ્વરૂપનું પામવા, થા તું અંતર્મુખ,
પ્રકટ લહી ત્યાં નરહરિ, ટાળી જનિમૃતિદુઃખ,
તું અજરઅમર થઇ ફરજે રે;— જોઇ૦

---

૧ પોતાના આત્મા જેવું. ૨ બધું. ૩ આથમવું.

વિષયના ત્યાગપૂર્વક ઇષ્ટસ્મરણ કરવા મનને બોધ.

પદ ૧૦ (હે મન હાવાં હિમત ન હારજે—એ લય.)

મન તું આ વચનો શ્રવણ કરી, નરહરિ પ્રભુ યજ રે,
વિષયથી મમતાને ત્યજી, શુભ સદ્દગુણ સજ રે; મન૦
ક્ષણિક વિષયસુખ જાણવું, એમાં પ્રીતિ ન ધર રે,
હૃદયથી તિમિર નિવારીને, નિર્મલ ચિત્તવૃત્તિ કર રે; મન૦
સુખકર અમૃતને ત્યજી, વિષ પીવા શું દોડે રે,
કુંદનને ત્યજી કથિરને, શું તું લેતું કોડે[1] રે; મન૦
અમૂલ્ય ચિંતામણીને, ત્યજી, કાચકટકે તું રીઝે રે,
વ્યર્થ સમય શું વ્યતીત કરે, નામ પ્રભુનું લીજે રે; મન૦
ઇષ્ટસ્મરણ તને આપજે, વિષયોથી બહુ સુખ રે,
તેથી વિષયસુખ છાંડીને, રટ ગુરુ ગુરુ મુખ રે; મન૦
સમજી જાઇ ઝટ સાનમાં, ગ્રહી ગુરુથી કળ રે,
સન્માર્ગે તું વાધજે, મિથ્યા વલોવ ના જળ રે; મન૦
સત્સુખાર્થે શ્રી પ્રભુ ભજી, તેમાં તન્મય થાને રે,
વિશ્વાધિપતિ થઇશ તું, જો તું મારૂં આ માને રે; મન૦

શ્રીઇષ્ટના દર્શનાતુર શિશુની પ્રાર્થના.

પદ ૧૧ મહાડ.

આવો, આવો, હૃદયમાં નાથ, શિશુને દર્શન દેવા કાજ,
ઝાલો, ઝાલો, રંકનો હાથ, નહિ તો જાવી છે પ્રભુ લાજ.
અંતરમાં તો નિત્ય રહ્યા છો, તાવો કાં હજી વ્યર્થ,[2]
પડદેથી હવે પ્રકટ પધારો, દાખવી નિજ સામર્થ્ય;[3] શિશુને૦
મુજ કૃતિસામું આપ દયાળુ, જોશો નહિ લગાર,
સ્મરણ કરી પ્રભુ આપ મહત્તા,[4] પ્રસન્ન થજો આ વાર; શિશુને૦
આપવિના કોણ અન્ય કરાવે, આપનાં દર્શન ઉર,[5]
માટે આપને વિનવું હે વિભુ, પ્રકટો વિસરી કસૂર; શિશુને૦

---

૧ હોંસથી. ૨ નકામું. ૩ બળ. ૪ મોટાઈ ૫ અંતઃકરણ.

પ્રવેશવાને હૃદયસદનમાં, યોગ્ય કરો અધિકાર,
સાધનમાં ભાસે ન્યૂનતા, તો, બળ દો વિશ્વાધાર; શિશુને૦
જેમ જેમ આપની સમીપ હું આવું, તેમ શું અળગા થાઓ,
શું મુજ હાસ્ય કરો છો કે શું, મુજથી આપ રીસાઓ; શિશુને૦
દોષ હશે અગણિત પણ તેને, ગણી ન હે પ્રિય નાથ !
આજીજી આ અંતરની શુણી, દર્શન દો સાક્ષાત્; શિશુને૦

दृश्यचिंतनना त्यागपूर्वक आत्मचिंतन करवा मनने प्रबोध.

પદ ૧૨ (સર્વોત્તમ આ ઉપાય એક જ—એ લય૦)

આત્મસુખાર્થે બહિર[1] વિષયમાં, શું તું નિત્યે ધાય.
સ્વરૂપસુખ દૃશ્યે ના મળતું, દુઃખ પણ દૃશ્યથી ના ટળતું,
જીવત્વ ન ઉરથી કદી ગળતું,... ... ...
વિચારી તેથી હૃદયે જાજે, જ્યાં એ સુખ લહાય; આત્મ૦
દૃશ્યનું ચિંતન વિસરવું, ઇચ્છતો જો ભવથી તરવું,
હૃદયપદ્મે પ્રેમે સરવું,... ... ...
જીવત્વધર્મો ત્યાં નહિ પણ જ્યાં ચિતિઉદધિ[2] ઉભરાય, આત્મ૦
સ્વરૂપસુખ જે જન પ્રાપ્ત કરે, તે નહિ દૃશ્ય કદાપિ સ્મરે,
નિઃશંક નિર્ભય થઇ વિચરે,... ... ...
ક્લેશ દુઃખ કિંચિત્ ના પામે, જનિમૃતિ ભય ન જણાય; આત્મ૦
સાધકે દૃશ્યે નહિ જાવું વિચારી નિજપદમાં ધાવું,
ચિંતી ઇશ ચિન્મય થાવું... ... ...
આપે નૃસિંહસ્વરૂપ બની રહેતાં, ભેદ ન લેશ કળાય; આત્મ૦

इष्टने वंदन.

પદ ૧૩. (નમું ગાદે ગિરિજાપતિને—એ લય.)

નમીયે, નમીયે, વિભુ વિશ્વાધાર.
ઈપ્સિત[3] આપો, દોષ સકળ આ, ઉરના સત્વર ટાળી,
વૃત્તિ વાળી, સ્વરૂપે ઢાળી, આણો ભવજલપાર—નમીયે૦

---

૧ બહાર. ૨ ચૈતન્યરૂપી સમુદ્ર. ૩ ધારેલું.

આપ અનુગ્રહ[1] થાય, ભવસિંધુ તરાય, સત્ય સુખ પમાય,
હૃદયે શાંતિ છવાય,
તેવો અનુગ્રહ નિશદિન કરીને વૃત્તિ સુધારો સ્વામિ !
સુખ પામી, સ્વરૂપે જામી, રહીએ નિર્વિકાર[2]—નમીયે૦
આપ જ છો આધાર, સર્વ શુભ કરનાર,
સંતાપ હરનાર, કરી પાપ સંહાર,
જ્ઞાનાગ્નિ[3] ઉરમાં પ્રકટાવી, હિમઅજ્ઞાન[4] નિવારી,
શરણે ધારી, હૃદય પધારી, સુખનો કરો પ્રસાર;—નમીયે૦
આણી અંતર પ્રીત, કરજો સદા હિત,
સર્વ સ્થળે સચ્ચિત, જોઇએ થઇને અભીત,[5]
સર્વ સિદ્ધિપ્રદ[6] હસ્ત આપના, સઉ શીર્ષે પ્રભુ સ્થાપી,
મળ કાપી, ફળ આપી, કરો સ્વરૂપાકાર—નમીયે૦
અવગુણ છે અગણીત,[7] પ્રભુ છીએ પતિત,[8]
કરો હવે પુનિત,[9] આપ ધ્યાને રહો ચિત્ત,
જે ધ્યાને ભયદુઃખાદિ ને, જન્મમરણ વિલાતાં,[10]
કલેશ જાતા, થાય શાતા, નૃહરિ (એ) વિજ્ઞપ્તિ સાર—નમીયે૦

સ્વરૂપમાં શમવા મનને સુબોધ.

પદ ૧૪. (કોઇ થાઓ નિજરૂપસંગી—એ લય.)

શમી જા સ્વરૂપે પ્રીતથી, છાંડી પ્રીત અનિત્યથી;[11]—શમી૦
જે સુખ મેળવવા થકી, રહે પ્રાપ્તવ્ય[12] ન કાંઇ,
ધનવૈભવ આદિ તણી, ત્યાં નહિ રહેતી નવાઈ; હાં શમી જા૦
જે સુખ મેળવવા સદા, દેવાદિક સઉ જન,
આત્મસરે[13] પ્રીતિવડે, નિત્ય કરે નિમજ્જન;[14] હાં શમી જા૦
દુર્લભ સુખ સ્વરૂપનું, મળ્યે ન આ ભવબંધ,
અસત્ય, જડ, દુઃખ ત્યાં નથી, જ્યાં સચ્ચિત્ આનંદ; હાં શમી જા૦

---

૧ કૃપા. ૨. વિકારવિનાના. ૩ જ્ઞાનરૂપી અગ્નિ. ૪ અજ્ઞાનરૂપી બરફ. ૫ બિકવિનાનું. ૬ સર્વસામર્થ્યવાળા. ૭ બહુ. ૮ પાપી. ૯ પુણ્યશાળી. ૧૦ નાશપામતાં. ૧૧ જગત્થી. ૧૨ મેળવવાયોગ્ય. ૧૩ આત્મરૂપી સરોવર. ૧૪ ડુબકી મારે.

પુનઃ પ્રસંગ નહિ મળે, કરી લે એ સુખ પ્રાપ્ત,
સમીપ અતિશય જે સદા. છે તુજ હૃદયે વ્યાપ્ત; હાં શમી જા૦
યથાર્થ સાધન સાધીને, કરીને શુદ્ધ પ્રયત્ન,
હૃદયે ઉંડા ઉતરી, મેળવ અનુપમ[૧] રત્ન; હાં શમી જા૦
સચ્ચિતિ નૃહરિને સ્મરી, થઇ તેમાં તન્મય,[૨]
હૃદયે જઈ સ્વરૂપે શમી, થા તું ઝટ ચિન્મય;[૩] હાં શમી જા૦

સંસારાસક્તિ ત્યજવા અને સ્વરૂપાસક્તિ સજવા ઉપદેશ.

પદ ૧૫. (નથી આ તનુનો કાંઇ વિશ્વાસ—એ લય.)

નિત્ય સ્વરૂપે કરજે વાસ, ચિતિમાં જા મળી રે,
ક્ષણિક આ સુખનો કરી વિશ્વાસ, ન તેમાં જા ભળી રે,
ન તેમાં જા ભળી રે, જીવત્વે ના ગળી રે,
સંસ્તિસુખમાં[૪] પ્રીતિ ધરી જન, દુઃ...ખી થતા,
કાચ ગ્રહે જે ઉવેખી[૫] મણિ તે નિ...ર્ધનતા,—
પામે, થાય નિરાશ; નિત્ય૦

અનુકૂલતા તુજને સદા છે. તેથી યત્નો આદરી,
સુખોદધિ[૬] પ્રભુમાં શમીને, જા ભવેથી ઉદ્ધરી,[૭]
ધનધામની પ્રીતિ ત્યજીને ભક્તિ કરી પ્રભુને વરી,
આ સ્પર્શમણિરૂપ નરતનુથી, અર્થસિદ્ધિ[૮] લે કરી, નિત્ય૦

નિજપદ અર્થે સાધન સાધી, દો...ષો દહી,
સુખ લે સ્વરૂપે જઇને નિત્યે શાં...તિ લઇ,
કરી ષડ્રિપુનો નાશ; નિત્ય૦

છે સ્વપ્નવત્ આ સંસ્તિ, એવું તું મનમાં જાણીને,
તેથી પ્રભુમાં વૃત્તિ રાખી, વિષયથી લે તાણીને,
અસ્થિર સુખથી સત્ય સુખ ના, આવતું એ પ્રમાણીને,
નૃહરિપ્રભુથી રહી અભિન્ન, શમાવ ત્યાં મનવાણીને, નિત્ય૦

---

૧ બહુજ સુંદર. ૨. એકતાર. ૩ ચિતિમય. ૪ સંસારના સુખમાં.
૫ છોડી, ૬ સુખના સમુદ્ર ૭ તરી. ૮ ઉચ્છાની સફળતા.

ઈશ્વર સ્મરણ કરવા જિહ્વાને શિક્ષા.

પદ ૧૬, (વિચરે મહાપદ્મમાંહિ જે—એ લય.)

રસને[1] ! રટી લે પ્રીતથી. મન સૃષ્ટિપતિ,
રસને, ગુરુમુખશબ્દથી, તુજ હૃદય અતિ;
દધિને મથતાં[2] નવનીત[3] નીકળે, (તેમ) કરીને હૃદયમંથન,
મેળવ તું ચિતિદ્યુતિ; રસને૦
સાચું સુખ જે ગૃહમાં મળતું, મળે ન ભટકયે વન,
માટે જા તું હૃદયપ્રતિ, રસને૦
દશત્સમાન[4] આ દશ્ય ગણીને, તેમાં ન ધર પ્રીત મન !
કરી લે સ્વરૂપે રતિ;[5] રસને૦
વિષયપ્રીતિને સમૂલ શમાવી, વસ જઇ બ્રહ્મસદન,[6]
તરી જશે તું સંસૃતિ; રસને૦
હૃદયમાં જઇને આત્મઅન્ન તું, કરજે નિત્ય આશન,[7]
ક્ષુધાની[8] થાશે ક્ષતિ;[9] રસને૦
પ્રભુના પદને મેળવવાને, યત્ન કરે સઉ જન,
(તે) મેળવ, એવી શુદ્ધ કૃતિ; રસને૦
શુદ્ધ વિચારના કુંડમાં નિત્યે, જઇ કર નિમજ્જન,
થશે જેથી ઉચ્ચ ગતિ; રસને૦
જીવપદલોહને પ્રભુના પદને, સ્પર્શી કર કાંચન,
ટળે જેથી જન્મમૃતિ;[10] રસને૦
ઉચ્ચ ગુણોને નિશદિન સ્થાપી, અવિદ્યા ધર્મને ઉરથી કાપી,
માની આ સદ્ય વચન, સ્મરી ભગવન, પ્રભુઆનન,
જોઇ થા તું ઝટ ચિત્પતિ;[11] રસને૦

સ્વરૂપની ભાવના સેવતી વૃત્તિના ઉદ્ગાર.

પદ ૧૭. (નિજ સ્વરૂપે જેની વૃત્તિ શમી છે—એ લય.)

મન મારૂં જ્યારે જ્યાં ત્યાં સ્વરૂપ નિહાળે,
સ્વરૂપ નિહાળે ત્યારે અન્ય ન ભાળે; મન૦

---

૧. વલોવતાં ૨ માખણ. ૩ ચિતિનો પ્રકાશ. ૪ પથ્થર જેવો. ૫ પ્રેમ. ૬ ઇશ્વરનું થાય. ૭ ખાવું. ૮ ભુખની. ૯ નાશ. ૧૦ જન્મ મરણ. ૧૧ ઇશ્વર.

રાગદ્વેષાદિ ઉપજે નહિ, જવ રહું સ્વરૂપે લીન,
આવે વિકટ પ્રસંગ તોપણ, વૃત્તિ થાય ન ખિન્ન: જ્યાં૦
શાંતિ, પ્રેમ, ઔદાર્ય પ્રકટે, પ્રકટે નહિ ભયદુઃખ,
નિશદિન શાંતિ હૃદયે વ્યાપે, સર્વત્ર ભાસતું સુખ; જ્યાં૦
સર્વ સ્થળમાં, સર્વ દશ્યે, જોઉં યદા[1] ચૈતન્ય,
વિવર્ત[2] સત્યરૂપે જણાતાં, લેખું મુજને અનન્ય;[3] જ્યાં૦
સર્વપ્રતિ સમભાવ સજ્યાથી, થાય નહિ કદી ક્લેશ,
ઉરમાં નિર્ભય થઇને વિચરૂં, શોક ન હૃદયે લેશ; જ્યાં૦
સ્વરૂપે વૃત્તિઓ શમાવી, જોઉં નૃહરિ સઉ ઠામ,
નૃહરિ પ્રભુથી અભિન્ન થઇને, થઈ રહું પૂર્ણકામ,[4] જ્યાં૦

आरंभक अभ्यर्थना.

પદ ૧૮. (સચ્ચિતિ નૃહરિમહેશ—એ લય.)

જય યતિમુનિઋષિધ્યેય,[5] સ્તવીએ, જય સાધકજનજ્ઞેય. [6]
નિગમાગમમાં[7] આપ ગવાયા, શાંતિસુધાકર વિશ્વે મનાયા.
અર્પો ઉરે જ્ઞાનભાણુ,[8] આવે વિમલ બુદ્ધિ, વાણુ,
યાચીએ એ જગત્ત્રાણુ,[9] હૃદયમાંહિ વ્યાપી,
જીવપદ હરી પ્રભુ શિવપદે સ્થાપી, કરજો સાધકશ્રેય;—
નિજપદ દો જે છે સુખદાઇ, તે વિણુ ઇચ્છા હૃદયે ન કાંઇ,
ટાળો ઈશ ! અઘ સમસ્ત, જેથી થઇએ સર્વ મસ્ત,
સ્થાપી શીર્ષે વરદ[10] હસ્ત, શ્રેષ્ઠ કરો, પાપી,
મંગલમય સમયે પ્રભુ વદીએ, દેજો નરહરિ દેય[11];—

हृदयस्थ इष्टप्राप्ति दर्शन देवाअर्थे प्रार्थना.

પદ ૧૯. (આ તત્ત્વવિચારવિના—એ લય.)

અંતરપટ ખોલી, ઝટ પ્રભુ વિરહ વિલાવો,
રહી અંતરમાં શું નિશદિન બહિર ભ્રમાવો.
સુખશાંતિ નિત્ય જણાયે, અજ્ઞાન ઉરેથી વિલાયે,

---

૧ જ્યારે ૨ દશ્ય ૩ અભિન્ન ૪ તૃપ્ત ૫ યતિ-મુનિ ઋષિ જેમનું ધ્યાન કરે છે—તે ઈશ્વર. ૬ સાધીકાને જાણવા યોગ્ય તે ઇશ્વર. ૭ વેદશાસ્ત્રમાં. ૮ જ્ઞાનરૂપી સૂર્ય. ૯ જગત્‌ને તારનાર. ૧૦ માગ્યું આપનાર. ૧૧ આપવા યોગ્ય.

મુખથી ગુણ આપ ગવાયે,
ઈશ એવી યુક્તિ બતાવો. રહીં૦
પ્રભુ સાધનનૌકા[1] અમારી સીધી ચલાવો,
ખઈ જ્ઞાન દઈને બતાવો દૈવી પ્રભાવો,
અણુઅણુમાં આપ જણાઓ, હવે અધિક ન દૂર છુપાઓ,
આપ દિવ્ય વદન દર્શાવો,[2]
નિજ જનને ના અથડાવો; રહીં૦
અપરોક્ષ[3] રહીને સ્વાર્થ પરાર્થ સધાવો,
ગતિ ઊર્ધ્વે[4] દઈને, બ્રહ્મે વૃત્તિ ઠરાવો,
હવે નાથ અધિક શું કહીએ, આશ્રિતથી અભિન્ન થઈએ,
ભિન્નત્વ[5] ક્યાં સુધી સહીએ,
નિજપદમાં આજ શમાવો; રહીં૦

इष्टदर्शननिमित्त करेला निश्चयवाळो पुरुष धन्य छे.

પદ ૨૦. (મુજ પરમપિતા ચિત્ત ધરજો રે, વિનતિ મારી—એ લય.)

પ્રભુ જોવા નિશ્ચય કીધોરે, ઉરમાં જેણે,
જે વિશ્વે ક્રોથી ન બ્હીધોરે, તનુ ધર્યું તેણે.
કાચ ત્યજીને રત્ન ગ્રહેવા, જે વૃત્તિ ઉર ચહાય,
દુઃખ ગમે તેવું શિર આવે, (પણ) સન્નિશ્ચયે વહાય રે, પ્રભુ૦
પૂર્વે ધ્રુવ પણ એ નિશ્ચયથી, ધન્ય ધન્ય કહેવાય,
અનેક કષ્ટો વેઠ્યાં તો એ, નિશ્ચયથી ન ડગાય રે; પ્રભુ૦
શ્રો ને દુઃખ અનેક પડે પણ, કિંચિત્[6]ના ગભરાય,
સુખસમ ગણી લે નિત્યે જે જન, તે જ પ્રભુપદ ધાય રે; પ્રભુ૦
ત્રિભુવન સન્મુખ થાય ભલે ને, આગ્રહથી ન ચળાય,
વિપત્તિ વેઠે સ્મરણ ન છોડે, પ્રભુજી તો જ પમાય રે; પ્રભુ૦
ભયદુઃખાદિ તેને દહે નહિ, જે જોઇ પ્રભુ મલકાય,
તુચ્છ[7] ગણે વૈભવ ને ભોગો, વિષયથી દૂર પળાય રે; પ્રભુ૦

---

૧ સાધનરૂપી હોડી. ૨ બતાવો. ૩ છુપા. ૪ ઉંચે. ૫ જુદાપણું.
૬ લગાર. ૭ હલકા.

દુઃખ પડે પણ જેહ વિચારે, (કે) કસોટી કરે જગરાય,
ઈપ્સિત વસ્તુ અંતે પામે, તેની સ્તુતિ ઉચ્ચરાય રે; પ્રભુ૦
હૃદયે જઈ ચિંતિતરવે વિરમી,—જે જનથી રહેવાય;
ધન્ય જીવિત છે તેનું વિશ્વે, નરહરિરૂપ તે થાય રે; પ્રભુ૦

हृदयस्थ ध्येयस्वरूपनी प्रतीति थतां वृत्तिना हर्षोद्गार.

પદ ૨૧. (આલિંગી નાથ આજે—એ લય.)

નિહાળી ઇષ્ટ અંતરે, આ વૃત્તિ મલકાય છે,
આ વૃત્તિ મલકાય છે, આજે ઉર હરખાય છે; નિહાળી૦
જે કષ્ટ સર્વ ભાજે[1], તે ન્યાળી[2] ઇષ્ટ આજે,
એ જ્ઞાનાધીશ જોતાં, અજ્ઞાન વિલાય છે; નિહાળી૦
જે પ્રાપ્તિઅર્થે નિત્યે, પ્રયત્ન કરે પ્રીતે,
રહે જે દૂર નિત્યે, તે નિકટ જણાય છે; નિહાળી૦
જે 'નેતિ' કહેવાયે, જે વેદમાં સ્તવાયે[3],
તે ઇષ્ટતણા પ્રેમે આ અંતર ઉભરાય છે; નિહાળી૦
તે ઇષ્ટને જ જોઈ, વૃત્તિ રહે ત્યાં મ્હોઇ,
આ દશ્યભાન ખોઈ, ધ્યાતા ધ્યેયે ધાય છે; નિહાળી૦
જોઇ પ્રકટ સ્વામી, આ વૃત્તિ શાંતિ પામી,
ઇષ્ટગુણમાળા અંતર ફેરવાય છે; નિહાળી૦
અદ્યાપિ[4] હતી દીન, આજે થઇ પ્રસન્ન,
જીવત્વ ટળી ક્યાં જે, સ્વરૂપે શમાય છે; નિહાળી૦

अनित्यमांथी प्रीतिने त्यजी प्रभुपदमां प्रेम धरवा जीवप्रति उपदेशवचन.

પદ ૨૨ (પ્રભુ પાસે, સુખ ભાસે, ગ્રહે તે—એ લય૦)

સુખ થાશે, જીવ ધાશે, પ્રીતે તું, નિત્યે તું, સચ્ચિતિમાં શમાશે,
આમ્ર ત્યજીને ઇન્દ્રવારણે, જો તું મલકાશે, તો ભુખે અટવાશે, સુખ૦
સુખપ્રદપ્રભુમાં જો તું શમાશે, ભવથી ઉગરાશે, ના પુનઃ અથડાશે; સુખ૦

૧ ભાગે. ૨ જોઇ. ૩ સ્તુતિ કરાય. ૪ હજુસુધી.

પડી રહ્યે ભવકૂપ,[૧] અનુપમ સુખ ના આવતું,
મહાન્ ઉદધિ–સ્વરૂપ,--વિષે પડયે બહુ ફાવતું,
તેથી જો તે માંહિ નવાશે, દોષો વિલાશે, પ્રભુમાં ભળાશે; સુખ૦
દશ્ય વસ્તુ ના નિત્ય,[૨] સ્વરૂપસુખને આપતી,
સ્વરૂપચિંતને પ્રીત, કરતાં સુશાંતિ વ્યાપતી,
ધ્યાને રહે તો સુખી થવાશે, પ્રભુ જો ઉચ્ચરાશે, ના જાળે તું ફસાશે; સુખ૦
બીજ ન ઉગે લેશ, કદાપિ ઝંઝાવાતથી,[૩]
કાગળફુલ કદી બેશ,[૪] ગંધ હરે ન સુવાસથી,
નિજપદમાં સુખથી સોહાશે, ચિન્મય થવાશે, અવિદ્યા આ દહાશે; સુખ૦
દશ્યપ્રીતિ છે જ્યાંય, સાચું સુખ ન લગાર છે,
(તેથી) વૃત્તિ સ્વરૂપની માંહ્ય, રાખી દશ્ય વિસારજે,
રેતી ગ્રહી શું સ્વાદ પમાશે, ભ્રમથી ભટકાશે, માધુર્ય ન ચખાશે; સુખ૦
સચ્ચિત્ પ્રભુમાં લીન, થાવું–વિષયે ના પચી,
થઇ પ્રભુપદજળમીન, મસ્તીમાં રહેજે મચી,
(તો) નૃહરિ પ્રભુમાં જઇ અળપાશે,[૬] ધાર્યું કમાશે, જ્ઞાનામૃત પીવાશે; સુખ૦

પોતાના સ્વરૂપપ્રતિ લક્ષ કરવા જીવને સૂચના.

પદ ૨૩.

વિચાર તું વારંવાર, ક્યાંથી અહિં આવ્યો રે,
ક્યાંથી અહિં આવ્યો, તને કોણે છે ફસાવ્યો રે.
કોણ તું ને શું સ્વરૂપ છે તારૂં, વિચાર હૃદયે હરી અંધારૂં,
નિત્યના આ દુઃખપથે[૭] કોણે તને ભમાવ્યો રે; વિચાર૦
મૂળ રૂપ તારું સુખદાઈ, જ્યાં ઐશ્વર્યની નથી નવાઈ,
જીવપદના અજ્ઞાને તને છે ભુલાવ્યો રે; વિચાર૦
તારામાં કયું તત્ત્વ પ્રકાશે, કોના બળથી તું આ ભાસે,
કયા તેજે તારો હૃદયમહેલ આ દીપાવ્યો રે; વિચાર૦
અંતર ઉતરી કરશે વિચારો, જણાશે ન પ્રભુથી તું ન્યારો,
સઉ સામર્થ્ય તુંમાં, ઇશ્વર તું કહાવ્યો રે; વિચાર૦
આરોપિત[૮] આ જીવત્વ ખોટું, સાચું આત્મસ્વરૂપ તુજ મોટું;

---

૧ સંસારરૂપી કુવો. ૨ સત્ય. ૩ ઝાંઝવાના પાણીથી. ૪ સારૂં.
૫ મીઠાશ. ૬ શમાશે. ૭ દુઃખને રસ્તે ૮ ઢોકી બેસાડેલો, કલ્પેલો.

જાણે તોએ જીવભાવ ઉરે કાં સ્ફુરાવ્યો રે; વિચાર૦
સર્વશક્ત તુજ સ્વરૂપ તોયે, તે વિસરી કાં જીવત્વ જોયે,
લોભી, દુઃખી, દરિદ્રિ, વિચાર ક્યાંથી લાવ્યો રે; વિચાર૦
ખોટું આ જીવભાન વિલાવી, તુજ વાસ્તવ સ્વરૂપ સ્ફુરાવી;
ત્યજ અલ્પજ્ઞત્વનો વિચાર જે દઢાવ્યો રે; વિચાર૦
તુંથી અભિન્ન સ્વરૂપ જોજે, તન્મય થઇને ત્યાં તું રહેજે,
સુખપ્રદ[1] શ્રેષ્ટ[2] માર્ગ આ તને બતાવ્યોરે; વિચાર૦

आरंभक स्तुति.

પદ ૨૪ (પુનઃ પુનઃ પ્રણતિ—એ લય.)

જય જય નરહરિ ! આજ, સ્તવીએ, નમીએ, શિશુસમુદાય.
અવિચલ સુખ પમાય, વિઘ્નો સઉ દૂર પળાય,
મહિમા જેનો વેદે ગવાય, નેતિવિણુ કંઇ ના ઉચ્ચરાય;—
અકલિત સ્વરૂપ ન કોથી કળાય, વાણીવડે નહિ જે વર્ણાય;—
જોતાં કર્તારૂપ જણાય, તદપિ અકર્તાસમ કહેવાય,—
જ્યાં જ્યાં મંગલ નામ સ્મરાય, ત્યાંથી ષટ્ શત્રુ અળપાય;—
તનમનબળની દેજો સહાય, જેથી ઉત્તમ કાર્ય સધાય;—
જે વિધિ આપ કૃપા લહેવાય, દર્શાવો તે કળ ગુરુરાય;—
કૃતઘ્ન અજ્ઞ શિશુથી વદાય, શુણી પ્રસન્ન થાજો ઉરમાંય;—
જે થકી હૃદયતિમિર વિલાય, જ્ઞાનપ્રકાશ કરો દુઃખ જાય;—
આપ સ્વરૂપે વૃત્તિ શમાય, દશ્યે પુનઃ પ્રભો ! નવ ધાય;—
નેતા[3] થઈ દોરવજો ત્યાંય, જ્યાંથી પુનઃ પતન નવ થાય;—
એ જ યાચીએ સર્વ સદાય. અર્થદ ![4] પ્રણમી આપને પાય;—

इष्टदर्शनार्थ अंतर्मुख थवा प्रयत्न करवा आमंत्रण.

પદ ૨૫. (પ્રેમે સાધીએ સાધન જોઇએ—એ લય.)

આજે રોધીને આ મન, જોવા નૃહરિઆનન,[5]
ચાલો અંતરમાં જઇએ, જેથી થઇએ પ્રસન્ન; આજે૦

---

૧ સુખનો. ૨ ઉત્તમ. ૩ દોરનાર. ૪ ઇચ્છિત આપનાર. ૫ નૃહરિમુખ.

ઉન્નતિ અંતરની કરીએ, પ્રથમ જેની અગત્ય,
છોડી ચિંતા સકલ આજે, નીરખવા રૂપ સત્ય;–
નિશ્ચય દૃઢ ધારી કરીએ, ઊર્ધ્વે ગમન;– ચાલો૦
ઉતરીએ અંતરમાં સર્વે, સ્મરી ગુરુઆદેશ,[૧]
સ્વરૂપગુણને સેવી ત્યજીએ, ભ્રાંતિ ભય ને કલેશ,
શુદ્ધ કૃતિ કરીને નીરખીએ, રૂપ સચ્ચિદ્દઘન; ચાલો૦
ઇષ્ટથી ઉપદિષ્ટ ક્રમને, સાધીએ સુખકાજ,
જેથી અંતર શુદ્ધ થાતાં, જોઇએ મહારાજ,
મલ તથા વિક્ષેપ ટળતાં, જોઇએ નૃહરિ નયન; ચાલો૦

इष्टमां रमण करती वृत्तिना उद्गार.

પદ ૨૬ (જ્યારે રહું હું સ્વરૂપ વિચારી–એ લય.)

પ્રિયતમ પ્રભુમાં વૃત્તિ મારી, લાગી નિશદીન રહે નવ ન્યારી,
આસપાસ નવ કાંઇ નિહાળે, માત્ર મસ્ત રહે સ્વરૂપ વિચારી.
હું તું મારૂં રહે નહિ મનમાં, સમદષ્ટિ[૨] રહેતી સઉ જનમાં,
ચેટિ લક્ષણા[૩] પ્રભુદર્શનમાં, હૃદયે જોતી ધારી ધારી; પ્રિયતમ૦
જણાય કદી વિષયોમાં ભ્રમતી,[૪] પણ નથી તેમાં કદી તે પચતી,[૫]
હૃદયે જઇને હરિમાં શમતી, જનિમૃતિનો ભય ઉરથી દારી;[૬]– પ્રિયતમ૦
દશ્યતણું સ્ફુરણ તે ભૂલતી, કાપી સર્વ અવિદ્યા મૂલથી,
સર્વસુખાસ્પદ પ્રભુમાં ઝુલતી, દ્વૈતભાન આ સમૂલ[૭] વિસારી; પ્રિય૦
પ્રયત્ન કરતા સઉ (જે) સુખકાજે, (તે) જ્ઞાનસહ અનુભવાતુ આજે,
સત્યસ્વરૂપ ઉર પ્રકટ વિરાજે, ઉરના રજતમ દોષ નિવારી; પ્રિયતમ૦
અનવધિ હર્ષ અંતરમાં માણે, પ્રિયતમ પ્રભુને અંતર નાણે,
સમર્થ કરવા સર્વ એ જાણે, લાવી ચિતિસ્વરૂપ ખુમારી; પ્રિયતમ૦
નિર્ભયતાસહ સઘળે વિચરે, અષ્ટ પ્રહર હરિમુખથી ઉચ્ચરે,
નરહરિ જોતી આ ચરઅચરે, હરિદષ્ટિ સર્વત્ર પ્રસારી; પ્રિયતમ૦

---

૧ ગુરુની આજ્ઞા. ૨ સમાન નજર. ૩ વૃત્તિ. ૪ ફરતી–ભટકતી. ૫ રમત. ૬ કાઢી નાંખી. ૭ એક વસ્તુને બે રૂપે જોવી તે.

केवा मनुष्यो धन्य छे.

પદ ૨૭ (તીવ્રેચ્છા સુખસાધન—એ લય.)

પુરુષાર્થ કરીને અનુપમ, જે લહે પ્રભુ સર્વોત્તમ,
વ્યવહારે રહીને નિર્મમ,[1] સ્વરૂપે વિલાવે અહમ.
આ દશ્યે દ્રષ્ટા[2] રહીને, અનુભવનું જ્ઞાન ગ્રહીને,
હિત પ્રાણિમાત્રનું ચહીને, નિજ ક્રમમાં નિત્ય વહીને,
જે સ્થિતિ આવે તે માની લે હિતતમ,
તે પ્રતિ રહેતા પ્રભુ સદા પ્રસન્ન પરમ[3]— પુરુષાર્થ૦
વાસ્તવ સુખને દેનારી, કયી કળ તે હૃદય વિચારી,
તે શોધી થઈ અવિકારી, લહી અંતર વિશ્વવિહારી,
કર્તવ્યસિદ્ધિસુધી, પાળે સર્વ નિયમ,
તે ઈશ્વિરમય થઇ રહેતો ટાળી ભ્રમ;— પુરુષાર્થ૦
નિજ સ્વાર્થી વિચાર મોડી,[4] પરહિત કરતો જે દોડી,
પરનિંદાદૂષણ[5] છોડી, ચિત્ત રાખે ગુરુમાં ચોંડી,
તેને થઇ રહે સાધવું, નિજ શ્રેય સુગમ,
જે અર્થે આચરતા મહાજન, બહુ શ્રમ;— પુરુષાર્થ૦
નરહરિનું ચિંતન કરીને, દૈવી બળ તનુમાં ભરીને,
પી તત્ત્વપીયૂષની[6] ઝરીને,[7] સકલાર્થ સાધી લહે હરિને,
માનવતનુમાં તે જન છે પુરુષોત્તમ,
છે ધન્ય તેહ જન, ગણાય અન્ય અધમ;—પુરુષાર્થ૦

स्वरूपानुभव करवा शिक्षा.

પદ ૨૮. (તનુ આ મંદિર વિશ્વનાથનું રે હાં હાં–) એ લય.

પ્રેમે તું જોઇ તારા રૂપને રે હાં હાં હાં.
જ્ઞાન ગ્રહીને ઉરમાંહ્ય, ભજી ઈશને,
અતુલ આનંદમાંહિ મ્હાલજે રે હાં હાં હાં.
સત્ય સ્વરૂપ તારૂં વિસરી રે હાં હાં, મિથ્યા કલેશે તું શું શેકાય; ભજી૦
સત્ય વિચારો કર અંતરે રે હાં હાં, ઈશદર્શને જે કરે સહાય; ભજી૦

---

૧ મોહથી રહિત. ૨ જોનાર. ૩ બહુજ. ૪ છોડી. ૫ પારકી નિંદારૂપ દોષ. ૬ તત્ત્વરૂપ અમૃત. ૭ ઝરણું.

દોષો તું વ્યર્થ ઉરે કલ્પીને રે હાં હાં, દોષરૂપ કાં તું થતો જાય; ભજી૦
નવનીતજેવું તુજ સ્વરૂપ છે રે હાં હાં, ચુનાજેવું દશ્ય આ ગણાય; ભજી૦
દશ્યને ભજ્યે તું તાપમાં તપે રે હાં હાં, સ્વરૂપે શમતાં તું સુખી થાય; ભજી૦
(તેથી) ઇષ્ટપદે તું સ્નેહ અર્પજે રે હાં હાં, જીવત્વલોહ આ ગળાય; ભજી૦
જ્ઞાન રહ્યું જે તારા અંતરે રે હાં હાં, તે અર્થ બહિર શું તું ધાય; ભજી૦
હૃદયમંદિરમાં પ્રવેશજે રે હાં હાં, નૃહરિદર્શન જ્યાં કરાય; ભજી૦
કૃતકૃત્યપથા તું જોઇ સ્વરૂપને રે હાં હાં, (જે) સત્ય તથા ચિન્મય લહાય;ભજી૦

સ્વસ્વરૂપે સ્થિત થવા નિરોધ સાધવા ઉપદેશ.

પદ ૨૯. (મન હવે, ન કાયર થાજે એ લય.)

સ્થિર થઇ, સ્થિર થઈ, સ્થિર થઇ, પ્રભુને ધ્યાજે,[1]
સ્વરૂપે સ્થિત થાવા કાજે.
જે શીર્ષે સબળ વિરાજે, તે ગુરુના ગુણ તું ગાજે;—
જે નિગમાગમે[2] ગવાયા, જનિમૃતિભંજન[3] કહેવાયા,
સ્મરી તે ઇષ્ટ, રહ્યા અવશિષ્ટ,[4] દોષ જે કિલષ્ટ, ત્યજી પદ ધાજે;—
બાહ્યાંતર[5] ગુરુવર ન્યાળી, તેમાં તુજ વૃત્તિ વાળી,
જોઇ ચિતિરૂપ, સુખ જે અનુપ,[6] લઇ ભવકૂપ, પડી ન પસ્તાજે;—
મિથ્યા જીવની જે ભ્રાંતિ, કાપી જો આત્મજ્યોતિ,
તેમાં લઇ લીન, ન રહી પરિચ્છિન્ન, થઇને અભિન્ન, હરિમય થાજે;—
અજગલસ્તન[7]સંસૃતિ જાણી, તેમાં ના સત્સુખ માણી,
સુખદપદ જેહ, નૃહરિનું તેહ, ત્યજી સંદેહ, અમર થા આજે;—

સ્વરુપસુખાર્થે ઇષ્ટપ્રતિ પ્રાર્થના.

પદ ૩૦ મું.

આજ સ્વરૂપમાંહિ પ્રભો ! મનમતિ ઠરાવજો,
મનમતિ ઠરાવજો, અહંપણું વિલાવજો;—
ભુલવજો આ દશ્યભાન, પ્રકટ કરો તત્ત્વજ્ઞાન,
જનિમૃતિતણું તોફાન, સદ્ય પ્રભુ શમાવજો;—

---

૧ ધ્યાન કરજે. ૨ વેદ શાસ્ત્ર. ૩ જન્મ મરણ નિવારનાર. ૪ બાકી. ૫ બહિર અંતર. ૬ સુંદર. ૭ બકરીના ગળાના આંચળ જેવું.

સત્ત્વબલ દઇ અમીત, શુદ્ધ કરો મલિન ચિત્ત,
જેથી થાય સાચું હિત, તેમાં મન વળાવજો;—
જીવત્વની હરો ભ્રાંત[1], તપ્ત હૃદય કરો શાંત,
આજ દિને વિશ્વકાંત! સ્વરૂપસુખ કમાવજો;[2]—

दृश्यासक्ति त्यजवा सुबोध.

પદ ૩૧. (જાગો મારા વિષયી અજ્ઞાની જીવ જાગો; એ લય.)

આજે સ્થાપી અંતરમાં સર્વ વૃત્તિ આજે,
આજે, આજે, સ્વરૂપે શમાજે.
આ જે તને જીવત્વ ભ્રાંતિ ભાસે આ જે,
આ જે, આ જે, ટાળ તેને આજે.
દશ્યવિષય સત્ય નથી એ ઉરે પ્રમાણી,
ટાળ જગતકેરો પ્રેમ આ શુણીને વાણી,
તત્ત્વસુધાપાન કરી દશ્યે ના ફસાજે; આજે૦
હૃદયમૂર્ધસ્થાનમાં તું વાળી વૃત્તિ આજે,
તિમિર સકળ ટાળી નિજસ્વરૂપમય તું થાજે,
આપ્તકામ થવા સદ્ય અંતરે તું જાજે; આજે૦
આત્મભક્તિ સાધી તેમાં પ્રેમને વધારી,
ખોટું આ અહં વિલાવી તત્ત્વને વિચારી,
સર્વશકત જાણી આજ સ્વાશ્રયી તું થાજે; આજે૦
સદ્દગુરુનું શરણુ ગ્રહી કાં હવે મુંઝાયે,
ગુરુકૃપા અને પ્રયત્ને, સર્વ કાર્ય થાયે,
યત્ન કરી દૈવી જ્ઞાન, સદ્ય તું કમાજે; આજે૦
સત્ય મણિ સ્હાઈ દશ્ય કાચ જાણી ટાળી,
વૃત્તિ અંતરે શમાવી, ભ્રાંતિ આ પ્રજાળી,
નૃહરિનાવ સંસૃતિમાં પ્રેમ ધરી સ્હાજે; આજે૦

---

૧ ભ્રાંતિ. ૨ મેળવી આપજો.

स्वरूपस्थित वृत्तिना उद्गार.

પદ ૩૨. (હું તો જાગી રે હું તો જાગી—એ લય.)

હાં રે રૂપ જોયું રે રૂપ જોયું.
હાં રે એ સ્વરૂપે મારૂં જીવભાન ખોયું રે; રૂપ જોયું.
હાં રે હૃદયપરથી ખસેડી પટ[1] ભાળ્યું,
હાં રે ન્યાળી આત્મરૂપ દૈન્યદુઃખ[2] ટાળ્યું રે;—
હાં રે સાચા સ્થાનની હવે તો ભાળ લાગી,
હાં રે સર્વ ઉરથી અવિદ્યા આજ ત્યાગી રે;—
હાં રે દશે દિશામાં પ્રિયાસ્તિ ને ભાતિ[3],
હાં રે સકળ સ્થળમાં ચિતિ હવે જણાતી રે;—
હાં રે નિજરૂપે આ મન લીન કીધું,
હાં રે શમી રૂપમાં મેં તત્ત્વપીયૂષ પીધું રે;—
હાં રે મહાયત્ને શકે જેને જાણી,
હાં રે જેને મુખથી ન વર્ણી શકે વાણી રે;—
હાં રે પૂર્ણરૂપે હું નિત્ય રહું જામી,
હાં રે અન્ય સ્થલે ન્યૂનાધિક ભાળી ખામી રે;—
હાં રે એક પામ્યાથી સર્વ હું તો પામી,
હાં રે, જાણ્યા મેં તો અભિન્ન અંતર્યામી રે;—
હાં રે શમી આનંદસ્વરૂપે કલેશ ટાળ્યો,
હાં રે, હૃદયનભમાં મેં જ્ઞાનઅર્ક[4] ભાળ્યો રે;—
હાં રે સાચા સુખને હવે ન શોધું બીજે,
હાં રે કરણ સર્વ મુજ સત્સુખેથી ભીંજે[5] રે;—
હાં રે આત્મસ્વરૂપ ન નરહરિથી ન્યારૂં,
હાં રે તેમાં આજે શમ્યું મારૂં તારૂં રે;—

---

૧ પડદો. ૨ દીનતાનું દુઃખ ૩ પ્રિય અસ્તિ અને ભાતિ એટલે સત્, ચિત્ અને આનંદ એ આત્માના ત્રણ ધર્મ છે. ૪ જ્ઞાનરૂપી સૂર્ય. ૫ પલળે.

શ્રી ઇષ્ટસ્તવન.

પદ ૩૩. (શાંતિપ્રદાતા હે દીનબંધો! એ લય.)

મુક્તિપ્રદાતા, હે સર્વેશ્વર! સ્તવીએ સઉ આ વાર,
ભવભયહરણુ! વિજય સાધકનો, કરશો વિશ્વાધાર.
ઉદય અધમ જીવોનો કરવા, આપે ધર્યો વિશ્વે અવતાર,
એ અમ ભાગ્યોદય[1] જાણીને, વદીયે જયજયકાર.
જે સ્મરણેથી દુષ્ટ જીવો પણ, સહજે તરી ગયા સંસાર,
તે નિજ સ્મરણે અમ વૃત્તિને, કરજો એકાકાર.
આપતણા ગુણ ગાવા વાણી, ચાર યુગે ન સમર્થ થનાર,
નેતિ વદી જ્ઞાની પણ વિરમે, માત્ર કરી નમસ્કાર.
અનવધિ સુખના દાતા આપ જ, દો તે કરુણાપારાવાર[2],
અમ કૃતિથી દુઃખ લહીએ (પણ) તેને, હરજો વારંવાર.
આપતણી છાયામાં સઘળા, આપ અમારા પ્રાણાધાર,
તાપ, પાપ, ભ્રાંતિ, ભય, સઘળું, સદ્ય કરો સંહાર.
આપકૃપાથી લહીએ જવ આ, વૃત્તિ થાતી ધ્યેયાકાર,—
ક્લેશ, અવિદ્યામાત્ર વિલાતાં, ધ્યેયરૂપે રહેનાર.
એ સ્થિતિમાં પ્રભુ આપકૃપાવિણ, કદી નહિ આ જીવ ઠરનાર,
કાં જે જીવને દશદિશ નડતો, અજ્ઞાનનો અંધકાર.
આપતણા સાધકશિરઉપર, સર્વપ્રદ છે હસ્ત હજાર,
જેથી અશુભ થવાની ચિંતા, કોને નથી લગાર.
ચિતિસિંધુમાં, જીવબિંદુ આ, શમીને થઇએ બ્રહ્માકાર,
હું તું તે એ ભ્રાંતિ શમતાં, રહીએ નિર્વિકાર.
નૃહરિ પ્રભુ છો આપ જ સહાયક, તો નિશ્ચય ભવથી તરનાર,
જેમ ઘટે તેમ યોગ્ય જ કરશો, એ અંતિમ સ્તુતિસાર.

જ્ઞાનપ્રાપ્તિનો ઉપાય.

પદ ૩૪. (સભય હવે હૃદય ન થા—એ લય.)

ચિતિસમીપ, સર્વ આજ, હૃદયમાંહિ ચાલો,
કરવું હોય જ્ઞાન પ્રાપ્ત તો તે માર્ગ ઝાલો; ચિતિ૦

---

૧ સૌભાગ્ય. ૨ કરુણાનો સાગર.

સ્થાન જ્ઞાન ઐશ્વર્યનું એક જ ચિતિપ્રદેશ,
શાંતિ તૃપ્તિ ત્યાં રહ્યાં, દૈન્ય દુઃખ નહિ લેશ,
પેશી એ પ્રદેશમાં, આ પાપ તાપ ગાળો, ચિતિ૦
જડ દુઃખ ધર્મો ત્યાં નથી, એ સત્ ચિત્ આનંદ,
નથી અવિદ્યારાત્રિ[૧] ત્યાં, ત્યાં નથી માયાફંદ,[૨]
શિવપદે સોહાવા તમે, તેની નિકટ હાલો; ચિતિ૦
સદ્‌ગુરુઅનુગ્રહથી કરો, સદ્ય ઉચ્ચ અધિકાર,
ભક્તિ યોગ ને જ્ઞાનથી, સમીપ વહો આ વાર,
તત્ત્વના પ્રવાહમાંથી, પી લો તત્ત્વપ્યાલો; ચિતિ૦
ચિતિસ્વરૂપ નરહરિ પ્રભુ, પ્રકટ વસે ત્યાં નિત્ય,
અભેદભાવે શમી રહો, જઇને સંનિહિત[૩]
સ્વરૂપની ખુમારી ગ્રહી, વિશ્વમાંહી મહાલો; ચિતિ૦

દર્શન દેવા ઇષ્ટને અભ્યર્થના.

પદ ૩૫. (હૃદયે રૂપ દર્શાવો, પ્રાણપતિ—એ લય.)

આપ સ્વરૂપ બતાવો, વિશ્વપતિ !
વિશ્વપતિ, યાચું કરી પ્રણતિ; આપ૦
નિત્ય કરૂં છું તત્ત્વવિચાર, ષડ્‌રિપુને પમાડું હાર,
કાં ન હૃદયે આવો; વિશ્વપતિ.
કર્યું નિશદિન શ્રવણમનન, વળી કીધું નિદિધ્યાસન,
(તોએ) દર્શનનો અભાવો; વિશ્વપતિ.
રટયું રસનાએ આપનું નામ, ભૂલી ઇન્દ્રિય સઘળું કામ,
હવે પ્રત્યક્ષ થાઓ; વિશ્વપતિ.
ધરી અંતરે આપનું ધ્યાન, જોયાં આપનાં નિવાસસ્થાન,
ક્યાંહિ પણ ન જણાઓ; વિશ્વપતિ.
વૃત્તિ ભૂલે છે સઘળું ભાન, કરે કેવલ પ્રભુગુણગાન,
તો એ કેમ રીબાવો; વિશ્વપતિ.
પ્રાણીમાત્રમાં પ્રેમ વિશેષ, રાખું કાપી રાગદ્વેષ,
તો એ દયા કાં ન લાવો; વિશ્વપતિ.

---

૧ અવિદ્યારૂપી રાત્રી. ૨ કપટની જાળ. ૩ પાસે.

આપી આપનું મુખદર્શન, સ્થાપો નિજ ગણી બ્રહ્મસદન,
હવે અધિક ન તાવો; વિશ્વપતિ.
કરી ચૈતન્યકેરો પ્રકાશ, કરો મલવિક્ષેપનો નાશ,
કરુણાવૃષ્ટિ વર્ષાવો; વિશ્વપતિ.
હવે છેવટ માગ્યું દો નાથ, ક્ષણ પણ પ્રભુ ત્યજશો ન હાથ,
જેથી રહે ન પસ્તાવો; વિશ્વપતિ.
નરહરિપ્રભુ થાજો સહાય, ઉર વિરહે વૃથા દહાય,
દો સંયોગનો લહાવો; વિશ્વપતિ.

મંગલ.

પદ ૩૬. (ચાલો સાહેલી, ભુત્તનેરીનાં, એ લય.)

અભિમુખ થઇને, અંતર વહીને, આજ નૃહરિદર્શન કરીએ.
નયન ભરીને, હ્રદય ધરીને, નીરખી ઉર હર્ષે ભરીએ.
મંગલમય આ શુભ દિવસે સઉ, જય જય જયને ઉચ્ચરીએ,
નિજ પ્રભુપદમાં મનમતિ સ્થાપી, જીવભાવ આ વિસરીએ,
સ્વરૂપઅનુભવ કરવાકાજે, પ્રભુને પ્રેમવડે સ્મરીએ;—
તનમનની કરી ઉન્નતિ આજે, સાચી શ્રદ્ધા ઉર ધરીએ,
જેથી ઇશઅનુગ્રહ સહજે, પામી ભવભ્રમ[1] સંહરીએ,
સમર્થ રક્ષક શિરપર લહીને, નિર્ભય જ્યાં ત્યાં વિચરીએ;—
અર્થ સકલ આ મનના પૂરવા, એ જ યત્નને આદરીએ,
જેથી નિરવધિ[2] સુખને પામી, અવિચલ શાંતિમાં સરીએ,
નરહરિપ્રભુની અતુલ કૃપાથી, ભવચક્રે ના કદી ફરીએ;—

સ્રીયોને કર્તવ્યોપદેશ

પદ ૩૭. (સૈયાં ન પકર મોરી—એ લય.)

સાવધ થઇને સખી! આ કર્તવ્યે વહેવું રે,
આલસ્યમાં[3] નરતનુ ગુમાવી ન દેવું રે; સાવધ૦
દશ્યે જતું મન પ્રયત્નથી રોકી,
પ્રભુપ્રતિ અભિમુખ એને કરી લેવું રે; સાવધ૦

---

૧ જગતની ભ્રાંતિ. ૨ અતિશય ૩ આળસ માં.

અનાયાસથી[1] આવી મળે જે,
સુખદુઃખ તેને સમતાથી સદા સહેવું રે; સાવધ૦
અલિપ્ત જળથી પદ્મપત્ર[2] છે,
વ્યવહારવિષે રહેવું પ્રતિક્ષણુ તેવું રે; સાવધ૦
ગુરુનો બોધ હૃદયમાં ધરવો,
ગુરુચરણે આ તનમન દેવું રે; સાવધ૦
અનિત્ય દૃશ્યથી વિરામ પામી,
નિત્ય સ્વરૂપથી સંલગ્ન રહેવું રે; સાવધ૦
દૃશ્ય અને અદૃશ્ય સકલમાં,
ચૈતન્યતત્ત્વને અનુભવે લહેવું રે; સાવધ૦
વિકારમાત્રને ઉરથી બાળી,
અજ્ઞાનઆવરણુતિમિરને દહેવું રે; સાવધ૦
સદા સર્વમાં શુભને જોવું,
નિત્ય પ્રસન્નતાનું વ્રત ઉરે ગ્રહેવું રે; સાવધ૦
જે તે ઉપાયે કૃતકૃત્ય થાવું,
નરહરિનામ શ્વાસપ્રશ્વાસે લેવું રે; સાવધ૦

સદ્વિચાર સેવવા જીવને બોધ.

પદ ૩૮. (મન જો સદા સ્વરૂપે રમે—એ લય.)

સુવિચારવિણુ થાતી નથી, જીવની કદી કંઈ ઉન્નતિ,
સુખમૂલ તત્ત્વવિચાર છે, એ વિણુ બધું નિઃસાર[3] છે,
તન મન વિમલ[4] કરનાર છે, ટાળી સકળ આ અવનતિ;—
જેવા વિચારો જન કરે, તેવી સ્થિતિને તે વરે,
શાસ્ત્રો, શ્રુતિસ્મૃતિ ઉચ્ચરે, સુવિચારનું બળ છે અતિ;—
સુખદુઃખ જે જે આવતું, તે નિજ વિચારે પ્રકટતું,
જેવું સદા મન ધારતું, તેવી લહે તે નિજ સ્થિતિ;—
સુખ, જ્ઞાનને જન ઇચ્છતા, બહુ યત્નમાં મચતાં છતાં,
સુખમૂલને નવ શોધતા, પછી ક્યાંથી સુખ મળે કદી;—

---

૧ પ્રયત્નવિના. ૨ કમળનું પાંદડું ૩ સારવિનાનું. ૪ મલરહિત.

નિજ સ્વરૂપનો વિચાર જે, તેને જ તત્ત્વવિચાર કહે,
તે પ્રકટતાં સુખને લહે, તેવિણ ન દુઃખની પ્રચ્યુતિ[1];—
અષ્ટ પ્રહર તેમાં રહે, તેવા જનો ઇશ્વર લહે,
બીજા જીવો ભવમાં વહે, તરી તે શકે ના સંસૃતિ;—
બીજી મલિન ધૂળ ના ધમો, બીજા પ્રયત્ને ના ભ્રમો,
સુવિચાર તત્ત્વવિષે રમો, થાશો ત્રિભુવનના પતિ;—
સુવિચારને જેણે કર્યા, આ સંસૃતિથી તે તર્યા,
નિશ્ચય નૃહરિપ્રભુપદ વર્યા, બીજાતણી જ્યાં નથી ગતિ;—

સદ્‌ગુરુપ્રાપ્ત વૃત્તિનો અનુભવ.

પદ ૩૯. (શાને વીજ કરે ચમકારા—એ લય.)

આજે શરણ ગુરુનું પામી,
પાપવિનાશક ગુરુપદ નામી; આજે૦
ઇહપરલોકતણા[2] જે તારક, જે ગુરુશરણ જનિમૃતિહારક;[3]—
જે ક્ષણમાં જીવને શિવ કરતું, નિજ સ્વરૂપે જે વેગે ધરતું;—
શ્રુતિસ્મૃતિ, ઋષિમુનિ સર્વ વખાણે, તે ગુરુશરણે મુજ મન માણે;—
શરણ ગ્રહી સઉ ચિંતા ત્યાગી, આનંદઉર્મી[4] અંતર જાગી;—
ગુરુપદમાં હું થઇ અનુરાગી,[5] સકલ વિષયની ભ્રાંતિ ભાગી;—
મુજથી દુર્બલ સઉને દેખું, મુજપ્રતિ વિકારનું નથી લેખું;—
સદ્‌ગુરુશરણતણો એ મહિમા, જેની તુલ્ય નથી કો ભવમાં;—
સદ્‌ગુરુશિક્ષા અંતર પામી, સંતત સ્મરૂં હું અંતર્યામી,—
યોગ ભોગ ને મોક્ષ સકલ આ, શ્રીસદ્‌ગુરુના ચરણકમલમાં;—
તેનું ધ્યાન ધરી સઉ પામું, ગુરુચરણથી મુજ જીવત્વ ડામું;—
નરહરિસદ્‌ગુરુ શરણું મોટું, કલ્પવૃક્ષ પણ એથી છોટું;—
તેહ શરણને પામી નિરંતર, પૂર્ણતૃપ્ત રહું બાહેરઅંતર;—

---

૧ નાશ. ૨ આ લોક તથા પરલોકના ૩ જન્મમરણના હરનાર
૪ આનંદનો ઉછાળો. ૫ પ્રિતિવાળી—

સુભાગી કોણ?

પદ ૪૦. (જાણો છો કે વીરારે—એ લય.)

સુભાગી તે, પામ્યારે, સાચું સુખ જ્ઞાન.
સદ્ગુરુ ને સત્શાસ્ત્રની, ગ્રહે શિખામણ સાર,
શ્રદ્ધા ધરીને જે વહે, આ વિશ્વે નરનાર; સુભાગી૦
કર્તા પ્રભુને સ્થાપીને, નિરભિમાન રહે જેહ,
પ્રાપ્ત કર્મ નિત્યે કરે, ટકતાં સુધી આ દેહ; સુભાગી૦
શમદમસંપત્તિ સજી, કરી હૃદય આ સ્થિર,
દુઃખપ્રતિ પણ કટિ કસી, રહે જે સાધક વીર; સુભાગી૦
વિકલ ન થઈ, જોવા પ્રભુ, કરે અતુલ ઉર કષ્ટ,
પ્રભુવિણુ જેનાં નેત્ર આ, દૃશ્ય જુએ નિકૃષ્ટ; સુભાગી૦
નિજ આત્માને યત્નથી, કરીને સર્વોત્કૃષ્ટ,
પરમાત્મામાં ભેળવી, જીવપણું કરે નષ્ટ; સુભાગી૦
આત્મસ્ફુરણને અનુસરે, ધરી ન શંકા વ્યર્થ,
સુખ અનુભવનું માણવા, કરે પ્રયત્ન તદર્થ; સુભાગી૦
સેવા સદ્ગુરુની કરે, તન મનથી ધરી પ્રેમ,
જાણી નિત્યે જે વહે, મારૂં યોગક્ષેમ, સુભાગી૦
જે સ્થિતિમાં પ્રભુ રાખતા, હિતતમ ગણીને તેહ,
પ્રતિકૂલ ભાવ વિદારીને, ગણે અનુકૂળ જેહ; સુભાગી૦
દૃશ્યતણા સુખકાજ જે, ધરે ન દીનતા લેશ,
નિઃસ્પૃહ થઇને જે ફરે, શીર્ષે લહી વિશ્વેશ; સુભાગી૦
પ્રભુમાં ચિત્ત ધરી જે જપે, અષ્ટપ્રહર પ્રભુ માત્ર,
નરહરિપ્રભુના તે જનો, સાચા અનુગ્રહપાત્ર; સુભાગી૦

શ્રી ઇષ્ટની ભક્તિ સેવવા બોધ.

પદ ૪૧. (આવો સાધકો આજે—એ લય.)

સાધી ઇષ્ટની ભક્તિ, હરિરૂપ આજ સઉ થઇએ.
વિણ સાચી ભક્તિ નાથની, કરુણા ન કદી લહીએ;—
ઐશ્વર્ય સુખ ને જ્ઞાન ઉરમાં, પ્રકટતું લહીએ,
થઈ એકાગ્ર ભક્તિ સાધીએ, શ્રદ્ધા ધરી હૈયે;—

આ વિષયભોગનું જલ ન પીતાં, ભક્તિરસ પીએ,
કષ્ટો વિવિધ કદી મધ્ય[1] આવે, તે સદા સહીએ;—
તેથી વિકળ થઇ યત્નથી, કદી ના ચળી જઇએ,
બીજા ભારી શ્રમ કરવા બધા આજે ત્યજી દઇએ;—
ખોટા કાચ છોડી ભક્તિરત્નથી આજ શોભાઇએ,
ભક્તિસરિતામાંહિ તનમનથી સદા નહાઇએ;—
ભક્તિથી વશ પ્રભુને કરી, પ્રભુપ્રીતિને લઇએ,
પ્રભુમાં અભેદ થતાં ન જુદાં, લેશ દેખાઇએ;—

वंदना.

પદ ૪૨. (પ્રિયતમ પ્રભુ કરીએ વંદના, એ લય૦)

જય સચ્ચિતિ પ્રભુ મલમંજના[2] ! પ્રકટો હૃદયે શિશુવૃંદના.[3]
પ્રેમપ્રણામો આજે કરીએ, સ્વીકારો અમ વંદના;—
આપ અમારા નેતા રક્ષક, થાજો વિકટ[4] ભવપંથના;—
સ્વરૂપજ્ઞાનધન[5] આજે આપો, (જેથી) સાધક આ રહે રંકના;—
અમ જયધ્વનિ દશદિશમાં ગાજો, અનુગ્રહથી ચિતિચંદના;—
સન્મતિરૂપે આપ પ્રકાશો, અંતરમાં મતિમંદના;—
સાવધતા દો જેથી ન ફસીએ, ફાંસામાં દસ્યના ફંદના;—
નરહરિ નિજ નિર્ભયપદ સ્થાપો, આપ જ છો ભયભંજના;[6]—

परमात्मामां प्रेमने बांधनार वृत्तिना उद्गार.

પદ ૪૩. (કોઇ દુખ લો દિલરંગી, એ લય,)

આજે નાથથી પ્રીતિ બાંધી, દસ્ય સકળ આ બાધી;—
વિવિધ વિભવના ભોગમાં, દીઠું ન મીઠું સુખ,
આપે આદિ મધ્ય ને, અંતમાં જે દુઃખ, દુઃખ, દુઃખ; હાં; આજે૦
નશ્વર દસ્ય અવસ્ય છે, ક્ષણમાં જે અળપાય,
એ લહી તેના પ્રેમમાં, વૃત્તિ હવે નહિ ધાય; આજે૦

---

૧ વચમાં. ૨ દોષને નિવારનાર. ૩ શિષ્યમંડળના ૪ કઠિન. ૫ સ્વરૂપ- જ્ઞાનરૂપીધન. ૬ ભયને ટાળનાર.

ચાલક પાલક ઇષ્ટને, જાણ્યા ધરી મેં ભાવ,
સંસૃતિસિંધુમાં[1] પ્રભુ, છે મુજ તારક નાવ; આજે૦
હિતના કર્તાને લહી, ટાળી સઉ આક્રંદ,
ચિંતિ ચિંતિને ચિત્તમાં, શુદ્ધ હું ગ્રહું આનંદ; આજે૦
સારસ્વરૂપ સર્વેશમાં, સાચો ધરીયો પ્રેમ,
પ્રતિક્ષણુ મારૂં જે વહે, વિશ્વમાં યોગક્ષેમ; આજે૦
સ્નેહે વશ કરી આજ મેં, રીઝવ્યા શ્રી જગદીશ,
સદા સર્વદા હું રહું, નિર્ભય દિન ને નિશ, આજે૦
રક્ષક છે આ રંકના, પ્રિયતમ મુજ જીવન,
સચ્ચિતિ નરહરી નાથને, સોંપ્યું આ તન મન; આજે૦

इष्टदर्शन करवा प्रबोध.

પદ ૪૪. (જોવાને વિશ્વવિહારી, એ લય૦)

સખિ! આજે નિશ્ચય ધારો, જોવા ઉરે ઇષ્ટ તમારો;—
સદ્દગુણ ગ્રહીને, કર્તવ્ય સાધી, કરી મનવૃત્તિનિરોધ;
અશ્રદ્ધા આ ઉરથી નિવારો; જોવા૦
શમ દમ સંપત્તિ સાચી સજીને, મેળવવા પ્રભુ આજ,
આગ્રહથી કરો યત્ન સારો; જોવા૦
દૃશ્ય સકલમાં સાર ન દેખી, સારસ્વરૂપ સચ્ચિત્,
જોઇ ટાળો આ ભવભારો; જોવા૦
સર્વત્ર સર્વદા શુભને ચિંતિ, કરી નિજ હિતના વિચાર,
અશુદ્ધ વિદારો વિચારો; જોવા૦
અચલપણે દૃઢ સંયમ સેવી, નાથને કરવા પ્રત્યક્ષ,
પ્રભુપ્રતિ પ્રેમ વધારો; જોવા૦
અતુલ કરી શ્રમ વિધવિધ યુક્તિથી, આપી સાચો સ્વાત્મભોગ,
પ્રભુમાંહિ ચિત્તને ઠારો; જોવા૦
નરહરિ ચિત્પતિ ચિંતીને શોભો, હૃદય કરીને શુદ્ધ,
સ્વીકારી આ બોધ અમારો; જોવા૦

---

૧ સંસારરૂપ સમુદ્રમાં.

સર્વત્ર ઇષ્ટદર્શન કરનાર વૃત્તિના ઉદ્‌ગાર.

પદ ૪૫. (જીવ જગના પતિને ભજ ભાવથી રે, એ લય૦)

અમે ઇષ્ટ નૃહરિનાથવિના વિશ્વમાં રે, નહિ અંતરમાં ન્યાળીએ અન્ય,
ઉંચ નીચે તથા સઉ દિશમાં રે, સઉ મૂર્તિ લહીએ પ્રભુજન્ય[1]; અ૦
દૈવી સિદ્ધિ અને વળી મહાનિધિ રે, નિજ નાથ થકી માનીએ નિકૃષ્ટ; અ૦
અમે ક્લેશ ભય શોકને નિવારીએ રે, હૃષીકેશને હૃદયે જોઇ સ્પષ્ટ; અ૦
આ મમત્વગ્રંથિ ગળી ગઇ રે, જેથી છૂટચો આ કર્મોનો પાશ; અ૦
સર્વ દશ્યને તો આત્મરૂપે ભાળીએ રે, જોઈ સકલ સ્થલે સચ્ચિદાભાસ; અ૦
અમે સર્વતણું સાચું મૂલ શોધીને રે, ઉરે પામીએ વાસ્તવ જ્ઞાન; અ૦
અમે અજરામર થઇ નિત્ય મહાલીએ રે, કરી શુદ્ધ સ્વરૂપરસપાન; અ૦
ઈશદષ્ટિ સઉ પ્રદેશમાં પ્રસારીને રે, અમે આપે થઇએ ઇષ્ટરૂપ; અ૦
જેથી નૃહરિથી અભિન્ન સર્વ જાણીએ રે, હોય શ્રીમંત રંક કે ભૂપ; અ૦

શ્રી ઇષ્ટને દર્શન દેવા વિજ્ઞપ્તિ.

પદ ૪૬. (દેખુંગી મેરા ભોરા સાંવરીયા—એ લય.)

આવોને આજે વહાલા મંદિરીએ,
વહાલા, વહાલા, કાલા રી;—
વાણીમાં આપનું નામ સ્મરૂં છું,
હૃદયમાં આપનું ધ્યાન ધરૂં છું,
હાથમાં આપની, માલા, માલા, માલા રી,
ચિત્તો તમને ચિંતવીએ;—
હું છું પદ્મ ને, પ્રભુમુખભાનુ,
કામ ન મારે બીજા કશાનું,
લલનાકેરા, લાલા, લાલા, લાલા રી,
થઇ કરુણાલુ વરીએ;—
આપની કરુણાદષ્ટિમાં ભીંજવો,
શ્રીમુખે સ્નેહવચનથી રીઝવો,
પાઇ પ્રેમામૃતપ્યાલા, પ્યાલા પ્યાલા રી.
આશ અંતરની પૂરીએ;—
પ્રિયતમ પ્રકટો કાપીને તાપો,
સત્યસ્વરૂપકણુ સ્નેહથી આપો,
ટાળી જીવત્વનાં છાલાં, છાલાં, છાલાં રી,

---

[1] પ્રભુની ઉપજાવેલી.

જેથી ભુખ ના રે' જરીએ;—
આપવિના કદી સુખ ન ઉપજશે,
અધિક તે પ્રભુ શું વદી શકશે,
આ દીન બાલા, બાલા, બાલા રી,
દેવા દર્શન આદરીએ;—

पोताना दोषना कथनपूर्वक इष्टने दर्शन देवा विज्ञप्ति.

પદ ૪૭. (આવી મારી ઝુંપડીમાં આજ, એ લય,)

અંતરમાં દર્શન દો નાથ, મને આજે, કરીને કરુણાનું દાન,
દુઃખમાંથી ગ્રહી સદ્ય હાથ, મને આજે, કાઢોને ટાળી અભાન.
નથી સાધ્યાં પ્રત્યક્ષ થવા સાધનો કદી,
નથી કીધાં મેં ધ્યાન અને ધારણા મથી,
ગ્રહે આલસ્ય વૃત્તિ ભૂલી ભાન, મને૦
દૈવી સંપત્તિ સાચી નથી ઉરમાં સજી,
કદી તત્ત્વવિચાર મન ના કરે હજી,
પ્રીતે નિત્ય શુણે વૃત્તિ વિષયગાન; મને૦
મલિન દશ્યતણા પંકમાંહિ[1] નિત્ય હું સડું.
ત્યાંથી ક્રમે કરી ઊર્ધ્વ ગતિમાં ન હું ચઢું,
મારો બોધ કદી મન ન ધરે કાન; મને૦
સત્સમાગમે કે શાસ્ત્રમાં ન ચિત્ત મેં દીધું,
આપને નિહાળવા ન ત્યાગ મેં કંઈ કીધું,
કરવા સ્તુતિ હું ન પૂર્ણ વિદ્વાન્; મને૦
કોયલામાંથી રત્ન આપ ઉપજાવતા,
માટી ખાતરમાંથી આમ્રરસ બનાવતા,
મારા દોષમાંથી પ્રકટાવો જ્ઞાન, મને૦

ईश्वरने ज सर्वस्व माननार व्यक्तिना उदगार.

પદ ૪૮. (શું કહું શ્યામ રે—એ લય,)

હું લહું શ્યામ રે, મારૂં ઠરવાનું સાચું ધામ છે,
સાચું ધન એ જ મારૂં, સઉથી એ મુજને પ્યારૂં,
જીભે રટવાનું મારૂં નામ છે;—

૧ કાદવમાં.

આંખે જોવાનું એ છે, ચિત્તનું ચિંતન તે છે,
હું તપ્તનો એ વિશ્રામ છે;—
કર્ણે પ્રભુનામ શુણવું, વિદ્યામાં એ જ ભણવું,
હું દરિદ્રીના એ દામ છે;—
સગાસંબંધી મારા, એ જ છે પ્રાણપ્યારા,
નિત્યનો મારો એ મુકામ છે;—
આનંદ એ જ મારા, મુજને એ તારનારા,
મુજને દેનારા એ શ્રીરામ છે,—
એના વિણ કાંઈ મારૂં, ગુપ્ત કે છે ન ન્યારૂં,
પ્રભુ એ જ મારૂં તમામ છે;—
સર્વસ્વ મુજને લહે, સંપૂર્ણ મુજને ચહે,
એવા એ પ્રિયતમને પ્રણામ છે,—

भक्तहृदयनो भगवान्‌साथे संबंध.

પદ ૪૯. (અમે તનુ અમારા નાથતણા—એ લય.)

અમે પ્રભુસ્વરૂપઉદધિમાં[૧] રમીએ, બનીને આજે મત્સ્ય,[૨]
અમે ઉન્નાતસૂર્યને અધિક પ્રકાશી, થવા ન દઈએ અસ્ત.
અમે ઇષ્ટાનુગ્રહવૃષ્ટિ ઝીલીએ, બની પ્રેમી ચાતક,
અમે શોધીએ સચ્ચિતિ સાધન સાધી, થઇ સાચાં સાધક.
અમે યથાર્થ[૩] મનુષ્યત્વને ધરીએ, ચારપગાં મટી ઢોર,
અમે મટી અવિદ્યારાત્રિ થઇએ, જ્ઞાનના દૈવી ભોર,[૪]
અમે શોકાનલ[૫] મટી હર્ષપ્રદાતા થઇએ શાંતિનીર,
અમે હાનિકારક ખડક મટીને, બનીએ નિર્ભય તીર.
અમે સુકું થડીયું મટીને થઇએ, ફુલ્યું ફાલ્યું વૃક્ષ,
અમે સઉને જેથી આશ્રય દઇએ, જ્ઞાનફલનું દઇ ભક્ષ.
અમે ક્લેશનું ગાંગડું મટીને થઇએ, આનંદરૂપી ધાન્ય,
અમે પ્રભુકરુણાથી ભક્ત મટીને થઈ રહીએ ભગવાન.

---

૧ પ્રભુના સ્વરૂપરૂપી સમુદ્રમાં. ૨ માછલું. ૩ બરાબર. ૪ સવાર. ૫ શોકરૂપી અગ્નિ.

શ્રી ઇષ્ટસ્તવન.

પદ ૫૦. (તુલસીદાસની ચોપાઇનો રાગ.)

જય જય જય વિભુ સ્તવીએ પ્રીતે, ધ્યાન ધરી આપનું એક ચિત્તે.
આપ અમારા અંતર્યામી, ઉરની ઇચ્છા જાણો સ્વામિ.
ઈપ્સિત આજ સકલ અમ પૂરો, (જેથી) કાઢે ન પુનઃ ઇચ્છા અંકુરો.
એવું આજ દો કરુણા આણી, નિજ બાલકસમ સર્વ પ્રમાણી.
મતિપતિ! મતિ આ સદ્ય સુધારો, શ્રેષ્ઠ કરો વ્યવહાર અમારો.
પરમાર્થે જયયશને દેજો, આપ પ્રભુ અમ સંગે રહેજો.
આપ શરણને વિશ્વે પામી, શરણ્ય થઇએ શરણે વિરામી.
એવો અનુગ્રહ કરજો સાચો, જે વિણ વેષ ઉભયનો કાચો.
નરહરિનાથ! નિભાવી લીજે, અભયવચન અંતરથી દીજે.
એ જ પ્રાર્થના આજ અમારી, લેજો પ્રેમથી સદ્ય સ્વિકારી.

સંયમ સાધવા પ્રબોધ.

પદ ૫૧. (હું તો પ્રેમની પ્યાસી, એ લય.)

સંયમ પ્રેમથી સાધી, હૃદય જો ઇષ્ટને ધારી,
ઇષ્ટને ધારી, હૃદય જો, ઇષ્ટને ધારી;—
ઇન્દ્રિય દશનો કરી વિજય આ વૃત્તિ દે મારી,
નિજ આત્મવત્ સઉ સૃષ્ટિ જો, તું તત્ત્વ વિચારી;—
જપ ધારણા ને ધ્યાનથી સઉ દોષ નિવારી,
ઉપદિષ્ટ[1] ક્રમમાં નિત્ય વધીને, થા તું અવિકારી;—
જ્યાં દૃષ્ટિ ત્યાં તું નિત્ય જોજે, વિશ્વવિહારી,
પદ પ્રાપ્ત કર તું ઇષ્ટનું, નિશ્ચય ઉરે ધારી;—
અંતરવડે આ દૃશ્યથી, મનવૃત્તિ કરી ન્યારી,
મિથ્યા અહં સ્વરૂપે વિલાવી, અર્થ લે સારી;—
ભય, દુઃખ, ચિંતા, દૈન્ય ટાળી તિમિર વિદારી,
કર ભકિત પ્રભુની વિશ્વમાં જે મોક્ષતણી બારી;—
નૃહરિ ભજી સ્વરૂપે રમી, કરી પ્રાપ્ત ફળ સારી,
થઇ મસ્ત ફર તું લાવી નિત્યે, સ્વરૂપખુમારી;—

---

૧ બોધકરેલા.

સદ્ગુરુપ્રાપ્તિનો આનંદ.

પદ ૫૨. (બેની વસુંધરા તપતી છે આજ, એ લય.)

મને મળ્યા ગુરુ મુજ અંતરમાંહ્ય, સુખ ઉલટ્યું ઉર મારે,
અંતર આનંદે અતિ ઉભરાય, કૃતાર્થ હું આ વારે.
કુમુદિની નભમાં જોતાં નિજ ચંદ્રપતિને, ખીલે,
થઇ પ્રફુલ્લ રશ્મિ ઝીલે રે; સુખ૦
વૃત્તિમન તેમ જ ખીલ્યાં, મુજ સદ્ગુરુચંદ્રને જોતાં,
શાંતિચાંદનીમાં ન્હોતાં રે; સુખ૦
અંધને નેત્ર જવ મળતાં, આનંદજેવો થાયે,
મને તેવો આજ જણાયે રે; સુખ૦
બહેરાનું એક ક્ષણમાં, જો બધિરપણું વિલાતું,
તેનું ચિત્ત પ્રસન્ન થાતું રે; સુખ૦
તેથી પણ અધિક આજે, ઉર પ્રહર્ષ અધિકો લાગે,
જેથી ભય સઘળો ભાગે રે; સુખ૦
જેનાથી ચૌદ ભુવનનું, સુખમાત્ર તુચ્છ જ દીસે,
તે ગુરુ મુજ નિકટ અતિશે રે; સુખ૦
મહાદિવ્ય અનુપમ રૂપમાં, આ નેત્ર મુજ અંજાયાં,
રૂપ અન્ય વિરૂપ જણાયાં રે; સુખ૦
મહાજ્ઞાનસુવાસને અર્થે, સદ્ગુરુપદપદ્મની માંહ્યે,
ભોગી મનભ્રમર બીડાયે રે; સુખ૦
છે શ્રીપતિ સમર્થ ઉરમાં, એ જોઇ મસ્ત હું વિચરૂં,
હું હર્ષે જય જય ઉચ્ચરૂં રે; સુખ૦

તૃષ્ણાની નિઃસારતા.

પદ ૫૩. (કોઇ થાઓ નિજરૂપ સંગી એ લય.)

તૃષ્ણા વિશ્વમાં દુઃખદાયી,
દુઃખની ઉંડી એ ખાઈ;—

એક ક્ષણમાં સદ્ગુણો, સર્વ નષ્ટ કરનાર,
બદ્ધ[1] થયા જે તેહથી, કલ્પે ન મુક્ત થનાર;— હાં તૃષ્ણા૦
આકર્ષે નિજમાં જનો, નાંખી નિશદિન જાળ,
આશા અંતર આપીને, વ્યર્થ ગુમાવે કાળ; — હાં તૃષ્ણા૦
મોહતિમિરની[2] રાત્રિ છે, શરદ ઋતુની એહ,
અધિક સમય વિષયતણી, ઉંઘમાં રાખે જેહ;— હાં તૃષ્ણા૦

---

૧ બંધન. ૨ મોહનું અંધારૂં.

જવાળ અગ્નિને એક છે, અસિને[1] છે બે ધાર,
પણ તૃષ્ણાને તો રહી, જ્વાળા, ધાર હજાર; હાં તૃષ્ણા૦
નેત્ર છતાંએ વિશ્વમાં, કરતી તૃષ્ણા અંધ,
ચિંતા અસૂયાઆદિનો, કરાવે એ સબંધ; હાં તૃષ્ણા૦
ધનુષ્ય[2]માં રંગો નભે, પ્રસર્યાં વિધવિધ જેમ,
તૃષ્ણા ભરપૂર દોષ ને, વિષયરંગથી તેમ; હાં તૃષ્ણા૦
તૃષ્ણા હૃદયે જો રહી, પછી ભલે હો ભૂપ,
જીવન સુખી તેનું નહિ, વૈભવ હોય અનુપ; હાં તૃષ્ણા૦
તેથી સુખી છે રંક જો, તૃપ્તિ ગ્રહી ઉરમાંય,
પ્રસન્ન એ સ્થિતિમાં રહી, કૃતકૃત્ય વિશ્વે થાય; હાં તૃષ્ણા૦
તૃષ્ણાયુકતથી શ્રી[3] સદા, શત[4]યોજન દૂર જાય,
તૃષ્ણારહિતને પ્રેમથી, આવી, નમે તેના પાય; હાં તૃષ્ણા૦
તેથી તૃષ્ણા ત્યાગવી, તૃપ્તસમા રહી નિત્ય,
તૃપ્તિસુરતરુ પામીને, ઇચ્છવું અન્ય ન વિત્ત; હાં તૃષ્ણા૦

વિજ્ઞપ્તિ.

પદ ૫૪ (શ્રી ઈશ વંદીએ શિર નામી, એ લય.)

જય સચ્ચિતિ સ્તવીએ સુખધામિ, મંગલકર ચરણે શિર નામી;
છઇએ વિષયે વિભુ સઉ કામી, કરજો તેને પ્રભુ નિષ્કામી.
સર્વસ્વરૂપે આપ રહો છો, ઈપ્સિત અર્થો પ્રતિક્ષણ દો છો,
નિત્યે દષ્ટિનિકટ વહો છો, ઉરમાં છો અંતર્યામી; જય૦
સાધકના સાચા હિતકારી, સદ્ય ગુરો ! લેજો ઉદ્ધારી,
તનમનનું બળ દેઈ અમારી, અમૂલ આજ હરો ખામી; જય૦
વિશ્વ વિરોધી થાય કદાપિ, વૃત્તિ વિકળ ન થાય તથાપિ,
રહી હર્ષે લે હિત તેમાંથી, કરો એવું (જેથી) ન થાય સામી; જય૦
કાર્ય સકલ કર્તા થઈ કરજો, આપપ્રતિ આવી મન ઠરજો,
આપકૃપાથી સાધક તરજો; શિવત્વ પદવીને પામી; જય૦
અધિક અધિક ઉન્નતિ અમ કરજો, દસ્યપ્રીતિ પ્રભુ સમૂલ હરજો,

---

૧ તરવારને. ૨ મેઘ ધનુષ્યમાં. ૩ લક્ષ્મી. ૪ સો ગાઉ.

પ્રસન્ન થઇને શિશુને વરજો, ઉરની અશ્રદ્ધા ડામી; જય૦
અધિક શું વદવું હે જગત્રાતા ! સ્ફુરે ન અમને લેશ જ જ્ઞાતા,
દો નિજ પદ નરહરિ દાતા, રહીએ જનિમૃતિથી વિરામી; જય૦

ભક્તિમાહાત્મ્ય.

પદ ૫૫. (દુઃખ માત્રથી કોણ ઉગારે, એ લય.)

કોણ પ્રભુમાં સદ્ય શમાવે, એક ભક્તિ પ્રભુની સારી,
કોણ માર્ગ સરલ દર્શાવે, એક ભક્તિ પ્રભુની સારી.
ચિંતા વ્યવહારની ટાળી,
કર્તાનું હું પણું ગાળી,
મનને પ્રભુપદમાં વાળી,
રાખે કો વિષયથી વારી ? એક૦
કો તત્ત્વવિચાર સ્ફુરાવે,
સામર્થ્ય અતુલ દઢાવે,
સંકલ્પે બળ કો લાવે,
કરી તન મનને અવિકારી ? એક૦
કોણ સદ્ગુરુસ્વરૂપ લહાવે,
કોણ દૈવીશક્તિ ઉપજાવે,
પ્રેમ નિર્મલ કો પ્રકટાવે,
અશ્રદ્ધા ઉરથી નિવારી ? એક૦
જે વિણ પ્રભુ સમીપ ન આવે,
એવું સાધન વિશ્વે કો કહાવે,
જે નાથને નિકટ રખાવે,
કરી જીવન આ સુખકારી; ? એક૦
નરહરિમાં લીન કરીને,
જીવપણું મુજ સમૂલ હરીને,
મહાપદમાં કોણ ધરીને,
કરે મુજને વિશ્વવિહારી ? એક૦

પ્રભુઅભિમુખ વૃત્તિના ઉદ્‌ગાર.

પદ ૫૬. (મારે મોઢે મનાવી રાજી કહેવરાવી, એ લય.)

મને મારી મતિના, ગતિના, શક્તિના, વૃત્તિના, પતિતો આજે બહુ ગમે;
આજે બહુ ગમે;—
જેનું રૂપ તેજવાળું, લાગે નેત્ર રૂપાળું,
એવો અમૂલ્ય હીરો મને બહુ ગમે,
એ મને બહુ ગમે;—
જેની શીતલ છે છાય, લાગે આનંદદાય,[1]
તે સુરતરુ[2]ની છાંયે, મને રમવું ગમે,
છાંયે રમવું ગમે;—
પ્રભુ પ્રેમ મૌક્તિક[3], જેનું મૂલ્ય અધિક,
તેવી પ્રભુ પ્રેમમાળા, કંઠે ધરવી ગમે,
કંઠે ધરવી ગમે;—
હોય સૂર્ય જ્યાં જેમ, રહે સૂર્યમુખી તેમ,
મને પ્રભુપ્રતિ તેવી રીતે રહેવું ગમે,
તેમ રહેવું ગમે;—
પ્રભુસિંધુને જોઇ, તેના ઐશ્વર્યે મોહી,
આ વૃત્તિસરિત્‌ને ત્યાં શમવું ગમે,
ત્યાં શમવું ગમે;—
પીવા દુગ્ધ[4] સ્વાદવાળું, વિષયનીરને હું ટાળું,
મીઠું ક્ષીર[4] પીવું એ આ હંસને ગમે,
એ આ હંસને ગમે;—
જેની પ્રસરી સુગંધી, જેની રમ્યતા અધિકી,
તે પ્રભુપદકમળ આ ભ્રમરને ગમે,
આ ભ્રમરને ગમે;—
મારા તાપ સઉ વિલાતા, પ્રભુદર્શનીયાં થાતાં,
ત્યાં શમવા વિના બીજું કંઇ ના ગમે,
બીજું કંઈ ના ગમે;—

---

૧ આનંદ આપનાર ૨ કલ્પવૃક્ષ–મનનું ઇચ્છિત ફળ આપનારું ઝાડ
૩ પ્રભુ તરફના પ્રેમરૂપી મોતી ૪ દુધ.

परमेश्वरना प्रेमलक्षणने साधवाथी थतुं हित.

પદ ૫૭. (તત્ત્વતણા દઢ ચિંતને, એ લય.)

નિર્મલ પ્રેમસરિત[1]માં જેની વૃત્તિ ડૂબે છે અખંડ રે,
તેનું જીવવું ધન્ય ગણાતું.
પ્રેમપ્રવાહમાં એ વહી, શુદ્ધ કરે નિજ ગાત્ર,
આધિ વ્યાધિ દહે ઉરના, બને તે પ્રભુપ્રીતિપાત્ર રે; તેનું૦
પ્રેમઝરણુ જે ઉર વહે, અખંડિત સઉ કાલ,
અંતરમાં જેનો કદી, થાય નહિ દુષ્કાલ,
પ્રેમદષ્ટિથી સર્વદા, આકર્ષે નિજમાં જેહ,
સર્વતણા પ્રીતિપાત્ર આ, થઈ રહે વિશ્વમાં તેહરે; તેનું૦
અહિત કરે તેપ્રતિ છતાં, ન્યૂન કરે ના પ્રેમ,
અંતરથી ઇચ્છે સદા, સૌનું યોગક્ષેમ,
વિશ્વતણી સ્પૃહા છોડીને પ્રેમે સ્મરે ગુરુરાય,
દૈવીસંપદ્ ક્ષણ એકમાં, તેને આવી પડે છે પાય રે; તેનુ૦
ચિંતા પ્રભુને સોંપીને, પ્રેમે રહી જે મસ્ત,
હુંપણું પ્રભુમાં ગાળી દે, રહી તેથી ના ગ્રસ્ત,
વિણ પ્રયત્ને પ્રેમથી, વશ કીધા જેણે શર્વ,[2]
વૈભવ શ્રી યશ જ્ઞાન ને, સામર્થ્ય મળે તેને સર્વ રે, તેનું૦
પ્રેમ લક્ષણ ઈશનું, સાધ્યું જેણે યથાર્થ,
અધિક તેથી ના રહ્યો, મેળવવો કો પદાર્થ,
વ્યવહાર સાધતાં વૃત્તિઓ, તેની રહે તેથી ભિન્ન,
નરહરિ નાથથી સર્વદા, તે તો થઈ રહે છે અભિન્નરે: તેનું૦

अंतिम अभ्यर्थना.

પદ ૫૮. (વીર કટી કસજો, એ લય.)

હે પ્રભુ ! જય અમ કરજો, ઉર ઠરજો.
ગ્રહી આપનું વિશ્વે શરણુ, ટળજો અમ જનમમરણ,
સઉ દોષ આ વિખરજો; ઉર ઠરજો.
ચર અચરે તમ દર્શન, કરજો વૃત્તિ ને મન,

---

૧ પ્રેમરૂપી નદી ૨ શિવ.

આ દ્વૈતપણું હરજો; ઉર ઠરજો.
રહી નિત્યે આપ પ્રસન્ન, અર્પીને ધ્યાનનું ધન,
શ્રીમંતપદે ધરજો; ઉર ઠરજો.
અંતિમ વિનતિ શુણી નાથ, રહો નિત્ય નિકટ સાક્ષાત,
કરવા નિજમય વરજો; ઉર ઠરજો.

हृदयमां इष्टदर्शन करनार वृत्तिना अनुभवोद्गार.

પદ ૫૯. (આવ્યું આ વધામણીનું ટાણું રે—)

આવીને આજે અવિનાશી રે, હું પર કરી કરુણા,
કરી છે કૃતાર્થ ઉરે પ્રકાશી.
ઝળહળ ઝળકે છે, મંદિરે જ્યોતિ રે,
અંતરમાં આજ સુધી, દીઠી એવી નહોતી રે,
આનંદી થઈ છું જોતાં ઉડી ગઈ ઉદાસી રે;—
નાદ મધુર દશદિશ સંભળાયે રે,
મનહર ધ્વનિમાંહી, ભાન તો ભૂલાયે રે,
અણુઅણુમાં બની છું હાવે, અધિક હું ઉલ્લાસી રે;—
દૈવી સંપત્તિઓ, આજે પ્રાપ્ત થાયે રે,
મિથ્યા વૈભવ મને, નિકૃષ્ટ જણાયે રે,
દૈન્ય દારિદ્ર ટળીયું, મળતાં આ ધનરાશિ રે;—
જ્ઞાનગંગા મારા, ઉરે શુદ્ધ વહેતી રે,
ન્યાળું નિકટ જે હું દૂર સદા કહેતી રે,
જ્ઞાનામૃત પીને તૃપ્ત આજે થઈ હું પ્યાસી રે;—
અરુણ[1] ઉદય થાતાં, તિમિર વિલાયું રે,
અજ્ઞાનઅભ્ર[2] નભથી, ઝટ વિખરાયું રે,
નિશાચરો અવિદ્યા આદિ, ગયા સૌ નાશી રે;—
નિજસમ કરી છે મુજને, પ્રભુએ પધારી રે,
જીવપણું મારૂં આજે, ગુરુએ નિવારી રે,
જન્મમૃત્યુની ત્રોડી, મહા દૃઢ ફાંસી રે;—

---

૧ પ્રભાતવાળું અજવાળું. ૨ અજ્ઞાનરૂપી વાદળ.

ઉત્સાહ ધરવા પ્રબોધ.

પદ ૬૦. (પ્રભુવિણુ કરીશ ન કોઇની આશ; એ લય.)

ધર વીર ઉર ઉત્સાહ તું આજ.

આ જગમાં ઉત્સાહવિના કાંઇ, કાર્ય કદી ન સધાતું,
તેથી નિરુત્સાહી ના બન તું, ઉર સુખ એમ ન થાતું;—
વિશ્વપ્રતિ દૃષ્ટિ કરી જો કો, નિરુત્સાહી જણાયે ?
પશુ પક્ષી પણુ પ્રતિક્ષણુ કાર્યે, ધરી ઉત્સાહને ધાયે;—
નિરુત્સાહી રણુમાં બનતાં, અર્જુનને ઉરવિષે,—
જયઅર્થે ધારણુ કરવાને, ઉત્સાહ સૂચવ્યું ઈશે;[1]—
વિધવિધ વિદ્યા દેશવિદેશે, પ્રસરી રહી જે ન્યાળે,
તે જનના ઉત્સાહથી પ્રસરી, વિચારી જો આ કાળે;—
સદ્‌ગુરુ વળી ક્ષણુ ક્ષણુ આપે શું, આજ્ઞા તે સ્મર ભાઇ,
સૂચવે એ ઉત્સાહને ધરશો, તો ભળશો પ્રભુમાંહી;—
ઉત્સાહસીડીપર[2] માટે તું, પગ ધરી આજે જાજે,
નિષ્ફલતાના પ્રસંગ ઉપજે, પણુ નિરુત્સાહી ન થાજે;—
પ્રભુ પ્રસન્ન ઉત્સાહને જોઈ, અપૂર્વ તારો થાશે,
નિજમય સત્વર કરશે તુજને, જય યશ તારો ગાશે;—
સિદ્ધ કરી એ પહેલું સાધન, પછી જપ આદિ સાધી,
અંતર ઉતરી ઇશરૂપ થાજે, પ્રભુ અંતે આરાધી;—

ઇષ્ટસમીપનું સર્વ કંઈ ધન્ય છે.

પદ ૬૧. (વેળાવળ).

ધન્ય જગતમાં તેહ છે, પ્રભુસમીપે રહે જે,
જડ ને ચેતન સૌ વસ્તુઓ, ધન્ય પ્રભુ જે લહે તે;—
સુગંધિત સુંદર પુષ્પની, માળાને છે ધન્ય,
પ્રભુકંઠે નિરંતર રહે, તેથી શ્રેષ્ઠ કો અન્ય ?—
પાદુકાનાં અહો ભાગ્ય છે, પ્રભુચરણે ધરાયે,
તેમાં રહેલો આત્મા સ્પર્શથી, પાવન થઈ જાયે;—

---

૧ શ્રીકૃષ્ણે. ૨ ઉત્સાહરૂપી નિસરણી ઉપર.

ચંદનકાષ્ઠ તો શ્રેષ્ઠ છે, સર્વ કાષ્ઠની માંહે,
કાં જે પ્રભુના લલાટમાં, જેનું તિલક તો થાયે;—
વેણુનું પુણ્ય ખરેખરૂં, (જેને) પ્રભુએ ઓષ્ઠે[1] ધરી'તી,
જેના શ્રવણથી ગોપીઓ, કૃષ્ણમય થઇ ફરીતી;—
સર્વ અંગુલિમાં[2] અનામિકા[3]ની ઉત્તમતા વિશેષ,
કાંજે પૂજન કરી ઇશનો, સ્પર્શ કરતી હમેશ;—
તેથી અધિક શ્રેષ્ઠ ઋષિ મુનિ, જેણે અવિનાશી નિરખ્યા,
નિકટ પ્રભુને જોઇને, ધ્યાને વૃત્તિ મન હરખ્યાં;—
ધન્ય તે ભક્તો જેમના,—પર પ્રભુ ધરી પ્રેમ,
પ્રત્યક્ષ થઇ ભક્તિવશ બની, જેનું વહ્યું યોગક્ષેમ;—
આ જગમાં પુણ્ય તેહનું, જેને સદ્‌ગુરુ મળીઆ,
તેમાં પણ સંબંધ કરી, ધન્ય સ્વરૂપે જે ભળીઆ;—
જડ ને ચેતનમાં એ રીતે, દૃષ્ટિ કરતાં જણાય,
પ્રભુનો સંબંધ અધિક જેને, ઉત્તમ તે જ ગણાય;—
શ્રેષ્ઠ થવું હોય તો કરી, યત્ન પ્રભુને ગમવું,
સાચો સંબંધ સદ્‌ગુરુતણો, સેવી સ્વરૂપમાં શમવું;—

विद्यारूपी रात्रिमां चितिचंद्रनां दर्शन करनार वृत्तिना उद्‌गार.

પદ ૬૨. (તન પ્રેમકી રાખ લગાલે તું, એ લય.)

વિદ્યારાત્રિ હૃન્નભમાં શી ! આજે આ શાંત છવાઇ છે,
આ કૃષ્ણ પક્ષની ગાઢતિમિરની, રાત્રિ હાવે વિલાઇ છે;—
વળી પૂર્ણ કળાથી ચિતિઇન્દુ, પ્રકટ્યો આજે નભમાંહી છે.
અનવધિ શાંતિમય રૂપેરી, ચાંદની શી તેણે છાઇ છે;—
આ પ્રેમવૃત્તિકુમુદિની તેનાં, કરી દર્શન અતિ મલકાઇ છે,
થઇને સંલગ્ન અતિ આજે, શશિસાથે તે સંધાઇ છે;—
અમૃતરસના સિંચનથી તો, એ વૃત્તિ ખુબ સીંચાઇ છે,
અદ્‌ભુત જીવનબળ જે મળતું, સ્તુતિ જેની કદી ન કથાઈ છે;—
આ અસ્થિર વૃત્તિરૂપી સરિતા,[4] પણ સ્થિર થઇ આજ જણાઇ છે,
નિજ જળમાં ચંદ્રતણું જોઇ, પ્રતિબિંબ અતિ હરખાઇ છે;—

---

૧ હોઠે. ૨ આંગળીઓમાં. ૩ છેલ્લી નાની આંગળીની પાસેની આંગળી. ૪ નદી.

રાત્રિકુસુમો[1] જે ખીલી રહ્યાં, સુગંધ તેની પ્રસરાઇ છે,
તનમન ને પ્રફુલ્લ કરનારી, જોઇ રાત્રિ મતિ અંજાઇ છે;—
આ હૃદયકુમુદિનીની કળીઓ, નિત્યે રહેતી બીડાઇ જે,
તે ચંદ્ર પ્રકટતાં ખીલી રહી, આજે પ્રભુ વિલસ્યા જ્યાંહી છે;—
આ શરદ પૂનમસરખી રાત્રિ, જેની સ્તુતિ દેવે ગાઈ છે,
તે કમનીય રાત્રિમાં રમતાં, પ્રભુઅભિન્નતા જ સધાઇ છે;—

આત્માવિના અન્ય કશું સ્થિર નથી.

પદ ૬૩. (વાલમજી વહેલા વળજો રે, એ લય.)

જોજો શું જગે સ્થિર ભાસે રે, દૃષ્ટિ કરીને,
સ્થિર આત્મસ્વરૂપ જણાશે રે, જોજો ફરીને.
પરિવર્તન[2] તો આ વિશ્વે, વસ્તુ સકલનું થાતું,
કદિ એકરૂપે ન જણાતું, કદિ ન જણાતું રે;—
નગરીને સ્થલ વન થાતું, વનસ્થલમાં નગ[3] બની જાતું,
સિંધુસ્થલ રણુ દેખાતું, રણુ દેખાતું રે;—
ક્ષણમાં જે ગિરિ દેખાતો, ક્ષણમાં તે ખીણરૂપ ભાસે,
અસ્તોદય[4] સૂર્યે જણાશે, સૂર્યે જણાશે રે;—
થતું કમનીય[5] ક્ષણમાંહી જે, નભ તારા ચંદ્ર પ્રકાશે,
વળી ક્ષણમાં અભ્રે[6] છવાશે, અભ્રે છવાશે રે;—
આ કાળ, ઋતુ ને વૃષ્ટિ, નિત્ય ક્રમથી બદલાતાં,
સુખદુઃખ પણ આવી વિલાતાં, આવી વિલાતાં રે;—
આ બાલ, યુવા ને વૃદ્ધા,–અવસ્થા જે ત્રય[7] વહેતી,
સ્થિરતાથી એક ન રહેતી, એક ન રહેતી રે;—
લક્ષ્મીપતિ રંક જ થાતો, લક્ષ્મી સકલ અલપાતાં,
વળી રંક થતો ધનદાતા, ધનનો દાતા રે;—
એમ વિશ્વ સકલના પામે, રૂપાંતરો આ પદાર્થો,
તેને સ્હાતાં સરે ન સ્વાર્થો, સરે ન સ્વાર્થો રે;—
અંતર મન, મતિ, ઇન્દ્રિયો, વૃત્તિ અને આ બુદ્ધિ,
ત્યાં પણ થતી હાનિ વૃદ્ધિ, હાનિ વૃદ્ધિ રે;—

---

૧ પુષ્પો. ૨ ફેરફાર. ૩ નગર. ૪ આથમવું ઉગવું. ૫ સુંદર. ૬ વાદળે ૭ ત્રણ.

અવિચલરૂપે તો રહેવું, આ આત્મસ્વરૂપ અંતરમાં,
(એ) જોજો વિચારી તે ઉરમાં, તેહ જ ઉરમાં રે;—
આ શબ્દ લક્ષણા વૃત્તિ,—ને તેહ સ્વરૂપશું સાધી,
શમી રહેવું પ્રભુ આરાધી, પ્રભુ આરાધી રે;—

आत्मरविनी रश्मिरूपे भान करती वृत्तिना उद्गार.

પદ ૬૪. (મન પરદેસી, છાંડ ચલે, એ લય.)

પ્રભુસૂર્યકેરી, રશ્મિ[1] હું છું.
પ્રકાશને પ્રસરાવતી રશ્મિ જેમ ગગનમાં રાજે જી,
મુજ આત્માની રશ્મિ બનીને, ઉર પ્રકાશું આજે;—
પ્રકટ સૂર્યકેરી રશ્મિઓ, જેમ ન સૂર્યથી ન્યારી જી,
મુજ આત્માભાનુથી[2] પૃથક્તા[3], તેમ જણાય ન મારી;—
સમુદ્રનાં મોજામાં બળ જેમ, સમુદ્રમાંથી આવે જી,
મુજ આત્મા તદ્વત્[4] મુજ ઉરમાં, નિત્યે બળ પ્રકટાવે;—
ભૂમિ ભેદીને વિદ્યુત્ બળથી, રશ્મિ નીચે જાતાં જી,
તદ્વત્ જીવત્વપટ ભેદીને, વિચરૂં છું હું જ્યાં ત્યાં;—
સદ્ગુણપુષ્પો ખીલી ઉઠે, પ્રકાશ થાતાં મારો જી,
અજ્ઞાનઉલૂક છૂપાઇ જાતું, જ્યાં મારો ઝગકારો;—
અભિન્ન સૂર્યથી હું છું તેથી, રહું સૂર્યની સાથે જી,
વિશ્વત્રિષે વ્યાપું પણ મારો, સંબંધ સૂર્યસંગાથે;—
આત્મરવિમાંથી હું નિત્યે, સમગ્ર બળને લઉં છું જી,
ગ્રહણ કરે જે મુજ પ્રકાશને, તેને પ્રેમે દઉં છું;—
આત્મરવિરશ્મિની ભાવના, મુજ ઉર સંતત વ્યાપે જી,
જ્યારે જે કંઇ જોઇએ મારે, ચિદ્રવિ[6] તે તે આપે;—

---

૧ કિરણ. ૨ આત્મારૂપી સૂર્યથી. ૩ જુદાઇ. ૪ તેની રીતે. ૫ અજ્ઞાનઘુવડ. ૬ ચિતિરૂપી સૂર્ય.

લક્ષ્યસ્થાનપ્રતિ વાળનાર વચનો.

પદ ૬૫. (આવી મારી ઝુંપડીમાં, એ લય.)

ચાલ વેગે આજ ના ચુકીશ દાવ, ભાઇ ! તાકીને માર
અચુક બાણુ.
વ્યર્થ હવે સમય નહિ ગુમાવ, ભાઈ મારા, જો તું તારૂં લક્ષ્યસ્થાન.
બળ તુજમાં રહ્યું જે તે આજ વાપરી,
કર શત્રુસૈન્યનાશ અભયતાને ધરી,
ન જાઇશ બીજે ક્યાંહિ ભૂલી ભાન; ભાઇ મારા૦
ચઢયાં જોઈ અભ્ર આપદાનાં[1] ત્રાસ જે તું ના,
તારા ઉત્સાહસૂર્યતેજે[2] વિખરાવાનાં,
ચાલ ચાલ હવે કર તું પ્રયાણુ; ભાઈ મારા૦
સર્વ સામગ્રી તુજ પાસે તૈયાર છે,
અતિ મહાન્ અસ્ત્રશસ્ત્ર શત્રુ હરનાર છે,
અહી સદ્‌ગુરુના મંત્રરૂપ કૃપાણુ;[3] ભાઇ મારા૦
જિતી સર્વ દુર્ગ[4], રિપુ[5] હણીને વીર ! આવજે,
ઇષ્ટસ્મરણે જ્યાં ત્યાં વિજયધ્વજ ફરકાવજે,
લે વિરામ આવી તારૂં ત્યાં સ્વસ્થાન; ભાઇ મારા૦

अभिनंदन.

પદ ૬૬. (દેખુંગી, મેરા ભોરા સાંવરીયા, એ લય.)

પામું છું હર્ષ ભાળી સ્વજનને,
ભાળી. ભાળી, ભાળી રી;—
પ્રેમકુસુમથી સઉને વધાવું,
દઇને અભિનંદન હરખાઉં,
બંધુજનને ન્યાળી, ન્યાળી, ન્યાળી રી,
આજ નિકટ આ નયને:—
શ્રદ્ધાનાં વસ્ત્ર સજીને આવ્યાં,
બહિરંતર સાચાં શોભાવ્યાં,

---

૧ વિપત્તિનાં. ૨. ઉત્સાહરૂપી સૂર્યના અજવાળે. ૩ તરવાર. ૪ કિલ્લો. ૫ શત્રુ.

સઉ ઉત્સાહે ચાલી, ચાલી, ચાલી રી,
દીપાવ્યાં આ સદનને:—
એકતા અદ્‌ભુત દીસે તમારી,
સચ્ચિંતન રહ્યાં જેવાં વિચારી,
જોઈ દૃષ્ટિ પ્રેમવાળી, વાળી, વાળી રી,
થાય આનંદ મનને:—
લ્હાવો અનુપમ આજે લીજે,
સાર્થક્ય[1] દેહનું આજે કીજે,
પ્રભુપદમાં રહો મહાલી, મહાલી, મહાલી રી,
કરી ઇષ્ટદર્શનને:—

તત્ત્વાનુભવપરિમલને ગ્રહણ કરવા પ્રબોધ.

પદ ૬૭. (અંતરરે, અહાહા, એ લય.)

[2]પરિમલરે, પ્રસર્યો, કહો શાનો કરીને વિચાર,
આપે આહ્લાદ[3] જેહ અપાર,
કંઈક નવીન જીવન ભરનાર રે;—
હૃદયવાટિકામાં એ પરિમલનો, આજ થયો છે પ્રસાર,
ચાલો પ્રવેશીએ તેમાંહિ પ્રેમે, મધુકર[4] બની આ વાર રે;—
એ પરિમલથી મસ્ત બનીને, કરીએ પ્રેમગુંજાર,
ડોલીએ અંતરમાંહિ નિરંતર, ચઢતાં ખુમારી અપાર રે;—
અદ્‌ભુત આત્મકમલ ત્યાં ખીલ્યું, અવનવો જેનો બહાર,
સતચિત્‌આનંદરૂપી (તેના) પરાગના, બનજે પ્રિય! ચુગનાર રે;—
શરીરપ્રદેશમાં એ પરિમલની, લહરિ પ્રસરે જે વાર,
અનંત સામર્થ્ય ઉભરાતું જાણે, વર્ષી અમૃતની ધારરે;—
મનના પ્રદેશમાં એહ પ્રસરતાં, કરતો કંઈ ચમત્કાર,
સમાધિનિદ્રામાંહિ એ મનને, લીન કરી દેનાર રે;—
મંદપણે વહી મધુરતાસાથે, આનંદ અતિ અર્પનાર,
જહરિકૃપાથી એ અનુભવપરિમલ, સુંઘી શકે નરનારરે;—

---

૧ સફળતા. ૨ વાસ. ૩ આનંદ. ૪ ભમરો.

શ્રી ઇષ્ટાનુગ્રહવૃષ્ટિ ઝીલનારનો અનુભવ.

પદ ૬૮. (દશદિશ શાંતિ કેવી જણાય, એ લય.)

અનુગ્રહવૃષ્ટિ[1] શી ! રેલાય, હૃદયાકાશથી;
વર્ષ્યે[2] શીતળ તનમન થાય, હૃદયાકાશથી.
જ્ઞાનાંકુર ફુટે મુજમાંહ્ય;
ભૂમિ નવપલ્લલિત[3] થઇ જાય; હૃદયાકાશથી.
ઉરના તાપ સમૂળ શમાય,
શાંતિ–સુશાંતિ સઘળે લહાય; હૃદયાકાશથી.
બુદ્ બુદ્ હર્ષના ઉભરાય,
જલવિણુ કાંઇ ના દેખાય; હૃદયાકાશથી.
સઘળું તૃપ્ત તૃપ્ત જણાય,
જીવનબળ થકી છલકાય; હૃદયાકાશથી.
ધારાનું સ્વરૂપ શું કથાય,
અનુભવવિણુ ન કદી સમજાય; હૃદયાકાશથી.
સર્વાંગે આ મનમતિ નહાય,
વર્ષામાં લહી જગરાય; હૃદયાકાશથી.
ઉરથી અન્ય કશું ન વદાય,
ઉપકારો પ્રભુના ગાય; હૃદયાકાશથી.

સરિતાના દૃષ્ટાન્તથી મનુષ્યને કર્તવ્યનો ઉલ્લેખ.

પદ ૬૯. (જોજો શું જગે સ્થિર ભાસે રે; એ લય)

શા શા સરિતા ! ગુણુ ગાઉં રે, હું સદા તારા;
જોતાં અતિ સ્તબ્ધ હું થાઉં રે, અંતરે મારા.
રમ્યતા પ્રસરી ચોપાસે, વળી શાંતિ તુજમાં ભાસે,
નિર્મલતા છે તુજ પાસે રે;—
તું નિર્મળ તેથી જણાયે, અભ્યંતર જે તુજમાંહે,
એવું સ્પષ્ટ ન બીજે ભળાયે રે;—

---

૧ કૃપારૂપ વરસાદ. ૨ વરસવાથી. ૩ નવાં પાંદડાંવાળી.

(તું) નૈસર્ગિકતા[1] દર્શાવે, પ્રભુનું માહાત્મ્ય લહાવે,
(તુજ) સૌન્દર્યે જગ શોભાવે રે;—
સજ્જનદુર્જન ના જોતી, પણ સર્વેના મલને ધોતી,
સર્વની શુષ્કતા ખોતી રે;—
રસની ભરી તું તો રેલે, નિર્ભ્રાન્તપણે તું ખેલે,
મલમાત્રને આઘા ઠેલે રે;—
ગિરિમાંથી પ્રકટ થઇને, શુદ્ધ રહેતી નીચે વહીને,
સિંધુમાં શમતી જઇને રે;—
તુજસમ જો માનવ બંધુ, બનીને એક જળનું બિંદુ,
વહે તો લહે પ્રભુરૂપ સિંધુ રે;—
નવ એક જગાએ રહેતાં, આગળ ને આગળ વહેતાં,
જીવ પણ શિવપદને લહેતા રે;—
તું ભાષણથી નથી કહેતી, નથી લેખથી બોધ તું દેતી,
કહે, કૃતિથી વહેતી વહેતી રે;—
તુજ બોધ ગ્રહીને જગ આ, ભરશે આગળ જો પગલાં,
તો લહેશે સુખડાં સઘળાં રે;—

દૈવી આનંદને અનુભવવાઅર્થે સાધકોને નિમંત્રણ.

પદ ૭૦. (સંકેલી વૃત્તિને વીરા બ્હારથી રે; એ લય,)

લેવા દૈવી આનંદ આ મંદિરમાં રે, સાધક બંધુ કોઈ આવો,
તેને ભરીને આ અંતર ને બહિરમાં રે, લેજો કંઈ કંઇ સુખલ્હાવો.
બંધુ કોઈ આવો, સંગે સંબંધિ લાવો, સમય મળશે ન આ'વો,
તે ના બીજે ગુમાવો; લેવા૦
ઉપાસી પ્રભુ, આનંદ લઇએ, આજે થઈ એકમેક,
કાં જે આનંદ ગણાય પ્રભુનો, ત્રણ ગુણમાંનો એક રે; સાધક૦
હોય ન એક આનંદ તો આ જીવન આખું વ્યર્થ,
આતુરતા અંતર પ્રકટાવી, આવો અત્ર તદર્થ[2] રે; સાધક૦
હૃદયકમલમાં કમલનયન પ્રભુને જોઇ ગ્રહી આનંદ,
ગુંજારવ આનંદનો કરવા, આવો સાધકમકરંદ રે[3]; સાધક૦

---

૧ સ્વાભાવિક. ૨ તે માટે. ૩ સાધકોરૂપી ભ્રમર.

હસાવીએ આનંદે જગજન, જે જે દુઃખી હોય,
નવપલ્લવરૂપ તેને કરીએ, સિંચિને આનંદતોય રે; સાધક૦
આંખવડે જેમ આંખ જણાતી, તેમ ધર્યે આનંદ,
આનંદરૂપ પ્રભુ દેખાતા, (જેને) જોતા વિરલા સંત રે; સાધક૦
અજર નિશો આનંદતણો કરી, આનંદે બની મસ્ત,
નિજાનંદ નરહરિરૂપ થાવા, આવો બંધુ સમસ્તરે; સાધક૦

જીવનની ઉન્નતિ કરનાર એક મુખ્ય સાધન.

પદ ૭૧. (હું સાધક છું, હું સાધક છું, એ લય.)

એક જ જોઇએ, એક જ જોઇએ, જીવનની ઉન્નતિ કરવા,
એકવિના છે સર્વ નકામું, શૂન્યે કાર્ય નથી સરવાં.
ઉદ્દેશ ઉંચા ને વળી, વિચાર આચારો કદી,
જાણી પ્રયત્નો સેવીએ, તે સિદ્ધ કરવા મથી મથી;
પણ જેમ જીવનને જરૂર છે, નિત્ય શુદ્ધ હવાતણી,
તે આપીએ ના, તો ઉરે, રહે શક્તિ શી રીતે ઘણી; એક જ૦
તેમ સર્વ યત્નોમાં સદા, જે મુખ્ય પાયારૂપ રહ્યો,
શાસ્ત્રો અને ગુરુએ વળી, જેને સતત ધરવા કહ્યો;
સામર્થ્યમય તે એક છે, ઉત્સાહ જીવનમાં સદા,
જે પ્રકટતાં સર્વત્ર જય જય થઇ રહે ટળી આપદા; એક જ૦
ઉત્સાહથી સુખ, શ્રી અને, યશ જ્ઞાન આદિ આવતાં,
ધારણ કરો તે આજથી, સાધક જગે જો ફાવતા;
આગળ અને આગળ વધી, કર્તવ્યને ઝટ સાધશો,
ઉન્નત સુખદ ને ભવ્ય જીવનયુક્ત તો સહજે થશો; એક જ૦

સાધકત્વ કર્તવ્યના સાધનઅર્થ છે.

પદ ૭૨. (નરતનુ પામી પંથિ; એ લય.)

સાધક બન્યા તો બંધુ! કામ કરવાનું,
ભ્રમનચમનમાં મિથ્યા નથી ફરવાનું; બંધુ!
રાખવી પડશે ગુરુમાં અવિચલ શ્રદ્ધા, બંધુ!
કામ ન એને સહેલું સમજવાનું; બંધુ!

સાધન હોય જે જે ગુરુએ બતાવ્યું; બંધુ !
શ્રમ કરીને તેને સદ્ય સાધવાનું; બંધુ !
વિવિધ વિપત્તિમાંહી અડગ રહીને; બંધુ !
મલક મલક મનથી ત્યાં તો હસવાનું; બંધુ !
ગુરુ જય પામે એવું નિજ જીવનમાં; બંધુ !
મુખથી ન માત્ર મોટી 'જય' બોલવાનું; બંધુ !
ઉંચા નિશ્ચયમાં સ્થિર પ્રતિદિન થઇને; બંધુ !
વિશ્વબાજીમાં શાંતિ ધરી ખેલવાનું; બંધુ !
નરહરિનાથ થાય સુપ્રસન્ન એવું; બંધુ !
નિર્ભય પછીથી જ્યાં ત્યાં વિચરવાનું; બંધુ !

नाविकनुं दर्शन, नाविकनुं अदर्शन, नाविकनुं स्मरण, नाविकनुं पोतानामां आरोपण.

પદ ૭૩. (તારી કાયાનગરી આ ઉજડ થશે, એ લય.)

હું તો નાવિક શોધું આ ભવદરીયે,
પાર જાવાને કાજે, નાવિકે નાવ મુજ હંકાર્યું;
મધ્યે લાવીને, નાસી જશે એ મેં ન ધાર્યું;—
સમુદ્રસ્વરૂપ આવું, ગંભીર મેં ન કદી જોયું,
તેથી સુકાની,—વિના વૃત્તિએ ધૈર્ય ખોયું;—
નાવ આ ડોલડોલ, થાય ઘણું નીચે ઉંચે,
તોફાની જળમાં, ક્યાં જવું તે ન જરી સુઝે;—
પૂછું કોને હું અહિંઆં, ભાળ મને કોણ આપે,
કરુણા કરીને, નાવ કો મારૂં આરે સ્થાપે;—
મધ્ય દરીયે મને ઓચીંતા છાંડી ઓ સુકાનિ !
ક્યાં ચાલ્યા, અહિં તો, ઉપર છે આભ નીચે પાણી;—
હાં, હાં, કહો શું, આપ છુપાયા છો જોઈ જાણી ?
શક્તિ મુજ જોવા, નાવ મારૂં ચલાવવાની ?—
આજ સુધી આ નાવ, ચલવ્યું છે પ્રત્યક્ષ થઇને;
ધાર્યું હવે શું, ચલાવવું અપ્રત્યક્ષ રહીને ?—
કરુણા કરીને નાથ ! મુજ હાથમાં તવ આવો,
હલ્લેસવાનું, બળ મુજમાં ઉપજાવો;—

આપના સામર્થ્યેંથી, નિશ્ચય હું જઇશ પાર પેલે,
આપે[1] નાવિક થઈ, જઇશ સ્વસ્થાને મારી મેળે;
બની આ ભવદરીયે,
હું તો નાવિક બનીને આ ભવદરીયે.

શ્રી ઇષ્ટપ્રાપ્તિ અભ્યર્થના.

પદ ૭૪. (થઇ પ્રેમવશ પાતળીયા. એ લય.)

જાગો, જીવનપતિ ! જાગો,
મુખ ઘુંઘટને કરી આઘો રે; જાગો૦
જગાડવા મનરંજન ગાયા, મેં કંઇ કંઇ સુંદર રાગો,
અન્નજળવિણુ કરી ઘણી લાંઘો, કર્યા જપ ને વિધવિધ યાગોરે;—
સમજી શકું નહિ હજી રહ્યો શું, આપનો આપવો લાગો,
નિદ્રા હવે તો ત્યાગો, મળી ઓલવો વિરહની આગો રે;—
અલ્પ પ્રયત્નથી પ્રસન્ન થઇને, ઉરની અવિદ્યા ભાગો,
રંકપાસે અધિક ન માગો, અન્ય ચિંતનથી હવે તાગો[2] રે;—
નરહરિનાથ ગણી મુજને નિજ, અંતરથી અનુરાગો,[3]
હરવા આ ભેદનો ડાઘો, નિજરૂપ કરો સંગો રે;—

સંતોષ.

પદ ૭૫. (જોગી ન થા રાજા ભરથરી, એ લય.)

સદ્દગુણ વિધવિધ વિશ્વમાં, જે જે સુખદ મનાય જી,
તેમાં સંતોષ ગણાય છે, જેનું ફલ વર્ણ્યું ન જાયજી,
સુખ જે જીવન વિષે લાવવું.
સંતોષ ને આ સુખમાં, નથી ભેદ લગાર જી,
સંતોષી જન જે તેહને, ભાસે તૃપ્તિ અપાર જી,
પરમ વિશ્રાંતિ લે ભોગવે.
સંતોષે કરી શોભતી, જેની વૃત્તિ સદાય જી,
દુઃખ ઉદ્વેગ કે વિકલતા, તેને નડે ન જરાય જી,
તૃણુસમ દિસે નૃપવૈભવો.

---

૧ પોતે જાતે. ૨ નિવૃત્ત થાઓ-પાર લાવો. ૩ પ્રિતિ બતાવો.

પડતું ન પ્રતિબિંબ મુખનું, અસ્વચ્છ આપમાં જેમ જી,
તૃષ્ણાપીડિત ચિત્તે જ્ઞાનનું, ન પડે પ્રતિબિંબ તેમ જી,
કાં જે અસંતોષી તેહ છે.
પૂર્ણિમાનો ચન્દ્ર શોભનો, જેમ રમ્ય ગગન જી,
તેમ શોભે છે આ વિશ્વમાં, પૂર્ણ તૃપ્ત જે જન જી,
દેવો તેના ગુણ ગાય છે.
તૃપ્તિ પામ્યા જે જન કરી, સંતોષામૃતપાન જી,
અપૂર્વ ખુમારીમાં તે વહે, તેને સર્વ સમાન જી,
અખંડ નિશ્ચિંત તેહ છે.
સત્સુખસુરતરનું દીસે, એક બીજ સંતોષ જી,
વાવો પછી તેના ફળતણા, ભરો ઉરમાંહિ કોષજી,
જન્મ સફલ જગે જાણજો.

ક્ષુદ્રતરખી વસ્તુઓ ઉપેક્ષણીય નથી.

પદ ૭૯. (કોઇ એક સમે, એ લય.)

કોઈ એક સમે સિંધુએ કહ્યું કૂપને, વ્યર્થ જીવન આ તારૂં દીસે,
મારા જેવી નહિં ઉપમા તને આપે, જન આ સહજમાં કો વાતવિષે.
રહ્યાં મોતી અમૂલ્ય ઘણાં મારી પાસે, સામર્થ્ય મારૂં ગણાતું ઘણું,
પૃથ્વીનો ભાગ જલથી મેં રોક્યો ઘણો, તારી વાત હું એવી ન કાંઇ ગણું.
શુણીને આ કહ્યું કૂપે, હે ઉદધિ! નહિ રાખ મોટાઇ તારા મનમાં,
રૂપ નાનું છે મારૂં પરંતુ હું ઉપયોગી, મારા પ્રમાણમાં છું જનમાં.
વારિ અખૂટ રહ્યું તારી પાસે તથાપિ ન લેતા કો તેમાંથી જલઅંજલિ,
તૃપ્ત પામે છે કંઇક તૃષિત જનો જગમાં મુજને જ્યારે આવે મળી.
વળી ધાન્ય પાકે મારા મીઠા જલે, વળી થાતી વનસ્પતિ મૂલ્યવતી,
પ્રાણપોષક અન્ન તે જલ તે હું છું, મારાથી પણ છે સુખી આ સંસ્રૃતિ.
શીતકાળવિષે થઉં ઉષ્ણ અને ઉષ્ણકાળવિષે હું શીતલ થઉં,
અને એ વિધિથી મારાથી બનતું સુખ, નાના મોટા સૌને હું દઉં.
અરે વિશ્વના મોટા જનો! તમે વિશ્વના નાના જનોને ન ઉવેખશો,
નાની વસ્તુમાં પણ તેને ઘટતી પ્રભુએ મૂકી ઉપયોગિતા તે લહેશો.
નિજ જીવનમાં નાના નાના પ્રસંગોને પણ રખે નિરુપયોગી ગણો,
વૃક્ષ ફણુસતણામાંથી ફણુસ ગ્રહો (ને) બાજરીના ડુંડામાંથી[1] દાણો લણો.

---

૧ ફણુસલામાંથી.

લક્ષણાવૃત્તિને પ્રભુમાં શમાવવા પ્રબોધ.

પદ ૭૭. (પ્રભુથી લગાવી દે તું તારી; એ લય.)

પ્રભુમાં શમાવી દે તું તારી, આ લક્ષણા, પ્રભુમાં શમાવી દે તું તારી.
વિષયની પ્રીતને નિવારી; આ૦
હૃદયપ્રદેશે, તું સ્થિર થઇ આજે,
ત્યાં ક્રમે ક્રમે જાજે, રાજે જ્યાં રુડા વિશ્વવિહારી; આ૦
પ્રભુભક્તિસરિતે, ધરીને પ્રેમ નહાજે,
સર્વાંગે શુદ્ધ થાજે, સ્હાજે તું પ્રભુપદ મલહારી[1]; આ૦
તુજ દેહોદ્યાને[2], આત્માતરુ ઉગાડી,
આ જીવત્વની ઝાડી, ઉખાડી દે તું સદ્ય યત્ન ધારી; આ૦
બાહ્ય સાધુતા, ધરી ન બન ઢોંગી,
અક્ષયપદ ભોગી, સંયોગી તત્વે થઇને, રહે જારી[3]; આ૦
જનિમૃતિકેરી, આ શૃંખલાને[4] ભાગી,
સ્વરૂપે રહી રાગી, વિરાગી થઈ, ન પીજે મોહવારિ; આ૦
મેળવ પ્રયત્ને, તું બ્રહ્મધનરાશિ,
નૃહરિને ઉપાસી, અવિનાશી તને ચઢશે ખુમારી; આ૦

સ્ત્રીજાતિનો અજ્ઞાનનો હેતુ.

પદ ૭૮. (સદ્‌ગુરુ તેને શું કરે; એ લય.)

પત્ની પછી શું કરે, જો ન આપે પતિ કાંઈ જ્ઞાન, પત્ની૦
એક વેલિને લાવીને માળીએ, પછી પાણી ન પાયું લેશ,
સુકાઇ તેમાં તેનો વાંક શું રે, એનો માળી મળ્યો જ્યાં નેશ;—
એક પશુને બાંધ્યું બારણે, પછી પોષ્યું ન આપી ઘાસ,
પાલક થઇ તેણે વાળીયું રે, નિજ પશુકેરું સત્યાનાશ;—
વાદ્યંત્ર તો આણ્યું પછી તેને નાંખી મુક્યું ખૂણામાંહ્ય,
સમય આવે રુડું ન બોલીયું રે, એમાં દૂષિત શું વાદ્ય ગણાય?—
હાથ ઝાલીને સ્ત્રી લાવીને પછી નાંખી ઘરની માંહ્ય,
લક્ષ ન આપ્યું સુધારવા રે, પછી ક્યાંથી તે સુધરી જાય;—

---

૧ મલને હરનાર. ૨ દેહરૂપી બાગ. તત્વની સાથે થઇને અક્ષયપદનો અખંડ અનુભવ કરનાર થા. ૪ બેડીને.

સ્ત્રીદ્વારા વિધવિધ કાર્ય કરાવવા ઇચ્છે પતિ હંમેશ,
પણ તે કાર્ય કરવાતણું રે, જ્ઞાન પતિ નવ આપે લેશ;—
લઢયે, વઢયે, ઝઘડયે કદી નવ, મળતું સ્ત્રીને જ્ઞાન,
અકળાયાવિણ પ્રીતિ ભાવથી રે, ક્ષણક્ષણ સમજાવે થાય જ્ઞાનભાન;—
પામી પતિએ દીધેલ જ્ઞાનથી, મૈત્રેયી બ્રહ્મજ્ઞાન,
સમર્થ પતિના પ્રભાવથી રે, પત્ની હણી શકે નિજ અજ્ઞાન;—
સંપૂર્ણ દોષ ન સ્ત્રીતણો જો હોય તેહ ગમાર,
મુખ્યત્વે સ્ત્રીના અજ્ઞાનનો રે, નિજ પુરુષને માથે છે ભાર;—
કરવી કુશળ નિજ પત્નીને, કાર્યમાં રાખી સાથ,
કરવી નિપુણ વિધવિધ રીતે રે, એ છે સુશીલ પતિને હાથ;—

वर्तमानकालमाहात्म्य.

પદ ૭૯. (આજ કરી લો; એ લય.)

કંઇક વિચારો, કંઇક વિચારો, કયો કાલ સુખ પ્રાપ્તિકાજ,
વિચારી જોતાં સહજ જણાશે, વર્તમાન છે એક જ આજ.
ચિંતન કદી ભૂતકાલનું ઉપયોગમાં નહિ આવશે,
ભાવિતણું ચિંતન વળી, સુખ શાંતિ સાચી ન લાવશે;
હૃદયે શુભાશા રાખવી, ભાવિતણી એ શ્રેષ્ટ છે,
કર્તવ્યમાટે ઉભય એ સમયો પરંતુ નેષ્ટ છે; કંઇક૦
જન્મીયો જન્માંશ એ ચિંતને જો ક્ષુધાર્થિ[1] રહીને કદી,
ના પ્રાપ્ત ભોજનને જમે તો ભૂખ તેની નથી જતી;
આ વર્તમાનતણો સમય સંગી રહ્યો છે આપણો,
હરવા ક્ષુધા ન ગુમાવશો એ કાલ કદી રળીયામણો; કંઇક૦
કરી અનુકૂલ વર્તમાનને, વર્તમાનમાં પલટી સ્થિતિ,
સુખને ગ્રહેજો વર્તમાનમાં, વર્તમાન આ શરીરે અતિ;
યત્ને વહીને વર્તમાનમાં, વર્તમાનમાં સ્થાપી મતિ,
ત્રિકાલ થાશે સફલ, વર્તમાને ભજતાં શ્રી નરહરિપતિ; કંઇક૦

---

૧ ભૂખ્યા.

સ્તવન.

પદ ૮૦. (જ્યોતિર્મય તત્ત્વાકર, એ લય.)

શ્રીપતિ સર્વેશ્વર ! સદ્ગુરુવર ! જય જગદીશ્વર !
શુભ સમયે અમને દો શુભ વર; શ્રીપતિ૦
મનહર ! ભયહર ! આપ પ્રકટ રહો અંતર,
રાજો શક્તિસહિત મુર્દ્ધમાં મહેશ્વર !—
આપ સ્વરૂપ જોવાનો દો ઝટ અવસર.
કરો કૃતાર્થ કરી કરુણા કરુણેશ્વર !—
મન મલકાતું રહો અષ્ટ પ્રહર,
તત્ત્વથી અખંડ થઇ રહો તત્ત્વર;—
નૃહરિ ! પ્રસન્ન હો સાધકજનપર,
ગર્જો મસ્તપણે સાધક હર હર હર;—

મનપ્રવાસીને ભવરણપ્રવાસનિમિત્ત સૂચના.

પદ ૮૧ (કોણ સુબોધ દે શ્રી ગુરુવિના એ લય.)

હે મન ! તું પ્રવાસી થઈને શું ફરે હે જી, ભૂલી ભવરણની માંય,
ત્રિવિધિ તાપ તપે ઘણો, હે જી, જેથી બળબળ થાય; હે મન !
અવિદ્યારેતી ત્યાં ધગધગે હે જી, અજ્ઞાનફોલ્લાઓ થાય,
આ દશદિશમાંથી ધીખતી, હે જી, મૃત્યુકારક લુ વાય; હે મન !
સહજ સહજમાં આવે ચઢી, હે જી, વ્યાધિવિપદ્દનં ટોળ,
દાટી દે ભ્રમધૂલિમાંહિ તે હે જી, થઈ ના શકે પંથખોળ;—
નામ ન વેલી કે વૃક્ષનું હે જી, શીતલ નહિ સુખછાંય,
એવા રણે સુખ માનીને, હે જી, પ્રિય મન ! કાં તું ધાય:—
ઇચ્છા જો રણના પ્રવાસની, હે જી, સાવધ થઇને પ્રવેશ,
યોગ્ય વસ્તુઓ સાથે રાખજે, હે જી, (જેથી) પડે કષ્ટ નવ લેશ;—
સદ્ગુરુ ભોમીયા રાખજે, હે જી, દર્શાવે (જે) સીધી વાટ,
તત્ત્વવિચારઉંટે ચઢી હે જી, લેજે શાંતિજળમાટ;[1]—
સદ્ગુણ ભાથું રાખીને, હે જી, ખેડી રણ જઇ નિજ દેશ,
નિજ ગૃહે સ્વસ્થ થઇ બેસજે, હે જી, ત્યાગી પ્રવાસીનો વેષ;—

---

1 શાંતિરૂપી જળનું માટલું

વૃક્ષઉપરથી લેવાયોગ્યલક્ષ.

પદ ૮૨ (માટીના ઘડનાર કુંભાર, એ લય.)

વનસ્પતિસૃષ્ટિના હે તરુ ! તારા સુગુણ અપાર.
વિધવિધ રસનાં ફલ તું આપે, મિઠાં તૃપ્ત કરનાર,
સુંદર પુષ્પોને ઉપજાવી, સુગંધી પ્રસારનાર;—
કાષ્ટ તું આપે ખમી કુહાડાના ઘા જબરા નિત્ય,
ગુણી અવગુણી જોયાવિણ સઉપર રાખી રહે સમપ્રીત.—
પ્રસારીને શીતલ નિજ છાયા, ઠારે જનને અપાર,
અપકારિઉપર પણ કરતું, સદા ઘણા ઉપકાર;—
તુજથી ઉત્તમ મનુષ્યજાતિ, જગમાં જેહ ગણાય,
તુજ જેવા પણ ઉત્તમ સદ્‌ગુણ, સઉમાં ત્યાં ન લહાય;—
આપે તું જગજનને નિત્યે, ગુપ્તપણે બહુ બોધ,
તુજ દૃષ્ટાંત વિચારે તો પછી, કરવી ન રહે કંઇ શોધ;—
અનંત ઉપકારક હે તરુવર ! તારૂં જીવન ધન્ય,
સમજી જગજન કરે કૃતિ તો, બને પ્રભુથી અનન્ય;—

ભક્તિરૂપી પુષ્પ સુંઘવા અધિકારી ભ્રમરને પ્રબોધ.

પદ. ૮૩. (રે મીરાંને પૂર્વ જનમની છે, એ લય.)

સુંઘો, સુંઘો, મધુરું ભક્તિફુલરે, જેની દૈવી સુગંધી;
સુંઘતાં મસ્તીમાં થાશો અતિ ડુલરે, જાશે મનની દુર્ગંધી.
ગુલાબ, ચંપો, મોગરો, જૂઈ, જાઇ ને બકૂલ,
દીસે નહિ આ કુસુમસમ, છે રે એ તો સ્વર્ગનું મૃદુ ફુલરે; જેની૦
કદી જો અંતરમંદિરે, છુપું રાખ્યું હોય,
બ્રહ્માંડે પણ પ્રસરતો, તેનો દિવ્ય પરિમલ તોય રે; જેની૦
સુંદર મોહક પાખંડી, નવ તેની અદ્‌ભુત,
મોહ્યા સુર ઈશકોટી ને, સિદ્ધો, ભોગી ને વળી અવધૂત રે; જેની૦
લો તેમાંની પ્રેમથી, પ્રિય ! પાંખડી એક,
અનુભવશો લેતાં તમે, ઉરમાં સામર્થ્ય સાચું એકાએક રે: જેની૦
અજરામરતા આપતું, તાપ હરીને સમૂલ,
ભોગી ભ્રમર બની રહો, પરિમલમાં રહી મશગૂલ રે; જેની૦

એહ પુષ્પ સુંઘવા છતાં, પણ ઉચ્છિષ્ટ ન થાય,
પ્રભુને પણ બહુ પ્રેમથી, રુડું ભક્તિફુલડું અર્પાય રે; જેની૦
પ્રભુને પણ બહુ પ્રિય છે, એ ભક્તિનું ફુલ,
જયંતીજીવનચરણમાં, અર્પી તેને લો લાભ અમૂલ્ય રે; જેની૦

શ્રી ઇષ્ટનું વિવિધ સ્થલે દર્શન કરવા પ્રયત્ન કરી ચુકેલી વૃત્તિનાં શ્રી ઇષ્ટપ્રતિ વચનો.

પદ ૮૪. (પ્રિયતમ મારે હૃદયકમલ, એ લય.)

ક્યારે પ્રભુ ! હવે મળવાનું ધાર્યું છે ? શોધી ત્રાસી રી,
પ્રભુ ! હવે શોધી હું ત્રાસી રી.—
કોઇએ કહ્યું મને ત્રિવેણીઘાટે, છે અવિનાશી રી,
દોડી હું તત્ક્ષણ, આપ ન જોયા, મોં' વકાસી રી,
રહી હું તો મોં' વકાસી રી;—
શાસ્ત્રમાં વાંચ્યું મેં નાભિમાં રહે છે, વિશ્વવિલાસી રી,
ચાલી હું પડતાં મૂકી સઉ કામો, જોયું મેં ક્યાસી રી,
મળ્યા ના, જોયું મેં ક્યાસી રી;—
જાણ્યું મેં આપ હૃદયકલિકામાં, રહ્યા પ્રકાશી રી,
કષ્ટ વેઠી જઇ જોઉં તો ત્યાંથી, પણ ગયા નાસી રી,
કોણ જાણે, ક્યાં ગયા નાસી રી;—
મૂર્ધામાં જોવાનું કહેવામાં આવ્યું, યત્ને ઉપાસી રી,—
પહોંચી, હું પણ ત્યાં ન દર્શન કીધાં, શું વ્યોમવાસી રી,
થયા પ્રભુ, શું વ્યોમવાસી રી;—
જોયાં મેં આપનાં સ્થાન હવે આ થાકી છે દાસી રી,
દર્શન દો હવે સ્થિર થઈ આવા, રહો ન પ્રવાસી રી,
કૃપા કરી રહો ન પ્રવાસી રી;—
મળશો ન જો હવે નાથ તો કરશે, જણજન હાંસી રી,
તેથી યાચું મળી નરહરિ હરજો, જનિમૃતિફાંસી રી,
ગળેથી જનિમૃતિફાંસી રી;—

तत्त्वानुभवप्राप्ति—क्यांथी अने शाथी.

પદ. ૮૫ (મુજ વિમલ આત્મસ્વરૂપ બંધુ—એ લય.)

જાણો શું અનુભવ તત્ત્વનો ક્યાંથી અને શાથી મળે ?
માન્યું હશે વિષયે મળે તો, નહિ મળે, નહિ મળે.
આ કરણ વૃત્તિ બુદ્ધિ મન અવિહિત ચિંતનમાં ભળે,
માનો ભ્રમે, નિઃસંગ તો એ, નહિ મળે, નહિ મળે.
વાણી વદે હું તત્ત્વ છું, પણ મન ન સાચું તે ગ્રહે,
તો જાણજો એ શબ્દજ્ઞાને, નહિ મળે, નહિ મળે.
ગુરુબુદ્ધિ ખોટી હોય તો પણ સાચી મનવી મન ઠગે,
(પછી) શિષ્યત્ત્વ ધાર્યું માની ફરતાં, નહિ મળે, નહિ મળે.
ધન ધામ કીર્તિ ને યશે જો વૃત્તિ મન જઈ જઈ ઠરે.
આશા ધરો વળી તત્ત્વની તો, નહિ મળે, નહિ મળે.
ચિંતા ક્ષણે, ગ્લાનિ ક્ષણે, ભય, શોક ભાવો જો રહે,
એવા જીવત્વતણા પ્રદેશે, નહિ મળે, નહિ મળે.
[જ્યારે] સ્થૂલ, સૂક્ષ્મ સુખથી પર રહીને તત્ત્વમાં વૃત્તિ વહે,
હું તત્ત્વમય છું ભાન થાતાં, ઝટ મળે, ઝટ મળે.
શાસ્ત્રો અને શ્રીસદ્‌ગુરુ જે માર્ગ અનુભવનો કહે,
તેમાં વહેતાં આ જ જન્મે, ઝટ મળે, ઝટ મળે.

विषयविलासी मनुष्यने प्रबोध.

પદ ૮૬ (હરિને ન ભજતો એ લય.)

પ્રભુને વિસારે કાં તું, થઈને સહેલાણી.
થઈ રંગરાગે ગાંડું, સદા મોજ માણી,
બની મત્ત આ જીંદગાની, કરે ધૂળધાણી;—
વિષયની વાતો કરવી, ગમતી, મઝાની,
ઘડી જંપી માળા તારાથી ન ફેરવાણી;—
સંભળાવે પ્રેમે જો કો, તને જ્ઞાનવાણી,
કહે તેને તો પંચાતો, તમે કરો શાની;—
હાલ તો લાગે ઘેલા. સ્થિતિ આ મઝાની,
નહિ કામ આવે જ્યારે, મૃત્યુ ગ્રહે પાણિ[1] ;—

---

૧ હાથ.

સડોસડ હુતો ઘેલો, મારે જ્યારે તાણી,
નહિ સાથ આપે ત્યારે, મૂર્ખ કોઈ પ્રાણી;—
સ્મરી લે સવેળા સમજી, માટે, શૂલપાણિ,
જાગ્યા ત્યાંથી વહાણું (એ) ન્યાયે, કર પાછી પાની;—
ઉપેન્દ્ર પ્રભુને ભાવે, સ્મર સ્નેહ આણી,
પ્રભુમય થવામાં તારૂં, દેખાડ તું પાણી;—

प्रतिकूलता ए विवेकीने हितजनक द्वार छे.

પદ ૮૭. (આ સ્વપ્નાસમ સંસાર—એ લય)

પ્રતિકૂલતા એ પણ દ્વાર, હિતકેરૂં આ સંસારે,
અનુભવ વિધવિધ અપાર, મળતા પ્રતિકૂલદ્વારે.
અંતરમાંથી શમાવી વિકલતા, સહે શાંતિથી જે પ્રતિકૂલતા,
સુખના ન તોટા,—તેને, બન્યા તે મોટા,
તે કરતા દુઃખસંહાર રે;—
પ્રતિકૂલતામાં પ્રહ્લાદ તરીયા, પાંડવ પણ પ્રભુને ઝટ વરીયા,
પામ્યા સુદામા,—લક્ષ્મી, પ્રતિકૂલતામાં,
એવાં દૃષ્ટાંતો અપાર રે;—
ઉંડાણુથી તેને જોયાથી, પ્રતિકૂલની ખુબી સમજાતી,
આવ્યો વિતાવે, પ્રસંગ અનુકૂલ ભાવે,
તેનો જય જરૂર થનાર રે;—
પ્રતિકૂલતાપડદાના પૃષ્ઠે, પ્રભુ રક્ષા જે મળે ન્યૂન કષ્ટે,
થાતાં કસોટી, પૂરી, ન થાતાં ખોટી,
મળતા ઝટ વિશ્વાધાર રે;—
પ્રતિકૂલ પણ અનુકૂલ ગણી લેવું, આપણું એ કર્તવ્ય લહેવું,
ડરી ન લગારે, રાતે નહિ તો સવારે,
પ્રતિકૂલતા જરૂર જનાર રે;—
દુર્બલ બનવું નહિ કોઇ રીતે, આગ્રહથી સુખ દુઃખમાં નિત્યે,—
નૃહરિને નિરખવા, પાસે પછી જરી ટકવા,
પ્રતિકૂલતાના નથી ભારરે;—

અનુભવવા યોગ્ય વસ્તુવિના સઘળું જોયું વૃથા છે.

પદ ૮૮. (હરિ થા સ્મરી નિત્ય નરહરિ, એ લય.)

અનુભવ્ય જો ન અનુભવ્યું, તો સર્વ જોયું વૃથા થયું.
છો બિંબ ચંદ્રતણું દીઠું, (પણ) અમૃત ન તેનું પીધું મીઠું,
તો મુખ્ય ફલ તેનું ન કર્યું, જોયું બધું નિષ્ફળ ગયું.—
છો સૂર્યનું રશ્મિ લહ્યું, જીવન ન તેમાંનું ગ્રહ્યું,
તેમાંનું બળ નવ મેળવ્યું, તો વ્યર્થ તનુ તાપે દહ્યું;—
બાગે ભલે વૃક્ષો કર્યાં, તેમાંથી ફલ જો ના ગર્યાં,[1]
(તો) અર્થો ન તેથી કશા સર્યાં, વાવેલું તેનું ના ફળ્યું,—
ભોજન વઘાર્યાં ને તળ્યાં, ખારાં અને ખાટાં ગળ્યાં,
ખાધાં, ન પણ પોષણ મળ્યાં, તો વ્યર્થ એ મોં દુઃખવ્યું;—
જાણ્યું હવામાં છે રહ્યું,—બળ, વાંચ્યું પણ ન અનુભવ્યું.
તેમાંથી પણ તે ના ગ્રહ્યું, તો શ્વસનકષ્ટ[2]જ ના ફળ્યું;—
શબ્દો કહ્યા પાંડિત્યના, વચનો વહ્યાં શાસ્ત્રોતણાં,
શ્રોતાતણાં દુઃખ ના હણ્યાં, તો વ્યર્થ તે સઘળું લવ્યું;—
સદ્‌ગુરુતણા શરણે જઇ, વૃત્તિ વિરોધી ના દહી,
ગુરુસ્વરૂપમાં સ્થિરતા ન થઇ, તો અફલ તેહ શરણ ગ્રહ્યું;—
વિજયી જગે જેને થવું, અનુભવ્ય તેણે અવનવું,—
શોધી અનુભવીને જવું.—લક્ષ્યે પરમ જ્યાં સઉ રહ્યું;—

ચિન્મયતારૂપ પરિણામી સ્થિતિ.

પદ ૮૯. (પ્રિયતમ પ્રભુ કરીએ વંદના, એ લય.)

ચિતિ લહી ચિન્મય આજે થયાં,
ઉર પ્રકટ નિરંજનને લહ્યાં;—
ચિતિચમત્કૃતિઓ દેખાતી, જ્યાં જ્યાં અમ નેત્રો ગયાં;—
ઇષ્ટઅનુગ્રહ અમપર થાતાં, સાધનકષ્ટ અમે સહ્યાં;—
યોગીસરખા પણ નવ જાતા, તેવા માર્ગે અમે વહ્યાં,—
પ્રભુપ્રસાદપિયૂષને પીતાં, જનનમરણ સહજે દહ્યાં;—
અનાયાસ મળતાં દેખાયાં, જે જે સુખ જેણે ચહ્યાં;—
અધિક હવે શું ? અમને જ્યારે, પ્રભુએ પોતાનાં કહ્યાં;—
નરહરિચિતિને ચિંતવનામાં, સહજે ચિતિમય થઇ રહ્યા;—

---

૧ મળ્યાં. ૨ શ્વાસ લેવા મુકવાની મહેનત.

સ્તુતિ યાચના.

પદ ૯૦ (શિખરિણી છંદ,)

નમીને યાચું છું, સુમતિ ઉર સ્થાપો નરહરિ !
નિવારીને પાપો, ભવરણથકી મુક્ત જ કરી;
ગુણો સર્વે આપી, અવગુણ સઉ આ દુર કરો,
રિપુને સંહારી, અભયપદ આપી દુઃખ હરો.
મતિને સુધારો, કુમતિ સઉ કાપી કળ કરી,
કૃપાળુ હે ત્રાતા ! નમન કરી માગું કરગરી;
વળી આધિવ્યાધિ, સકલ મમ પીડા પણ હરો,
નમું છું સાષ્ટાંગે, વરદ કર શીર્ષે વિભુ ધરો.

દોષો ટાળવા શ્રી ઇષ્ટને વિજ્ઞપ્તિ.

પદ ૯૧ (શ્રવણ કરો ના ગુરુ હું, એ લય)

પ્રભુ હું વિનવું ઉરના દોષો દૂર કરાવજો રે,
વૃત્તિ ઠરાવજો રે: પ્રભુ હું૦
અલ્પ મતિ સાધન ના સાધ્યું, પ્રેમે પ્રભુપદમાં ના વાધ્યું,
બળ કળ આપી સાધન સદ્ય સધાવજો રે; પ્રભુ૦
વિકાર પ્રભુ ઉપજે આ મનમાં, ભટકે સ્થિર ન રહે કણ ક્ષણમાં,
એ મનકપિને સદ્ય હવે તો ઠરાવજો રે; પ્રભુ૦
ષડ્રિપુ આ ઉરમાં અતિ વ્યાપ્યા, દુર્ગુણ સઉ અંતરમાં સ્થાપ્યા,
દઇ બળ દૃઢ આ તનુમાં એને મરાવજો રે; પ્રભુ૦
અવિદ્યાદિ કલેશો પ્રભુ કાપી, જ્ઞાનપ્રકાશ જ હૃદયે સ્થાપી,
હૃદયતિમિરને સત્વર ઉરથી નિવારજો રે; પ્રભુ૦
અલ્પ સ્તુતિ પ્રભુ આ સ્વીકારી, તાપ ત્રિવિધિના સદ્ય નિવારી,
નમી યાચું ભવસિન્ધુથી ઉદ્ધારજો રે: પ્રભુ૦

વિજ્ઞપ્તિ.

પદ ૯૨ મેવાડો

કરુણાળુ દાતા રે, ત્રાતા સર્વ જીવના રે,
આપો નિત્યે સદ્ગુણકેરું દાન;
ત્રય તાપ ટાળી રે, સુખશાંતિ આપજો રે,

વૃત્તિ સર્વે ધારે આપનું ધ્યાન; કરુણા૦ ૧
અંતર શુદ્ધિ કરીને રે, કાપો ગુરો ! પાશને રે,
જેથી થાયે જ્ઞાનતણો જ પ્રકાશ;
ભ્રમ ભીતિ ટળીને રે, નિર્વિકાર થઈ રહું રે,
કરજો એવો ઉર ચૈતન્યઉજાશ; કરુણા૦ ૨
અવિદ્યા નિવારી રે, અંતરબળને આપશો રે,
જેથી પ્રકટે મનમાં શુદ્ધ વિચાર;
પ્રેમ સાચો પ્રકટો રે, આપ પદપદ્મમાં રે.
જેથી જાઉં સદ્ય આ ભવજલપાર: કરુણા૦ ૪
અંતની વિજ્ઞપ્તિ રે, જે તે રીતે તારશો રે,
ફરી જન્મમૃત્યુમાં નહિ જ પડાય;
એવું પ્રભુ કરજો રે, એ જ કરું પ્રાર્થના રે,
યાચું નમી નૃસિંહ પ્રભુને પાય; કરુણા૦ ૪

स्वरूपदर्शन कराववा श्री इष्टने निवेदन.

પદ. ૯૩ (ઈશ્વર ક્યાં અમો શોધું, એ લય.)

જય જય જગપતિ ! આજે સ્વરૂપ નિજ નયને દર્શાવો,
નયને દર્શાવો, સકલ સ્થલ દૃષ્ટિએ આવો: સ્વરૂપ૦
પ્રત્યેક કરણોને પ્રભુ ! અતિ શુદ્ધિમાં લાવો,
સર્વત્ર વિલસ્યા, ભાન એ આ ઉર સ્ફુરાવો; સ્વરૂપ૦
વાણી સદા ઇચ્છે પ્રભુ ! યશ આપનો ગાવો,
આ કર્ણ પ્રાર્થે આપને, શુભ નાદ સંભળાવો: સ્વરૂપ૦
આ હસ્ત ઇચ્છે મળે ક્યારે પૂજનનો લ્હાવો,
હેતી લક્ષણા, પ્રભુ આપને જે મંત્રે સંધાવો: સ્વરૂપ૦
મન માગે, નિરંતર આપ તેને, ગગને ઉડાવો,
નિકૃષ્ટ સરખી અધો ભૂમિમાં હવે ન અથડાવો: સ્વરૂપ૦
હર્ષલહરિ આ હૃદયઉદધિમાં ઉછળાવો,
દૈવી સ્ફુરણરૂપી મોતી તેમાં આપ નિપજાવો; સ્વરૂપ૦
આ વિધિ કરણમાત્રે પ્રભુ નિજ નામ ફેલાવો,
અભિમાનીને અંતે સ્વરૂપપદતલ સ્પર્શાવો: સ્વરૂપ૦

इष्टसाक्षात्कार करवा साधकोने उपदेश.

પદ ૯૪. (આવી મારી ઝુંપડીમાં આજ, એ લય.)

ચાલો આજ જઇએ ગુરુદ્વાર, સર્વ પ્રેમે,
મેળવવાને ગુરુરાજ.
પુરુષાર્થ આદરો અપાર, સર્વ પ્રેમે,
મળશે સત્ફલ સહજમાં જ.
સત્ય સાધનો સમારંભે સર્વ સાધીએ,
સિદ્ધ કરવા ઉદ્દેશ ઇષ્ટ આરાધીએ,
લઇએ તત્ત્વફળ, છોડી વિષયપ્યાજ; સર્વ૦
ગુરુબોધ દ્વારપંથ સ્પષ્ટ બતલાવશે,
દૈવી સંપત્તિ પુષ્પવડે જ્યાં વધાવશે,
ભક્તિ દેવી લઇ જશે જ્યાં જગરાજ; સર્વ૦
જેના મંદિરે નાદ દિવ્ય સતત વાગતા,
દિવ્ય ગંધ અને દિવ્ય તેજ જ્યાં સોહાવતાં,
જે સમીપે લાજે કોટિ સૂર્યભ્રાજ;[1] સર્વ૦
સમીપમાં જઇને શક્તિ તથા શક્તિનાથને,—
કરી પ્રણામ પામીએ અનુગ્રહપ્રપાતને,
જેથી થઇએ સર્વ રીતે પ્રભુનાં જ; સર્વ૦
સાચી નિષ્ઠાથી સદ્ગુરુને જો ઉપાસીએ,
તો તો અલ્પશક્તતાથી પછી ન ત્રાસીએ,
ચાલો ઈશ ભજી ગ્રહીએ સામ્રાજ્ય; સર્વ૦

सप्रेम निमंत्रण.

પદ. ૯૫ (ઈશ્વર ક્યાં અમો શોધું, એ લય,)

આવો, બંધુઓ ! આવો, સકળ આ ઉત્સવે આવો.
ઉત્સવે આવો, ગ્રહેવા અવનવો લ્હાવો;—
પ્રેમે પરસ્પરમાં મળીને, પ્રેમ પ્રકટાવો,
ગુરુબંધુ છો સઉ એક, તે સ્વકૃતિથી દર્શાવો;—
'પ્રાણાત્મ બંધુરૂપ' લખો એ સ્પષ્ટ બતલાવો,
થઈ એક અનુપમ સ્નેહરસને, પીઓ ને પાઓ;—

---
1 સૂર્યનો પ્રકાશ.

ઉત્સાહથી આવો સમય કદી મળે ના આ'વો,
ઉલટી વહેતી ઇન્દ્રિયોને સુલટી પલટાવો;—
જઇ વાણિમૂલમાં, મંત્રમૂલમાં, અધિક રોકાઓ,
આ સપ્ત દિનમાં સપ્ત ભૂમિના અનુભવી થાઓ;—
આવી સમારંભે સકલ સદ્‌ગુરુસુગુણ ગાઓ,
સ્મરી વિશ્વવંદ્યપ્રયત્ન સાધનક્રમ સુદૃઢ ચ્હાઓ;—
સ્મરી જયંતીપતિ જય ગ્રહેવા, ભક્તિ ઉપજાવો,
ભક્તિવડે ભગવાન્ વશ કરી, આણુ વર્તાવો;—

साधनसमारभमां वास्तव कर्तव्यमति वळेला रहेवा अर्थे उपालंभ वचनो.

પદ ૯૬. (અંતરમાં ઉંડે જાતાં આ શું ! એ લય

સાધનસમારંભે આવીને શું સાધ્યું શું વીરા !
જાતે વિચારો અને મુજને પણ કહો તો ખરા;—
ભજનના ભાવમાં વૃત્તિને સ્થાપી કે,
કાને નકામા સુણ્યા ઢોલકું ને મંજીરા;—
મનની તૃપ્તિદાતા ભોજન લીધાં કે,
કહોને આવીને માત્ર ખાધા લાડુ ને શીરા;—
સત્ત્વપ્રસાદ[1] લેવા ધરી તત્પરતા કે,
ઝાલર ઝાપટવા માત્ર બની રહ્યા અધીરા;—
વિશુદ્ધ પ્રેમથી ઉર ઉછળે છે કે,
મિથ્યા વાતો કરી તપાવો મગજની શિરા[2];—
તમારા મનની તમે જુઓ છો એબ્રા કે,
મિથ્યા જુઓ છો બીજા બંધુકેરા તાસીરા;[3]—
ઉપાસના કરી બંધુ ભગિની ! બનો,
ભક્તો સાચાં જેવાં ધ્રુવ, પ્રહ્લાદ, મીરાં;—
સાધન સાધીને, સદ્‌ગુરુ સેવીને,
પથરા મટીને હાવે, બનજો કાંઇ દિવ્ય હીરા;—

---

૧ સત્ત્વરૂપી પ્રસાદ. ૨ નાડીઓ. ૩ તમારા.

स्वरूपप्रदेशप्रति जवाने निमंत्रण.

પદ ૭૭. (બોલો કોઇ બોલો, એ લય,)

ચાલો કોઈ ચાલો,
ચાલી નિજ દેશ જઇને, સુખે કરી ત્યાં મહાલો; ચાલો.
અગમ્ય દેશે, સંગે જઇએ, જે કળરુપ રસાળો,
સદા સુકાળ બન્યો જ્યાં રહેતો, જે અખંડ હરીયાળો;
ધીરે કોઈ ચાલો, વેગે કોઇ ચાલો:—
દિવ્ય ભોગ જ્યાં રહ્યા સદાયે, ત્યાં નથી વિરહની જ્વાળો,
પૂર્ણ અવિક્રિય પ્રશાંત જે છે, નથી કામ ત્યાં કાળો.
રાગી કોઈ ચાલો, ત્યાગી કોઈ ચાલો:—
મનવાણીથી પર પ્રદેશ એ, અદ્દભુત આજ નિહાળો,
અભય સ્થાન, જ્યાં રંચે ન વાગે, કદી કાળનો ભાલો.
સંતો કોઇ ચાલો, ધીમંતો કોઇ ચાલો:—
રોગ શોક ચિંતા કે નથી ત્યાં, ત્રિવિધિતાપ ઉકાળો,
નથી ખોડ વસવાની ત્યાં કે, નથી ઘર, દર કે માળો.
ગૃહીઓ કોઈ ચાલો, નિગ્રહી કોઈ ચાલો:—
નથી શત્રુ ત્યાં લડવા જેથી, નથી લેવાની ઢાલો,
અજાતશત્રુપદ છે એ તો, તેમાં સહજે મ્હાલો.
સંગે કોઇ ચાલો, અંતરંગે કોઈ ચાલો:—
ભલે જણાયે વિઘ્નો મધ્યે, તદપિ વેગ ન ખાળો,
એક લક્ષ અંતરમાં ધારી, હાલો રે ભાઇ હાલો.
સાધુ કોઈ ચાલો, સાધ્વી કોઇ ચાલો:—
એ પ્રદેશ વહી પ્રદેશપતિ જ્યાં, નરહરિપ્રભુ છે વહાલો,
તેના અંકે રમીને પીવા, અજરઅમરરસપ્યાલો,
વહાલાં કોઇ ચાલો, ભલા થઇને ચાલો;—

सद्गुरुरत्नप्राप्त साधकना हर्षोद्गार.

પદ ૭૮. (મળ્યા રે મળ્યા અમને અહિંઆ રે, એ લય,)

જડ્યું રે જડ્યું એક અમને રે, સાચું રત્ન સહજમાં,
ચઢ્યું રે ચઢ્યું અમ નયને રે, સાચું રત્ન સહજમાં.
રત્ન અલૌકિક હાં, જેની દીપ્તિ છે દૈવી,
અરંગ રંગે એ દીપતું રે: સાચું૦

જેની સમીપમાં હાં, જે જે આવે પદાર્થો,
વિણ ઝળકયે ઝળકાવતું રે; સાચું૦
સાચા ઝવેરી એનું હાં, મૂલ્ય આંકવા જાતાં,
પોતાનું મૂલ્ય અંકાઇ જતું રે; સાચું૦
દિવ્ય ગુણો પણ હાં, તેમાં અદ્‌ભુત કંઇ કંઇ,
સ્પર્શે જે તેને તે જાણતું રે; સાચું૦
પૂર્ણ સુભાગી જે હાં, હોય તેને તે મળીયું,
સૌની નજરે જો કે આવતું રે; સાચું૦
વાણીથી જેનું રે હાં, વર્ણન કદી ન કરાતું,
ઉર મહામૂલ્ય અંકાવતું રે; સાચું૦
સુભાગ્યસદ્‌ગુરુ[1] હાં, મળ્યું એવું અલૌકિક,
સુભાગ્ય જેનું જેનું હતું રે; સાચું૦
સદ્‌ગુરુરત્નને હાં, મેં તો હૈયે મઢાવ્યું,
તન, મન જે પર ઝુલતું રે; સાચું૦
જેમ જેમ તેને હું હાં, જોઉં તેમ તેમ ગુંજને,
નિજમય એ તો બનાવતું રે; સાચું૦

इष्टविषे भद्रबुद्धि धरीने निश्चिंत रहेवा उपदेश.

પદ ૯૯. (મારા સંગી થજો, એ લય.)

પ્રભુએ ધાર્યું હશે, નિશ્ચય તે તો થશે,
શાને વૃથા ચિંતા તું ધરે;
દુઃખ સઉ સહજે જશે, સુખ તો સ્વયં આવશે,
પ્રભુ અનુકૂલ દૃષ્ટિ જ્યાં કરે.
પ્રતિકૂલ ભાસે ઉપરથી, પણ રહી ઉર નિશ્ચિંત જી,
ઉતરી ઉંડે અંતરે, કેવલ એક પ્રભુને ચિંત;—
અલ્પદૃષ્ટિ જે આપણી, તે જણાવે વિપરીત જી,
પણ પ્રભુદૃષ્ટિ તે વિષે, જોઇ રહી કંઇક ઉચિત;—
કરવાનું તો એક છે, ધર પ્રભુમાં વિશ્વાસ જી,
'વિશ્વાસે વહાણો વહે,' લક્ષે રાખજે એ ખાસ;—

---

૧ સદ્‌ગુરુરૂપી રત્ન.

હુંપણું ધરી બીજા ફરે, તેના લે નહિ વાદ જી,
'વિશ્વાસે વશ વિશ્વપતિ,' એટલું રાખજે તું યાદ,—
નાથતણા જે થઇ રહે, થઇ રહે તેના નાથ જી,
ઉગરી જઇશ તું સહજમાં, પ્રભુને છે હજારો હાથ;—
જયંતીજીવનહસ્તમાં, દઇ તુજ જીવનદોરજી,
વાયુવશ જેમ પર્ણ વહે, તેમ તું વહે ત્યજી નિજ તોર;[૧]—

पतिपत्नीनुं असंगतपणुं.

પદ ૧૦૦. (શ્યામરંગ સમીપે ન જાવું, એ ઢાળ.)

કોઇ રીતે યુગ્મ આ કે'વાય? કંઇ વિચારી કહો,
કોઇ રીતે યુગ્મ આ કે'વાય?
પુરુષ અને પત્ની આચારે વિચારે એક—
આમ અને એક આમ જાય; કંઇ૦
ગૃહસ્થાશ્રમ કે આ તે કયો આશ્રમ,
(જેમાં) એક બીજાનો ના મેળ ખાય, કંઇ૦
સાધક જ્યાં 'ગુરુ' ગુરુ' શબ્દ બોલતા,
તેની સ્ત્રી બોલે 'હાય હાય'; કંઇ૦
સાધક જેમાં 'હરિઇચ્છા' એમ જાણે,
સ્ત્રીથી 'ભોગ કરમના' વદાય; કંઇ૦
સાધક તો બ્રહ્મતણું ઉંડું રહસ્ય લહે,
સ્ત્રીથી બ્રહ્મરાક્ષસ સમજાય; કંઇ૦
પુરુષવડે ઉચ્ચ શાસ્ત્રવાર્તા ચર્ચાય છે,
સોગટાં સ્ત્રિઓથી ટીચાય; કંઇ૦
માનસ, શરીરશાસ્ત્ર પુરુષ વાંચે, સ્ત્રીથી,—
અક્ષર એક ન ઉકેલાય; કંઇ૦
ભાષાની શુદ્ધિમાં સાધક વધે ત્યાં સ્ત્રિથી,—
'પોંચ' અને 'હેંડ' ઉચ્ચરાય; કંઇ૦
સ્નેહલગ્ન, આત્મલગ્ન ચિંતવે પુરુષ તવ,
પે'રામણીમાં સ્ત્રિઓ ગુંચાય; કંઇ૦

---

૧ પોતાનું મિથ્યાભિમાન.

સાધક આત્માપ્રતિ જાવા વિચારે,
નાતમાં જવાને સ્ત્રિઓ ચહાય; કં૦૯૦
બાળકને ઉચ્ચ ભાવના દે પુરુષ ત્યાં, સ્ત્રી,—
'રડયો, મુઓ, ઉછેદીઓ,' ગાય; કં૦૯૦
ધારણામાં ધ્યેયને સાધક જોવા મથે,
પારણાનું બાલ સ્ત્રિઓ ધ્યાય; કં૦૯૦
રાજ્ય કર્યું, દેશ કર્યો, સામાન્ય જ્ઞાને પણ,
સ્ત્રિઓની ચાંચ ન બોળાય; કં૦૯૦
(આવો) ગૃહસ્થાશ્રમ રૂપ ધારે મનુષ્યનું તો,
ખરેખર લંગડો દેખાય; કં૦૯૦
પત્નીને અવનતિએ જાતિ જો રક્ષે,
'પતિ' નામ સાર્થક તો થાય; કં૦૯૦
કંઇક તો પ્રયત્ન કરો સાધક બંધુઓ,
ઉદ્ધારવા સ્ત્રીસમુદાય; કં૦૯૦
'ભામિનીભૂષણ'ના કર્તાના શિષ્ય આપણે,
તો જ છાતી કાઢીને બોલાય; કં૦૯૦

आत्मभानुरूपे पोताने अनुभवत्रा साधकोने सुबोध.

પદ ૧૦૧. (ગોકુળમાં લઇ ચાલો, એ લય.)

સૂર્ય બની વ્યોમવાસી[૧], હો સાધકબંધુ! થાજો.
સર્વ ગ્રહો આકર્ષાય છે કેવા,
ભાનુપાછળ જુઓ ક્યાસી; હો૦
તદ્વત્ સૂર્ય થતાં તમપ્રતિ તમ,
આકર્ષાશે સુખરાશિ[૨]; હો૦
બનતાં દિવાકર,[૩] સદ્ગુણકમલો,
તમપ્રતિ રહેશે વિકાસી; હો૦
જાગ્રત, જીવનસૃષ્ટિ આ થાશે,
તિમિર જશે વળી નાસી; હો૦
જીવત્વઉલ્લુક[૪] એમાં ભરાશે,
રહેશો તમે જ્યાં પ્રકાશી; હો૦

---

૧ આકાશમાં રહેનાર. ૨ સુખનો ઢગલો. ૩ સૂર્ય. ૪ જીવપણારૂપ ઘુવડ.

પ્રખર તેજે સઉનાં નેત્ર અંજાશે,
રહેશે સઉ તમને ઉપાસી; હો૦
નૃહરિ કૃપાથકી, સાધન સાધી,
થાવા ગગનનિવાસી; હો૦
એક જ કામ તમારૂં આ વિશ્વે,
બનવું રવિ અવિનાશી; હો૦

सहचरीसंमेलननी सार्थकतानिमित्त अभ्यर्थना.

પદ ૧૦૨. (જય નૃહરિપ્રભો પ્રણુનિ—એ લય.)

જય સચ્ચિતિધન ! જય મલભંજન ! જય મનરંજન !
જય ભવભંજન !
કરીએ વંદન, કરી ઉર ચિંતન, કરજો કરુણેશ ! કૃપાસ્યંદન.
સદા સુધાધર, અજરઅમરકર, સદ્‌ગુરુવર ! હર ! છો સચરાચર,
મનમતિથી પર તદપિ મનહર, મંગલ જયકર !—
સામર્થ્યે છઇએ નિષ્કિંચન, થશું આપ કૃપાથી અમે કાંચન,
પલટાવો જીવન, આંજી અંજન, જેથી કરીએ અમે પ્રભુદર્શન;—
પૂર્ણ પરાત્પર, અગમ અગોચર, પ્રકટો અંતર શુણી આર્તસ્વર.
સ્વપરભાવ હરી હરજો સત્વર, જીવશિવઅંતર;—
ઉદ્ધરણ કરો આ પતિત સ્ત્રીજન, સંસૃતિને કરીએ સ્વર્ગસદન,
હે નરહરિ પ્રભુ ! આશીષવચનઃ હો સાર્થક सहचरीसंमेलन;—

उन्नति प्राप्त करवा निमित्त सन्निश्चयो.

પદ ૧૦૩. (પ્રભુને પ્રાણુથી પ્યારા, એ લય.)

અમારા શ્રેયને કાજે, અમે શુભ યત્ન આદરીએ,
અમે શુભ યત્ન આદરીએ, ક્રિયા શુભ આજ આચરીએ;—
હવે કટુતાતણી વાણી, વદીશું ના કદી તાણી,
ભાવભરી ઊર્મિ ઉર આણી, સ્નેહનાં વચન ઉચ્ચરીએ;—
બોધરસ રેડીએ કર્ણે, ન ફસીશું કલેશઆવરણે,
વહેતાં શુદ્ધ આચરણે, પ્રગતિના પંથે પગ ધરીએ;—
કરી મન વૃત્તિની શુદ્ધિ, ઉરે ઉપજાવી સદ્‌બુદ્ધિ,

કરીને જ્ઞાનની વૃદ્ધિ, તિમિર આ હૃદયનું હરીએ;—
ગુરુ જ્ઞાતવ્ય ઉર જાણી, વળી પ્રાપ્તવ્ય તે માની,
થઇ સાચા ગુરુધ્યાનિ, ગુરુસ્વરૂપે મતિ ધરીએ;—
જીવનને ઉચ્ચ કરવાને, ઉરનું અજ્ઞાન હરવાને,
સ્વરૂપે આવી ઠરવાને, નૃહરિ પ્રભુને અમે સ્મરીએ;—

પતિપ્રતિ પત્નીની પ્રાર્થના.

પદ ૧૦૪. (ગોકુળીએ લઈ ચાલો; એ લય.)

ઉન્નતિપંથે ચઢાવો, હે પતિ ! આજ મુજને.
સોને ભલે મને મઢશો ન સ્વામિ !
સદ્‌ગુણસોને મઢાવો; હે પતિ !
દેજો ભલે સુકા રોટલો ખાવા,
જ્ઞાનપકવાન્ન ખવડાવો; હે પતિ !
કર્તવ્ય મારૂં શું વિવિધ પ્રકારનું,
વહાલા ! મને સમજાવો; હે પતિ !
આપ નહિ લક્ષ દો તો જન્મારો,
વહી જશે આવો ને આવો; હે પતિ !
વ્યવહારજ્ઞાન ને પરમાર્થજ્ઞાનને,
અંતરમાંહિ દઢાવો; હે પતિ !
બાલશિક્ષણકેરું જ્ઞાન દઇને,
બાલકને સુધરાવો; હે પતિ !
જીવનપતિ ! આ મારા જીવનની,
સાર્થકતાને કરવો; હે પતિ !
ઉન્નતિપંથમાં આપ સંગે રહું,
એવો અધિકાર લાવો; હે પતિ !
પતિકુળ પિતૃકુળ ઉજાળું એવી,
જ્યોતિ મને તો બનાવો; હે પતિ !
કહું છું હું સ્વલ્પમાં, નમી સર્વ રીતે,
સંપૂર્ણતા નાથ ! લાવો; હે પતિ !
સ્પર્શમણિ આપને સ્પર્શતાં ઝટ,
હું લોહનું સ્વર્ણ થાઓ; હે પતિ !

પૂજનક્રમ.

પદ ૧૦૫. (સખિ આંટી ઉકેલો સુતરની, એ લય.)

સખિ ! આ વિધિ નિત્ય પૂજન કરજો,
કરી પૂજન મનના મળ હરજો; સખિ૦
સ્થાનક પૂજનનું સ્વચ્છ કરો, સુંદર રંગનું મંડલ પૂરો,
સામગ્રી અનુકૂળ સ્થાને ધરો; સખિ૦
નિજ દેવનું મંદિર દીપાવો, સુંદર આસનથી શોભાવો,
તે પર પ્રભુપ્રતિમા પધરાવો; સખિ૦
સ્વચ્છ આસનપર સામાં બેસો, જલઅંજલિ મંત્ર ભણી ત્રણ લો,
પ્રભુઆવાહનના શબ્દ કહો; સખિ૦
દેવાદિકને સ્નાન કરાવો, કરી ચંદન, પુષ્પથી સોહાવો,
વળી પુષ્પમાળને પહેરાવો; સખિ૦
ભણી મંત્ર દીપકને પ્રકટાવો, પછી ધૂપસળીને સળગાવો,
દીપપૂજન કરવું ન ભૂલી જાઓ; સખિ૦
જલ, નિવેદ્ય ને તાંબૂલ ધરો, કરી પ્રોક્ષણ નિવેદ્યમંત્ર સ્મરો,
(પછી) આરતી એકાગ્રપણે જ કરો; સખિ૦
પછી પુષ્પાંજલિને ઉચ્ચરજો, પછી માળાનું પૂજન કરજો,
થઇ સ્થિર પછી જપક્રમ આદરજો; સખિ૦
ત્યાં પદ્માસન પહેલું વાળો, બેસો દૃઢ નવ હાલો ચાલો,
(પછી) સ્થિર દૃષ્ટિથી પ્રતિમાપ્રતિ ભાળો; સખિ૦
ત્રાટકમાં એમ સહજ ઠરીને, પછી બંધ આ નયનોને કરીને,
જપ કરતાં ઉર જોજો હરિને; સખિ૦
એમ યથાસમય જપ ઉચ્ચરજો, પ્રભુધ્યાને ચિત્તવૃત્તિ ધરજો,
આ વિધિ પૂજન પૂરૂં કરજો; સખિ૦

અજ્ઞાન સ્ત્રીના દૃષ્ટાંતથી અન્ય સુજ્ઞ સ્ત્રિયોને વાસ્તવ કર્તવ્ય-પ્રતિ લક્ષણા.

પદ ૧૦૬. (કોશથી પેલી પાર છે, એ લય.)

જુઓ વિચારી, સાધ્યું પેલીએ જીવતરમાં શું ?
જોતાં તમને તે થાશે હશે નારી કે આ શું ?
છણકો કરે, મોં મચકોડે, આંખો કહાડે.

લડતી વઢતી કરીને શંખણીજેવું મોં' ખાસું;—
નાક ફુંગારે રીસે, ચઢાવેલી ભમરો રાખે,
માથું કુટી મચાવે જંગ, રડીને પાડે આંસું;—
વિવેક ન જાણે ચાર સભ્યની વચ્ચે બેસે,
આહાહાહા કરી મોટેથી ખાતી બગાસું;—
અકળાતી ફફળાતી ઘરમાં બઠબડતી દીસે,
"મુઆં અકર્મી આ તે ક્યાંથી હું ક્યાં નાસું;—
"રામ નથી કશા બળ્યા એમનામાં,[1]
"મારા કરમે મળી પૂરવ ભવની વેરી સાસુ;"—
કરવું ન આવું કુલીન સ્ત્રિયોએ,
જાશું જો ખોટે રસ્તે, તો તો આપણુ પસ્તાશું;—
સાધક બહેનો ! થાવું વિનયી વિવેકી,
સારી સ્ત્રીરૂપે આપણુ ત્યારે જગમાં ગણાશું;—
દુર્ગુણ દોષ ટાળી, સદ્‌ગુણી બનજો,
થાજો ગૃહિણી સોનું, રહી ના પીતળ કે કાંસું;—

હાલરડું.

પદ ૧૦૭ હાલરડું.

પ્રભુનું બાલકડું વહાલું, એ બાલને હાલરડું વહાલું.
એ વીરને હાલરડું વહાલું.
સુખડનું ઘડેલ, સોને મઢેલ, નાનકડે પારણે પોઢાડું; બાલને૦
ચોળીને તેલ, કાઢીને મેલ, કરાવી સ્નાન હું સુવાડું; બાલને૦
જોવા પ્રભુરૂપ, બ્રહ્મસ્વરૂપ, આંજણ કંઇ આંખમાં અંજાડું; બાલને૦
ઉંઘી જા વીર, કોમળ આ ચીર, આજ તારા ઉપર ઓઢાડું; બાલને૦
હાલરડું ગાઇ, સુવાડું ભાઇ, મીઠો મીઠો હું રાગ કહાડું; બાલને૦
તારામાં પૂર્ણ, સઘળા સદ્‌ગુણ, આવે ન પાર કહેવા માંડું; બાલને૦
ઉપરનું ત્યાગ, અંતરમાં જાગ, ઉંડે છે જ્ઞાન ઘણું ગાઢું; બાલને૦
તું ન જીવરૂપ, જીવનસ્વરૂપ, લગની તુજ તત્ત્વે લગાડું; બાલને૦
તું છે સુખકંદ, સચ્ચિદ્‌આનંદ, જડ અસત્યનું ન તુંમાં ઘાડું; બાલને૦

---

1 પતિમાં.

બાલિડા મુજ, તત્ત્વજ્ઞાન તુજ, ભૂલશો ન લાવી દસ્ય આડું; બાલને૦
અનુરૂપ તું જ, ઉચ્ચમાંનો ઉચ્ચ, આપી આ ભાવના ઉઘાડું; બાલને૦

મનનો સુધારો કરવા સુબોધ.

પદ ૧૦૮. (જો જો સખિ ઓ રહ્યો પેલો; એ લય)

સાવધ થઇ મનને સુધારો, ઓ બ્હેની ! કાંઈ મનને સુધારો.
મનને સુધાર્યા વિણુ વ્યર્થ બધું જાણજો, ધૂળઉપર લીંપણનો ગારો;—
લુગડાં ઘરેણાંની ટાપટીપ રાખ્યે, મનનો ન વેશ સુધરનારો;—
બીઝીક રમ્યાં, ટીચ્યાં સોકટાં તેથી શું થતા, મનના સારા ફેરફારો;—
સુધરવાનું નથી મન કંઇ કુડ્યાથી, આનો ને તેનો લખારો;—
કેવળ સભામાં કે 'કલબમાં' જવાથી શું, મનનો સુધારો થનારો;—
ચાર મળ્યે ડાહી ડાહી મોંની વાતો કર્યે, સુધરે ન મનના સંસ્કારો;—
વિકળતા છોડીને શાંતિને સેવજો, કરતા બધા વ્યવહારો;—
થાયે જ્યાં ક્રોધ ત્યારે બળથી તે રોકજો, આનંદનો કરી વધારો;—
વિષયે જતું મન રોકજો સવેળા, મિથ્યા વાણી ન ઉચ્ચારો;—
સારાનો સંગ કરો, સારા ગ્રંથો વાંચો, કરજો સારા આચારો;—
સારી ક્રિયાઓમાંહી જોડજો એને, સારા વિચારો વિચારો;—
ફરતાં, ફરતાં, ઘર કામોમાં બ્હેનો, પળ પળ પ્રભુને સંભારો;—
મનનો સુધારો થયે સુધર્યું સહુ જાણજો, સાર્થક થયો જન્મારો;—
નરહરિ ગુરુને ભજીને સુધારી મન, આપે તરી અન્ય તારો;—

બે સ્ત્રિયોનો સંવાદ.

પદ ૧૦૯ (જાય છે, જાય છે, જાય છે રે, એ લય.)

કેમ કરૂં કેમ કરૂં કેમ કરૂં રે, હું તે મારો સુધારો શું કરૂં.
બૈરાંની જાતને ઘરમાં કામોનું, વળગ્યું છે એક મોટું જોતરૂં રે;—
સવારથી સાંજસુધી આંધળા ધંધામાં, કૂટાઇ કૂટાઇને હું મરૂં રે;—
ચોપડી લઇ હાથમાં બેસવા વિચારૂં ત્યાં, ઘરમાં રડી ઉઠે છોકરૂં રે;—
દહાડો એકાદ ગયો હોય નહિ ત્યાં તો, આવે મેમાન અણુનોતર્યું રે;—
માડું સાજું કોઇને કોઈ હોય ત્યાં, નીકળે જનાક કરી વૈતરૂં રે;—
બીજું નહિ તો કહીંથી રોવા કુટવાનું, જાગ્યું જ છે નાતમાં સહરૂં રે;—

એવા સંસારમાં શું શીખું શું વાંચું; સીવું શું કે ભરતો ભરું રે;–
શીખીશું, સુધરીશું પેલે અવતારે, મળશે જો ત્યાં બધું પાંશરું રે;—

થાય છે સુધારો થાય છે રે, એવા સંસારમાં પણ થાય છે,
આગ્રહ જો આપણે મનથી ધરીએ તો, તેવામાં પણ સુધરાય છેરે;–
પ્રતિકૂલતામાં રહેવા છતાં પણ, કંઇક સ્ત્રિઓ સુધરતી જણાય છેરે;–
મિથ્યા લખારા કરવાના છોડી, વાંચવા ધારો તો વંચાય છેરે,–
આગલી પાછલી સંભારવી મૂકી, શીખવા માંડો તો શીખાય છેરે;–
નકામા કામને હાથમાં ન લો તો, ઉપયોગી કામ કરી શકાય છેરે;–
મિથ્યા વ્યવહારથી આપણે છૂટવા, ચહીશું તો સહજે છૂટાય છેરે;–
કામો કરવા કરતાં તેના વિચારમાં, સમય નકામો બહુ જાય છેરે;–
જોતાં વિવેકથી આપણને આપણી, ભૂલો સહજમાં સમજાય છેરે,–
વ્યવહાર આપણા, ન આપણે સુધારતાં, તેથી મન આપણું મુઝાય છેરે;–
સારાં સારાં કામ કરવાનો ઉદ્દેશ, આપણાથી ઉર જો રખાય છેરે;–
તો તો આ સંસારમાંહી રહ્યા છતાં, ધાર્યો સુધારો કરાય છેરે;–

मनमहूलीमां इष्टने पधारवा निमंत्रण.

પદ. ૧૧૦ (પ્રિયતમ! મારે હૃદયકમલ, એ લય.)

મનમહુલિમાં મોહન આવો, આજ હસી રી,
મૃદુ મૃદુ આજ હસી રી.
આતુર છે આ કુમુદ જોવા, વદનશશિ રી,
દેખાડી કુમુદિની વિકસાવો, પ્રકટ વસી રી,
નિરંતર પ્રકટ વસી રી; મન૦
ઝાંખી ઝાંખી તોએ મારી મહુલીમાં, ભક્તિની જ્યોતિ રી.
પ્રેમવડે પ્રકટાવી છે મેં નથી બીજે જે હોતી રી,
મોટા મહાલયે ન હોતી રી; મન૦
તુલસીદલઉપર માત્ર મેં મૂકી, ભોજનસામગ્રી રી,
સ્વલ્પથી સ્વલ્પ પરંતુ પ્રભુ! કંઇક ભાવે ભરી રી,
હૃદયના ભાવે ભરી રી; મન૦
શય્યા ન રમ્ય, સુવાની સુંવાળી; સાદડી પાથરી રી,
પ્રાણજીવન! આવી પોઢજો, ચરણને હું ફરી ફરી રી,
તળાંસીશ હું ફરી ફરી રી; મન૦

ક્ષીરસાગર પ્રભુ ! આપમાં આજે, ભેળવો નદી રી,
કરજો અભિન્ન, ન જીવત્વરૂપે, જૂદી પડું કદી રી,
પછીથી ન જૂદી પડું કદી રી; મ૦

अंतिम स्तुति.

પદ. ૧૧૧ (શાર્દૂલવિક્રીડિત છંદ)

વંદીએ જય નર્મદા સુજનનિ ! છો આદ્યશક્તિ તમે,
દેવીરૂપિણી મંગલા ભગવતિ ! આજે સ્મરીએ અમે;
જે શ્રી રુક્મિણીશક્તિ સર્વ જીવને વાત્સલ્યથી પાળતાં,
તે શક્તિત્રયસાથ નાથ નૃહરિ–ને આજ સૌ ભાળતાં.
ભાળો આજ નૃસિંહ ! શક્તિસહ સૌ બાલાપ્રતિ પ્રેમથી,
પ્રેરો સન્મતિ આજ સર્વ ઉરમાં થાવા રુડી ઉન્નતિ;
પૂર્વે ઉન્નતિશૃંગમાં[1] વિહરતી સાધ્વી સ્ત્રિઓ ભારતે,
પામો આપકૃપાથી આ સકલ સ્ત્રી સ્ત્રીઉન્નતિ આજ તે.

शारदानुं पूजनअर्चन.

પદ ૧૧૨. (સમી સંધ્યાએ અમે સંચર્યાંરે; એ લય.)

સાચી વિદ્યાની દેવી શારદા રે, અમે વંદન કરીએ,
હાં હાં રે, સઉ વંદન કરીએ.

લઈ કુમકુમ અક્ષત હસ્તમાં રે, અમે પૂજન કરીએ;–
અક્ષર મંગલકારિણી રે, વિદ્યા અમે વરીએ;–
ક્ષુલ્લક કુસુમની માલિકા, તમ કંઠે ધરીએ;–
દો જ્ઞાનપુષ્પની માલિકા, ધરી કંઠે ફરીએ;–
નગાડી મધુરી ઘંટડી, આરતી ઉચ્ચરીએ;—
તમ દૈવી વીણા શુણાવજો, ભારતિ ! અંતરીયે;—
આ પુષ્પાંજલિથી વધાવીએ, હે માતા ! તમને;–
કરુણાપુષ્પો વેરજો, દઇ આશીષ અમને;—
અમે કરીએ આપ પ્રદક્ષિણા, ગુણ ગાતાં ગાતાં;–
આપરૂપે થઇએ અમે, તમને ઉર ધ્યાતાં;—
રસવતી સરસ્વતિ ! કીજીએ, આ અમ જિહ્વાને;–
મા ! જ્ઞાનનું પ્યાલું આપજો, અમને પીવાને;–

---

1 ઉન્નતિનું શિખર.

શ્રી ઇષ્ટસહ દૈવી વિભૂતિઓની આશિષ્

પદ ૧૧૩ (જપતી પ્રીતમની જપમાળ, એ લય.)

ઉતરી સ્વર્ગથી સુરસમુદાય, આશિષ્, આપે આજે,
સિદ્ધો ઋષિમુનિ જે દૈવી લોકે વિરાજે,
દે વરદાન ઈપ્સિત સિદ્ધિકાજે;—
શિવ અદષ્ટે વ્યાપીને, વિરાગનું દે દાન,
પાલક શક્તિ વિભવને, દે વિષ્ણુ ભગવાન્,
સરસ્વતી દેવી મધુરી વીણા વગાડી,
જ્ઞાનનું દાન દે કંઇ મૃદુલ અવાજે;—
દૈવી ઐશ્વર્યે ભર્યાં, જેનાં મોહક નેત્ર,
તે લક્ષ્મી ઐશ્વર્યથી, ભરતાં માનસ ક્ષેત્ર,
ગંધર્વો ગગને ગાતા, દૈવી ગીતોને,
વળી કંઇ વાદ્ય દશદિશ દૈવી વાજે;—
સદાય સમરૂપે રહ્યા, જે અશ્વિનીકુમાર,
મર્મવડે સમજાવતા, તે પણ જ્ઞાન અપાર,
આ વિધિ સઘળો વર્ગ, જ્ઞાન સામર્થ્યો,
દેવા તત્પર છે આપણ સુખનાં જે;—
સર્વની મધ્યવિષે જુઓ,—નરહરિ સદ્ગુરુરાય,
નિજ કરુણાદષ્ટિવડે, દેતા સઉને સહાય,
ઝીલતાં એ કરુણારશ્મિ આજે ચઢીશું,
જીવનકૃતાર્થતાકેરા સામ્રાજ્યે;—

આંતરવૃત્તિને અભ્યંતર પ્રદેશનો અનુભવ લેવા નિમંત્રણ.

પદ ૧૧૪. (ગરબે રમવાને ગોરી, એ લય)

રમવા આવોને સાધકસુંદરી રે લોલ,
આભૂષણ,[1] વસન[2] દિવ્ય ઉર ધરી રે લોલ,
રમતાં રજનિમાં,[3] રસ રેલીએ રે લોલ.
હૃદયાકાશે ચમકતો, ચારુ ચૈતન્યચંદ્ર,
વૃત્તિકુમુદિની નિરખતી, પામે અતિ આનંદ.
દૈવી પ્રેમનૂપુર ઝણકારથી રે લોલ,

---

૧ ઘરેણાં. ૨ વસ્ત્રો. ૩ રાત્રિમાં.

ગજવી આ વિશ્વ ચમત્કાર ઝમકારથી રે લોલ,
આવો, આનંદે અતિ ખેલીએ રે લોલ;—
સદ્‌ગુણપુષ્પની મ્હેકતી, મીઠી મંદ સુગંધ,
મસ્ત બનાવી જે ફરે, સ્વરૂપવિષે સંબંધ,
આવો, આવો, દેવિ! મધુરહાસિનિ![1] રે લોલ,
બનીને ઉલ્લાસી; થવા બ્રહ્મપદનિવાસિની[2] રે લોલ,
ભીંજવો હૈયાં, અનુભવહેલીએ[3] રે લોલ;—

પ્રભુકૃપા પ્રાપ્ત કરવાનો માર્ગ.

પદ ૧૧૫. (વહાલા વહાલા, બોલોને બોલ, એ લય.)

ઝીલું, ઝીલું, હું પ્રભુકૃપા ઝીલું, કહો શી રીતે અંતરમાં ઝીલું, ?
મેલું, મેલું, આ હૃદયપાત્ર મેલું, થયું છે ઘણા કાટે એ મેલું,
રહેલું, રહેલું, ન લાગે મને રહેલું, એ સ્વચ્છ કરવાનું કામ રહેલું.
ઉજળું અંતરપાત્ર આ, કરવાની કયી રીત ?
કહેશો સખી આજે મને ?
શુણો ધરી ઉર પ્રીત.
પહેલું પહેલું ગુરુબોધવડે પહેલું, ઘસિને સખિ! પાત્ર એ પહેલું,
વહેલું, લહેલું. ગુરુભકિતવડે વહેલું, એ ઉંધું પાત્ર સીધું કરો વહેલું,
ઘેલું, ઘેલું, એ મન થશે ઘેલું, એ એક પ્રભુસ્મરણે થશે ઘેલું.
પ્રભુઅભિમુખ રહેતાં સખિ! પ્રભુકરુણા ઝીલાય,
મુખને જેમ ઉઘાડતાં, જળ પી તૃપ્ત થવાય.

चन्द्रज्योत्स्नानी जगत्‌उपर असर.

પદ ૧૧૬. (મને આવે છે ફેર, એ લય.)

ખિલી રૂપેરી રાત, આ શી છવાઇ રહી ચાંદની!
ભાસે સઘળું કંઇ શાંત, સૃષ્ટિ આ દીસે આનંદની.
વૃક્ષ વેલી વળી ફળફુલ આ, કેવાં દીસે પ્રફુલ્લ,
જ્યોત્સ્નારસ ચુગતાં,
મંદ મંદ ડોલતાં,

---

૧ મધુર હાસ્ય કરનારી. ૨ બ્રહ્મપદમાં રહેનારી. ૩ અનુભવરૂપી વરસાદ.

મદમત્ત થાય;—આ શી૦
કંઈક મધુર રસ અત્તનવો, માણે કુમુદિની એક,
    એને જુએ ચન્દ્રમા,
    એહ જોતી ચન્દ્રમા—
ચન્દ ચન્દ ગાય;—આ શી૦
દૂર દૂર પેલી નદી નાચતી, કંઈક કરતી અવાજ,
    વ્યોમવાસી ચંદ્રનું,
    બિંબ ઉર શમાવતું,-
કેવું જલ જણાય!—આ શી૦
દિવ્ય સ્નેહ માણુનારાં જોડલાં, રમે રજનિની માંહ,
    નિર્દોષ આનંદમાં,
    રમતાં સ્વચ્છંદમાં,
એકરૂપ થાય;—આ શી૦

શ્રી સદ્ગુરુસ્તવન.

પદ ૨૧૭. (જ્યારે રહું હું સ્વરૂપ વિચારી, એ ઢાળ.)

જય જય સદ્ગુરુ! નિજજનવત્સલ[1]! દર્શન કરીએ આ હૃદયોત્પલ,[2]
દૃગ્ગોચર[3] સ્વસ્વરૂપ ઉજ્જવલ, ઉર થાતાં, થતું મંગલ મંગલ;—
આપથી વ્યાપ્ત[4] દિસે સૃષ્ટિ સકલ, અનલ[5] અનિલ[6] આ પૃથિવી નભ જલ,
અંતર દૃષ્ટિવડે હે અકલકલ[7]! દર્શન દો છો પળ પળ પળ પળ;—
રક્ષકરૂપે રહો છો પાછળ, ચાલક બનીને ચાલો આગળ,
અંતરબાહ્ય નથી દૂર આંગળ, નિકટ જ છો પ્રભુ સ્થળસ્થળ સ્થળસ્થળ;—
આપ સત્કાર્યને દો છો સત્ફલ, નાથ! નિવારો છો મનકજ્જલ,[8]
ઉર ઉજ્જવલ કરવાને કૃપાજલ, રેડો છો પ્રિયતમ! ખળ ખળ ખળ;—
યાચે છે આ **સહચરીમંડલ**, નારીજાતિનાં હૃદયો નિર્મલ,-
કરી ત્યાં સ્વરૂપજ્યોતિ પ્રજ્વલ, ઝળકાવો પ્રભુ! ઝળ ઝળ ઝળ ઝળ;—

---

૧ પોતાના ભક્તઉપર પ્રીતિ રાખનાર. ૨ હૃદયકમલ. ૩ આંખેથી જણાય એવું. ૪ વ્યાપેલી. ૫ અગ્નિ. ૬ વાયુ. ૭ ન કળી શકાય એવી કળાવાળા. ૮ મનની કાળાશ.

सत्कारसह कर्तव्यकथन.

પદ ૧૧૮. (કંઇ માલવિનાની વાતો, એ લય.)

આવો ઉમંગે આવો, સાહેલી સંગે લાવો,
આનંદધ્વનિ ગર્જાવો, મનને આ જગત્ ભૂલાવો:
સંગે મળી કંઈ હિત પ્રકટાવો,
મનની બહિર્મુખતાને[1] વિલાવો,[2]
ઇષ્ટ ધ્યાઓ,[3] શ્રેય લ્હાવો—
સેવા પ્રભુ અભિમુખ થાઓ, નિરુપાધિક સુખ નિપજાવો; આવો૦
નિજ ઉન્નતિના પંથે સીધાવો,
વિવિધ ભાતિનું જ્ઞાન કમાઓ,
ઉર દઢાવો, ધ્યાન લગાવો;
કર્તવ્યાગ્રહ ઉપજાવો, (સત્) સંસ્કારબીજક વાવો: આવો૦
ફરી ફરી સમય મળે નહિ આવો,
સદ્વિચારમાં મન સંધાવો,
ગુરુ ગુરુ ગાઓ, સુખ રેલાવો,
કંઇ શુભ દો—લઇ જાઓ, પીઓ સ્નેહરસ ને પાઓ: આવો૦

अविकल्पणे पुरुषार्थ करीने प्रातिकूलताने निवृत्त करवाने उपदेश.

પદ ૧૧૯. (હવે બની રહ્યું, એ લય.)

મળ્યું તે મળ્યું, વિકળતા ધર્યે કદી નહિ—કદી નહિ ટળનાર,
છોડીને હવે પુકાર હજાર; (૨)
થાઓ ઝટ સુધારવા તૈયાર, મળ્યું૦
પ્રતિકૂળ મળ્યાની મૂકો વાતો, વાત કર્યે કંઇ લાભ ન થાતો,
ઉલટો વધે દુઃખભાર; છોડીને૦
'મારા કરમમાં આ દુઃખ ક્યાંથી,' એમ કહેતાં વ્યર્થ રડ્યાથી,
દુઃખ નહિ જાનાર; થાઓ૦
દુઃખી દુઃખના કરે વિચારો, (તો) તેનામાં દુઃખના સંસ્કારો,
અધિક અધિક પડનાર; થાઓ૦

---

૧ બાહર વિષયોમાં વહેવું તે, અનેક વસ્તુઓનું ચિંતન કર્યા કરવું તે. ૨ [illegible]કાવો. ૩ ધ્યાન કરો.

આવી મળ્યું જે હોયે ખોટું, પ્રારબ્ધનું લઇ મિથ્યા ઓઠું,
  યત્ને કરશો ન વાર; છોડીને૦
બેસી રહો હાથ ન દઇ લમણે, એથી સુખ નથી મળતું સમણે,
  હરિ સ્મરી આ વાર; થાઓ૦
યત્ન કરો શુભ આવી મળશે, પ્રયત્નથી સઉ પ્રતિકૂલ ટળશે,
  યત્ને જય નિર્ધાર; છોડીને૦
દુઃખમાત્ર હરિસ્મરણ ટાળતું, મનને સત્સુખપ્રતિ વાળતું,
  કરે ઉચ્ચ અધિકાર; થાઓ૦
આગ્રહ ને ઉત્સાહ ધારીને, યત્ન કરો પ્રભુ સંભારીને,
  મોં' માગ્યું મળનાર; થાઓ૦

विदुषी अने अज्ञान स्त्रीनो संवाद.

પદ ૧૨૦. (શામાટે શ્રમ કરે સતિ તુજ, એ લય.)

अज्ञान स्त्री—કેમ બોલ્યાં નહિ બ્હેન ! આપણે વિદ્યા શીદ શીખવી.
  નથી કંઇ ચાકરી કરવી.
विदुषी—ચાકરી તો સહેલી બહુ, (પણ) આકરી ગૃહસંભાળ,
  વિદ્યાવિણ તે ના થતી, થડવિણ જેમ ન ડાળ,
 આપણ જગમાં ગૃહિણી ગણાતાં, વિદ્યાવિણ ઘર નથી સોહાતાં,
 સાચી વિદ્યાવિના નથી સાચી સમજણ પડવી,
  જરૂર તેથી વિદ્યા ભણવી.
अज्ञान स्त्री—ભણે એ તો પંડિત પુરાણી, આપણે ક્યાં કરવી છે કમાણી,
  વળી લક્ષ્મી પણ જ્યાં વિદ્યા નથી ત્યાં જ સદા ટકવી,
  પછી શીદ કડાકુટ કરવી.
विदुषी—વિદ્યા જો લક્ષ્મી હરનારી, ધનવંતા તો થાય ભિખારી; સાચી૦
  વિદ્યાવાન્ દરિદ્રિ ના, પણ નિઃસ્પૃહી છે એહ,
  કલેશ-દ્વેષ-દુઃખ ટાળતી, વિદ્યા નિઃસંદેહ,
 કમાણી આપણે પણ વાપરવી, વિદ્યાવિણ બુદ્ધિ તે ન થવી; સાચી૦
अज्ञान स्त्री—આવડે નહિ ઘરકામો ભણતાં, ભણેલીને વૈરાં
  નથી ગણતાં; વળી૦
विदुषी—મૂર્ખ હોય તે મૂર્ખનાં, છોને કરે વખાણ,
  સાચું ભણેલાં તો કરે, ઘરને સ્વર્ગસમાન,
 વિદ્યાવાળી સદા રહે રાજી, કોઇ વાતની ન કરે પતરાજી; સાચી૦

અજ્ઞાન સ્ત્રી—ભણેલી છૈયાંના સંભાળે, દળે ન ખાંડે ન કચરો વાળે; વળી૦
વિદુષી—ભણેલી માતાઓ જ દે, બાલકને બહુ જ્ઞાન,
પાળી પોષી તેમને, કરતી તે વિદ્વાન્,
સમય વિચારી બધું કરી લેતી, વ્યવહારે ન્યૂનતા થવા ન દેતી; સાચી૦
અજ્ઞાન સ્ત્રી—ભણેલીઓ તો ધરમ છોડતી, ઉલટી
એ તો નરકે પડતી; વળી૦
વિદુષી—ભણેલી ધર્મ કરે સદા, સમજી, તેનો મર્મ,
પ્રભુને ભજીને તે સદા, કરતી સારાં કર્મ,—
દાન, તીર્થ, વ્રત યથાવિધિએ, વળી અનીતિ દુર્ગુણથી બ્હીએ; સાચી૦
લઢે વઢે ઝગડે નહિ, સમજુ સ્ત્રી છે જેહ,
પ્રતિકૂલતામાં પણ સદા પ્રસન્ન રહેતી તેહ,
નિજ ગૃહસ્થાશ્રમ બહુ દીપાવે, વળી ક્ષેમ[1] પણ સાધે સધાવે; સાચી૦
અજ્ઞાન સ્ત્રી--વિદ્યાતણું સુખ બહુબહુ રીતે, સમજાવ્યું તે શુણ્યું મેં પ્રીતે,
સ્ત્રીજાતિએ ખરે, ખરી વિદ્યાદેવી વરવી,[2]
અવિદ્યા જરૂર પરહરવી.

મૂર્ધમાં વૃત્તિને ઠરાવવા શ્રીઇષ્ટપ્રતિ સ્તુતિ.

પદ ૧૨૧ (આજ શુદ્ધ જ્ઞાન પ્રભુ૦ એ લય.)

આજ બ્રહ્મરન્ધ્રે પ્રભુ ! વૃત્તિને ઠરાવજો,
વૃત્તિને ઠરાવજો, અભિન્નતા દઢાવજો, આજ૦
વિલાવજો દશ્યભાન, ભૂલાવજો વિષયધ્યાન,
લગાવજો તત્ત્વે તાન, જ્યોતિ ઉર જણાવજો; આજ૦
શુદ્ધસત્ત્વબલ અમિત, આપી, વાળી સ્વરૂપે ચિત્ત,
કરાવી સ્વરૂપ પ્રતીત, ભવભ્રમણ મિટાવજો; આજ૦
રહીએ વ્યવહારમાંહ્ય, તોય વૃત્તિ સ્વરૂપ ધ્યાય,
દુઃખદ જીવત્વ ન સ્મરાય, એવું બળ સ્ફુરાવજો; આજ૦
સંયમનું બલ અપાવી, વૃત્તિ સંયમિત કરાવી,
દશ્યાસક્તિ પ્રભુ ! વિલાવી, નિજપદે શમાવજો; આજ૦

---

૧ આત્માનું કલ્યાણ. ૨ પ્રસન્ન કરવી.

સ્વધર્મોપદેશ.

પદ ૧૨૨ (ભૂલે ભલભલા ભૂલે રે, એ લય.)

હવે તો ઉરે ધરો રે,
આપણો સ્વધર્મ શો છે ખરો, (૨)
વિચારી હવે તેહ આચરો; હવે૦
આજ લગીના જીવનમાં નવ ઉત્તમ સાધ્યું જણાય,
આવા ને આવા જીવતરમાં, મન કેમ સંતોષાય; હવે૦
પળ પળ, ઘડી ઘડી, દિવસ, માસ વળી વર્ષો વીત્યે જાય,
વિચારો આપણે કાળને ખાઈએ, કે (એ) આપણને ખાય; હવે૦
આળસ છાંડી ગૃહને કરજો, પ્રથમ વ્યવસ્થિત સ્વચ્છ,
જેમાં આપણું જીવન જતું તે, કેમ રખાય અસ્વચ્છ; હવે૦
રામાટામા નહિ મારવા, કરતાં ઘરનાં કામ,
આળસ છોડી કામ કરી, પછી લેવો ભલે આરામ; હવે૦
મર્યાદાશીલ રહી સાચવવું, બહેનો ! ઘરનું માન,
ખર્ચ વિવેકથી કરવો, અતિથિ,—ને દેવું સંમાન; હવે૦
કાઢીને અવકાશ થવું વિદ્યાનાં વ્યસની બહેન !
વિવેક સંતત ધારણ કરવો, વદવું ન કડવું વેણ; હવે૦
મુખ મલકાતું રાખવું વળી સંતોષે રહેવું નિત્ય,
અંતર પ્રીત ન ધરવી પદાર્થની, રક્ષણ કરવું ખચીત; હવે૦
ભાન ભૂલીને વ્યર્થ લખારે, ચઢવું ન કોઈની સાથ,
તેમાં પણ સંભાળવું બહુ, પરજનસહ કરતાં વાત; હવે૦
આપણી પાસે આવી બેસે, તેના હિતની વાત,—
કંઇ પણ કરવી, વળી સાંભળવી, જે હિતકર સાક્ષાત્; હવે૦
બાલક નીતિભક્તિયુક્ત થઇ બલિષ્ઠ બુદ્ધિમાન,—
થાય તદર્થે માતાઓએ, દેવું ઘટતું ધ્યાન; હવે૦
સત્યવચન સત્યકૃતિપાલન, એ શુભ ધરવો ટેક,
પતિપ્રતિ આપણા ધર્મને, પાળવો એકેએક; હવે૦
પરમેશ્વરને કદી ન વિસરવા, સુખદુઃખમાંહિ સદાય,—
ભજવા, બહેનો ! આ વિધિ રહેતાં, સુખસર્વાર્થ[૧] સધાય; હવે૦

---

૧ મનની સઘળી ઈચ્છાઓ.

પોતાના સ્વધર્મના આચારવિચારથી રહિત સ્ત્રી શ્રેયસ્સાધક સ્ત્રી નથી.

પદ ૧૨૩. (એક હતી મુસાફર ઘેલી, એ લય.)

એને કોણ કહે સાધક બહેની રે, બોલજો વિચારી,
કહો એ તે કે'વાયે શેની રે, સાધકની નારી.
બોલે પતિ પ્રભાતને પ્હોરે, પ્રભાતીયાં બહુ સારાં,
ત્યારે પેલી પથારીમાં ઘોરે, બોલાવતી નસ્કોરાં.
પતિ વા'ણામાં પ્રભુનામ લેતા, મૂકી માળાનો મણકો,
મોડી ઉઠી કરે ઝટ દેતાં તે, ફેરવી મોં, છણકો.
હોય ચોપડીમાં ચિત્ત જ્યારે, પુરુષનું તે વારે,
પેલી કાપડીની વાત કાઢે, ન જંપવા દે ક્યારે.
પતિ બાલકને વિદ્યા પઢાવે રે સ્નેહ દર્શાવીને,
પેલી અનુચિત લાડ લડાવે રે ખૂબ ખવડાવીને.
પતિ સંભારે છે ગુરુ ગુરુ, વિચારો રુડા કરતાં,
પેલી સંભારે તેલ ઘી બુરૂં, સદા હરતાં ફરતાં.
લહી કલ્યાણપ્રદ ગુરુદ્વારે, પતિ જાય છે ચાલી,
જરી જરીમાં એ જાયે બજારે, કેડે કુંચી ઘાલી.
પતિ રાતદિવસ વેઠી દુઃખો, એનું મન સંભાળે,
પેલીને છો પતિ મરે ભુખ્યો, પિયરનું બહુ સાલે.
સ્ત્રીને ભણવા ગણવામાં પૂરી, કરવાને પતિ ઇચ્છે,
પેલી લઢવા વઢવામાં શૂરી કે સોગટાં ખૂબ ટીચે.
ઘડી આનંદવાર્તા કરવા, સ્ત્રીને પતિ બેસાડે,
કાં તો પાડોશીઘેર માંડે જવા કે ક્લેશ કરી રંજાડે.
ધણી માથે છે જોખમદારી રે, સાધકસ્ત્રી થઇને,
કરે પોતાની જાતને સારી, તે વશ પતિને રહીને.
નિજ દોષો વિસારી વિચારી, સુધારશે પોતાને,
ખરી સાધકની તે નારી, ન રહે જે અજ્ઞાને.

મને સ્વામિ મળ્યે.

પદ ૧૨૪. (કોઇ એક સમે, એ લય.)

મને સ્વામિ મળ્યે, (મારી) અધોગામિ[1] ગતિ ટળી,
સહજે મળી ઊર્ધ્વગામિ[2] ગતિ.
નામી શીર્ષ પતિપદે શિક્ષણુ પામતાં, મનમતિ બુદ્ધિની ખામી જતી.
મને સ્વામિ મળ્યે, માન વિભવ મળ્યાં, સારાં ખાનપાનઆદિ પામી અતિ,
સામી આવી મળે અનુકૂલતા બધી, મારી છૂટી અનેક નકામી કૃતિ[3].
મને સ્વામિ મળ્યે, રસ વિધવિધ ભોગવ્યા, વૃત્તિ વળી અંતર્યામીપ્રતિ,[4]
આગામિ અને સંચિત કર્મની ગ્રંથિ[5]—છૂટી અવિદ્યા વામી[6] ઝટિતિ.[7]
મને સ્વામિ મળ્યે, શીલસંપત્તિ મળી, આવતી દુષ્કૃતિ[8] મારા સામી નથી,
સુખધામી પ્રભુરૂપ લહેતાં પતિ, છૂટી ઉરની અજ્ઞાની કામીવૃત્તિ.
મને સ્વામિ મળ્યે, મળ્યાં શાંતિ વિવેક અને વળી જામી ઉપરતી,[9]
અનુગામી[10] બનું પતિસહ કોઇ સમયે ને કો સમયે સહગામી[11] થતી.
મને સ્વામિ મળ્યે, સાધી સર્વ રીતે મેં સર્વની પરિણામી ઉન્નતિ,
આપ્તકામી[12] બની, ગગનગામી[13] બની, પતિમાંહિ અભેદે વિરામી મતિ.

તત્ત્વદષ્ટિનો અનુભવ.

પદ ૧૨૫. (રમ્ય મૂર્તિ નાથની શી, એ લય.)

તત્ત્વદષ્ટિ દાખવે શો ! બ્રહ્મનો વિલાસ આ,
જીવદષ્ટિ કેવી રીતે, તેનો કરે કયાસ આ;—
રજસ્ તમસ્ કે ન સત્ત્વ, સમસર્વત્ર એક તત્ત્વ,
નિત્ય સિદ્ધ છે મુક્તત્વ, નથી જીવત્વપાશ આ;—
જ્યાં ન માયાકેરું નૃત્ય, પંચભૂતનું ન કૃત્ય,
અંશ જ્યાં ન જડ અસત્ય, એક ચિદાભાસ આ;—
હોય ક્યાંથી પડ્વિકાર, જ્યાં ન નામ કે આકાર,

---

૧ હલકી જાતની, નીચે નીચે લઇ જનારી. ૨ ઉંચે ચઢાવનારી. ૩ ક્રિયા. ૪ ઇશ્વરતરફ. ૫ ભૂત ભવિષ્યમાં કર્મોની બંધન કરનારી ગાંઠ. ૬ ગઇ. ૭ જલદી. ૮ ખોટી ક્રિયા. ૯ વિરાગ. ૧૦ પાછળ ચાલનારી. ૧૧ સાથે ચાલનારી. ૧૨ સર્વ ઇચ્છા પૂર્ણ થયેલી એવી. ૧૩ અત્યંત ઉન્નતિવાળી.

કર્મ ન ત્યાં ક્યાં વ્યવહાર, લહું ત્રિપુટિવિનાશ આ;—
સર્વના આધારભૂત, પૂર્ણ, તૃપ્ત, ચેતનશુદ્ધ,
સચ્ચિદ્દઆનંદયુત, હુંવિણ અન્ય ન ભાસ આ;—

ક્લેશમય જીવન ન ગાળવું.

પદ ૧૨ . (અમને લાગી સ્વરૂપશું તાળી, એ લય,)

કંકાસી નવ થાવું, બ્હેનો! કંકાસી નવ થાવું.
ચાર ઘડીના ચાંદરણાસમ, આયુષ ચાલ્યું જાવું,
પ્રસન્ન રહીને-પ્રસન્ન કરીને, શીદ ન સુખ કમાવું?—
નહિ શેકવા ક્લેશથી કોઇને, આપણે ના શેકાવું,
અંતરનું બળ ઘટતું જેમાં, એવામાં ન ફસાવું;—
ભલે પ્રતિકૂલ પ્રસંગ આવે, તોપણ ના અકળાવું,
દુઃખમાં પણ દુઃખભાન ભૂલીને, આનંદે સોહાવું;—
બળ્યા ઝળ્યા રહી ક્લેશથી ઘરમાં, સઉ સાથે ન રીસાવું,
આંખો કાઢી ધુરકીયાં કરતાં, બ્હેનો! કંઈ શરમાવું;—
કંકાસે કરી ધન-આયુરૂપ પુષ્પ જરૂર કરમાવું,
કંકાસે ગોળીનું પાણી, નીઠતું એ ન ભૂલાવું;—
ઈશ્વરથી પણ કંકાસી કેરૂં,-મોં નથી જોવાવું,
માટે બ્હેનો! ક્લેશ છોડી, રાખવું સુખનું મલકાવું;—

अंतरमां दर्शन देवा इष्टप्रति आर्द्रभावे प्रार्थना.

પદ ૧૨૭ (મારે મંદિરે પધારો યોગિરાજ, એ લય.

મારે અંતરે પધારો અધિરાજ![1] જરી આજ,
વિનતિ સ્વીકારી આ દીનની.
સ્નેહજલમાં ખીલેલું મનસરોજ[2] આ.
આપ ભ્રમર તેને ગ્રહણ કરો આજ આ,
હું તો ભાવવડે અર્પું રસરાજ!-જરી૦
સુગુણશૃંગારે હૃદય આ દીપાવીયું,
માંહી ભક્તિનું સિંહાસન સ્થપાવીયું,

૧ સર્વથી મોટા. ૨ મનરૂપી કમલ.

ત્યાં વિરાજો મુજ સર્વસ્વ હૃદયરાજ !—જરી૦
મારા ઉરમાં ન દુષ્ટ કોઇ સંચરે,
મારા સર્વેશ આપને અનુસરે,
કરો એટલું જયંતીજીવનરાજ !—જરી૦

વિષયચિંતનથી મનને નિવૃત્ત કરી ઇષ્ટમાં વિલીન કરવા અર્થે સુબોધ.

પદ ૧૨૮. (લાગી લગન મને તારી, એ લય.)

હરિમાં શમાવો બે'ની મારી, આ મનને, હરિમાં શમાવો બે'ની મારી૦
ગુરુવડે યુક્તિને વિચારી; આ મનને૦
જે જે દુઃખ આવે, આપણુને જે સતાવે,
તે બીજું કો ન લાવે, ના'વે એ મનને દઇએ જો સુધારી; આ૦
ખોટા વિચારો એ મન ઉપજાવે,
ખોટાં કામો કરાવે, મૂકાવે ગળે મૃત્યની એ આરી; આ૦
પ્રભુમાં શમે જો, સદ્વિચારે રમે જો,
સ્વચ્છંદે ના ભમે જો, તો મન એ આપણુને દીયે તારી. આ૦
ગુરુમંત્રકેરા, સંતત જાપ જાપી,
ગુરુમાં વૃત્તિ સ્થાપી, ચાંપી હરિમાં, કરજો સંસ્કારી; આ૦
ઘડી ઘડી હરિમાં, શમીને દશ્ય ભૂલો,
વાગે ન દુઃખશૂલો, ઝુલો આનંદે લાવીને ખુમારી; આ૦
નૃહરિ પ્રભુમાં કરી, એકાગ્રતા મનની,
સાર્થકતા કરો તનની, જીવનની જાણો તો તો બલિહારી; આ૦

સુશીલ સાસુનો પુત્રવધૂને ઉપદેશ.

પદ ૧૨૯. ગરબી.

શુણો કુલવધુ ! આ વાત કાંઇ હિતની જો,
શ્રવણે ધરો કરી એકાગ્રતા ચિત્તની જો; શુણો૦
સાસરવાસતણો ધર્મ હશો જાણતાં જો,
તેને આચરજો આણી ઉરે શાણુતા જો; શુણો૦

શિખવ્યું હશે તમ માતે સુશીલ જે બહુ જો,
પણ વિચારી મારો ધર્મ કંઇ હુંયે કહું જો; શુણો૦
પતિકુલતણાં તમે થજો ઉદ્ધારિણી જો,
સ્વામિગૃહ સુખી કરવા હજો ઉત્સાહિની જો; શુણો૦
હવે પિતૃગૃહને પરાયું નાણજો જો,
શ્વશુરગૃહ તમારૂં સંગી એમ જાણજો જો; શુણો૦
સ્થૂલ સંપત્તિ સ્વામિને તમે આપજો જો,
સ્વામિકેરી સાચી સંપત્તિ તમે થજો જો; શુણો૦
શાણિ! ઉચ્ચ સ્વરે ઘરમાં નહિ બોલવું જો,
નિજ પતિવિના ન અન્યે દિલ ખોલવું જો; શુણો૦
અમે કહીએ કાંઇ તમને ઉંચે સુરે જો,
તેને ભૂલી, તેનો સાર ધરજો ઉરે જો; શુણો૦
આ ઘરમાં મુખ્ય અધિકાર તમતણો જો,
અમને તો હવે માત્ર પરોણાં ગણો જો; શુણો૦
અનુસરજો પતિકુલના વ્યવહારને જો,
આચરો પતિકુલધર્મના આચારને જો; શુણો૦
ધર્મનીતિયુક્ત શુદ્ધ જીવન ગાળજો જો,
સદા પતિસ્વરૂપે અભિન્નવત્ મહાલજો જો; શુણો૦
અવકાશે વળી કહીશ અન્ય ધર્મનીતિ જો,
પ્રભુકૃપાથી રહો સર્વદા સુભાગ્યવતી જો; શુણો૦

अलंकार तथा शृंगारो धारण कर्यां सार्थक क्यारे कहेवाय ?

પદ ૧૩૦. (મેરે પિયાકી મેં જોગન બની, એ લય.)

પગનો ઝાંઝરઝણકાર, શું શું જણાવે,
કરનો કંકણખખડાટ, શું શું શુણાવે,
તનુના વિધવિધ શૃંગાર, શું શું શુણાવે,
શું શું શુણાવે, કાંઇ લક્ષે એ આવે ?
" નિજ સત્કાર્યે પરહિત કાર્યે, પ્રેર્યે હું હરખાઉં,
" એ કાર્યોના યશનો જયધ્વનિ, મુજ ઝણકારથી ગાઉં; "
ઝાંઝર એવું શુણાવે.

"કોમલ કરથી પતિની સેવા, રુડી રીતે થાય.
"શુભ વ્યવહારો જે સાધો તેના, યશ કહું રહી કરમાંહ્ય,"
કંકણ[1] એવું શુણાવે.
"શુભ વાણી ઉચ્ચરવા માટે, દીધો પ્રભુએ કંઠ,
"તો હું શોભીશ સુગીત ગાઈ, રીઝવશો નિજ કંથ;"
કંઠી એવું શુણાવે.
"મુજસમ રમ્ય સુવાસિત કરજો, તન મન જીવન પ્રાણ,
"કેશમાં રહી જોઉં કેવાં તમારાં. પાછળ થાય વખાણ;"
વેણી એવું શુણાવે.
"સઘળું આ રીતે જતન કરશો, રહી હું ભાલનીર[2] માંહ્ય,
"તમ સુભાગ્યનો ચંદ્રક[3] થઈ હું, જગને જણાવું સદાય,"
ચંદ્રક[4] એવું શુણાવે.
અલંકાર-શૃંગારો આ વિધિ, સૂચના કરતા ખાસ,
સાર્થક કરવો તેથી આપણો-ને એમનો સહવાસ;[5]
જાણી જે જે શુણાવે.

अंतिम अभ्यर्थना.

પદ ૧૩૧. (જય જય જગપતિ, જય મહામાયા, એ લય.)

જય વૈષ્ણવિ ! બ્રહ્માણિ ! રુદ્રાણિ ![6]
જય વિષ્ણુ ! વિધિ[7] ! શૂલપાણિ[8] !
જય જય શક્તિ ! આપીને શક્તિ, ભક્તિવશ ![9] પણ વિણ અમ ભક્તિ,
(આપે) કાર્યે સફલતા આણી; જય૦
જય જય વિધિ[10]! આ સંપૂર્ણ વિધિ, કરુણાનિધિ! આપની લહી સન્નિધિ,[11]
કર્યો સત્કાર્યને જાણી; જય૦
જય હૃદ્વાસિ[12] ! દીધાં'તાં વાસી, અંતરદ્વાર તે ખોલ્યાં પ્રકાશી,—
આપે બાલ પ્રમાણી; જય૦
જય શશિધારિ[13]! (અમે) ઇચ્છા જે ધારી, સફળ કરો તે,કરી અધિકારી,—
સ્ત્રીહિતકૃતિ કરવાની; જય૦

---

૧ બંગડી. ૨ કપાળની. ૩ ચાંદ. ૪ ચાંલ્લો. ૫ સંબંધ. ૬ બ્રહ્મા, વિષ્ણુ અને રુદ્રની ત્રણ શક્તિઓ. ૭ બ્રહ્મા. ૮ શંકર. ૯ ભક્તિને અધીન. ૧૦ બ્રહ્મા. ૧૧ સમીપતા. ૧૨ હૃદયમાં વસનારા. ૧૩ ચંદ્રને ધારણ કરનાર.

જય જય દેવિ ! બનાવી દેવી, સ્ત્રીજાતિને આપના જેવી,
એવી ઉચ્ચરજો વાણી; જય૦
જય જય નરહરિ ! અજ્ઞાન પરહરી, [1]આપ અનુગ્રહ અમપ્રતિ પ્રસરી,—
કરો અમને કલ્યાણી[2], જય૦
આપ સર્વ અમથી રહો રાચી,[3] નમીએ આપને એટલું યાચી,
માતપિતારૂપ જાણી: જય૦

પ્રાતઃસ્તવન.

પદ ૧૩૨. પ્રભાત. (જાગીએ ગિરધારિલાલ. એ લય.)

જય ઉપેન્દ્ર ! સકલકેન્દ્ર ! નમીએ સર્વ સાથે,
ત્યાગી નિદ્રા, જાગી આજ, મંગલ પ્રભાતે; જય૦
તિમિરમયી રાત અને વાત પણ વિલાઇ,
ક્લિષ્ટ મોહવૃત્તિવલ્ગુલા[4] હવે છૂપાઇ; જય૦
જીવનનું પ્રભાત ખરૂં શરુ થયું આજે,
આભ્યાંતર આપ રવિ પ્રકટો અમકાજે; જય૦
ભક્તિનો ઉમંગ રંગ અંગ આજ લાવો,
હસિત નયન, દિવ્ય વદન, જીવન ! દર્શાવો: જય૦
વિષયનો આનંદ–છંદ–ફંદ–મંદ કીધો,
શુક્લવતી સત્ક્રિયાનો માર્ગ લીધો સીધો; જય૦
નિશ્ચય નીભાવી નાથ ! દિવસ સફલ કીજે,
તરાવજો સહજ પ્રભો ! વિકટ સંસૃતિ જે; જય૦

संयमना परिणामी अनुभवनी भावना.

પદ ૧૩૩. (દશદિશ શાંતિ કેવી છવાઇ, એ લય.)

અનુભવી શાંતિ સંયમમાંહિ, અવનવી અંતરે,
ઉંડે ઉંડે જ્યોતિ જણાઇ, આ અભ્યંતરે.
ઉજ્જવલતા અહો ! શી છવાઇ,
ગયું અજ્ઞાનતિમિર વિલાઈ; જ્ઞાન લહ્યું ઉરે.
પ્રથમ હૃદયપ્રદેશે લહાઇ,
ક્રમથી દશદિશે રેલાઈ; જ્યાં ત્યાં વિસ્તરે.

---

૧ ટાળીને. ૨ કલ્યાણસ્વરૂપ. ૩ પ્રસન્ન. ૪ મોહરૂપી વાગોળ.

ભ્રાંતિ જડ અસત્ય પળાઇ,
વૃત્તિ સહસા ઝબકોળાઇ; સચ્ચિતસાગરે.
મનની ચલિત ગતિ અળપાઈ,
દૃષ્ટિ ત્રિકૂટિમાંહિ સ્થપાઇ, (જ્યાં) અમૃતરસ ઝરે.
કાર્યાકાર બુદ્ધિ છૂપાઈ,
કારણમાંહિ આવી શમાઇ; જીવ શિવને વરે.
અનુભવ જે ઉઠ્યો સુખદાઇ,
તેનો હેતુ અન્ય ન કાંઇ; ઉપેન્દ્રકૃપા ખરે.

શ્રી સરસ્વતી તથા શ્રી લક્ષ્મીનું સહસ્તવન.

પદ ૧૪૩. (જય જય હરિહર, જય નિધિજાવર, એ લય.)

જય જય વિધિજા[૧] ! જય જય નિધિજા[૨] ! કંઠવાસિ ! વૈકુંઠવાસિ !
જય ઐઁ[૩] બીજરૂપા ! શ્રીઁ[*] બીજસ્વરૂપા ! સ્તવીએ થઈ ઉર ઉલ્લાસી,
જય [૪]હંસારૂઢા વારુ[૫], ગરુડારૂઢા[૬] છો ચારુ[૭]
[૮]મુક્તાકેરી માલધારી, ચંપકમાલધારિ,
[૯]સાહિત્યપ્રસારિણિ ! દારિદ્યવિદારિણિ ! વીણાવિલાસી, મૃદુહાસી[૧૦];–
સ્તવે નિત્ય વિદ્યાભ્યાસી, સ્તવે વિભવાભિલાષી[૧૧],
જય વાણિઅધિષ્ઠાત્રિ[૧૨] ! વિભવની દાત્રિ[૧૩] !
જય જય શુભ્રાંગિ ![૧૪], જય સ્વર્ણાંગિ[૧૫] ! ઉભયને રહીએ ઉપાસી;—
કરી કૃપા ઉભય વરદાયિનિ ! વરને દેજો,
અમઉપર સદાય પ્રસન્ન, આપ ઉભય રે'જો;
અમે શ્રેયસ પ્રેયસ પામીએ, એવું બલ દો,
કરવા સાર્થક અવતાર, કંઇ કંઈ સત્ફલ દો,
સંપત્તિ તમારી બેઉની, અમે પામીને,
થઇ રહીએ આપ સ્વરૂપ, વદીએ (એ) નામીને.

---

૧ સરસ્વતી. ૨ લક્ષ્મી. ૩ સરસ્વતીનું મંત્રબીજ. *લક્ષ્મીનું મંત્રબીજ ૪ હંસ-ઉપર બેઠેલાં. ૫ શોભીતાં. ૬ ગરૂડ ઉપર બેઠેલાં. ૭ સુંદર. ૮ મોતી. ૯ જ્ઞાન પ્રસારનાર, ૧૦ મંદમંદ હસનાર, ૧૧ વિભવની ઇચ્છાવાળાં, ૧૨ વાણીની દેવી. ૧૩ આપનાર, ૧૪ ગૌરવર્ણવાળી, ૧૫ સુવર્ણ જેવા અંગવાળી.

પ્રેમાસક્ત પત્નીની પતિપતિ ઈશ્વરભાવના.

પદ ૧૩૫. (છુટી પડી સાહેલીના સાથથીરે, એ લય.)

તેત્રિશ કોટિ દેવ વિશ્વમાં રે હાં, હાં, હાં,
સઉથી અધિક પતિદેવ, મારે અંતરે,
પૂજું પિયુને પૂરા પ્રેમથી રે હાં હાં હાં.

ધૂર્જટીને[1] ધંતુરો ધરાવું હું રે હાં હાં હાં, પદ્મવડે[2] પૂજું પતિપાય; મારે૦
દુર્વાથી દેવ દુંદાળો[3] પૂજું રે હાં હાં હાં, મોગરાથી મોહન[4] પૂજાય; મારે૦
તુલસી ધરૂં હું લક્ષ્મીનાથને રે હાં હાં હાં, મારા નાથ બકુલથી[5] સોહાય;—
તેલે નવડાવું હનુમાનને રે હાં હાં હાં, રસિક હાથે અત્તર ચોળાય; મારે૦
સૂર્યને ચઢાવું જલઅંજલિ રે, હાં હાં હાં, વહાલાના પાય દુધે નહાય; મારે૦
ચપટી ખાંડ ધરૂં બીજા દેવને રે હાં હાં હાં, પકવાન્ન મારા પતિ ખાય;મારે૦
અન્ય દેવોની કરૂં પ્રદક્ષિણા રે હાં હાં હાં, પતિપર તો વારી જવાય; મારે૦
પૈસાની દેવને તો દક્ષિણા રે હાં હાં હાં, પતિપાયે પ્રાણ પથરાય; મારે૦
હાથ જોડીને નમું અન્યને રે હાં હાં હાં, શીષ સ્વામિચરણમાં મૂકાય; મારે૦
સમયે સંભારૂં બીજા દેવને રે હાં હાં હાં, અખંડ તો વૃત્તિ પતિમાંય; મારે૦
પરમેશ્વર એક પતિ છે સ્ત્રીને રે હાં હાં હાં, દેવમાત્ર પતિમાં શમાય; મારે૦

આંતર પ્રદેશનો ઉદ્યાન.

પદ. ૧૩૬ (મારો વહાલો કરુણાનો સિંધુ, એ લય.)

કેવો અભ્યંતર[6] ઉદ્યાન[7] ખીલ્યો,
કરી અંતરદૃષ્ટિ તે નિરખી લો.
પેલા સરોવરમાંહિ પદ્મ કેવાં,
[8]ચાર દશ બાર પાંખડી ખીલેલાં.
તેમાં જીવ આ જો ભ્રમર બની જાતો,
છુટી જીવપદેથી શિવપદે સોહાતો.
જુઓ ખીણમાંનું પેલું ઝરણું[9] કેવું,
થઇ સાવધ એ અમૃત પી લેવું.

---

૧ મહાદેવ. ૨ કમળવડે. ૩ ગણપતિ. ૪ પતિ. ૫ બોરસલી. ૬. અંતરના ઉંડા પ્રદેશનો. ૭. બાગ. ૮ ચતુર્દલ, દશદલ, દ્વાદશદલ ચક્રો. ૯ ભ્રકુટીમાંનું અમૃત.

જુઓ કેવી વીંટાઇ પેલી વેલી,[1]
જેના શિખરઉપર એક કળી[2] ખીલેલી.
મન એહ વેલીમૂળમાંથી પેસી,
ચઢે ઉપર (તો) પ્રભુમાં રે' પ્રવેશી.
કેવું પદ્મ[3] પેલું બાજુનું ઉગેલું!
મધ્ય કલિમાં કંઇ રૂપ અલબેલું.
કહે આકાશપુષ્પ વાત મિથ્યા,
પણ અહિંઆ તે વાત દીસે સત્યા.
મુર્દ્ધાકાશમાંહિ દિવ્ય પદ્મ ભાળો,
વસે જેમાં પ્રાણિમાત્રતણો વહાલો.
આવી દૈવી ઉદ્યાનમાંહિ મહાલો,
આ સમાન અન્ય દેશ ના રસાળો.
ગુરુસાધનથી સુગમ માર્ગ આખો,
ગુરુઅનુગ્રહથી સુરસ તેનો ચાખો.
ત્યાં પ્રવેશી કરો સાર્થક જન્મારો,
સ્મરી સતત જયંતીશ્વરઉપકારો.

શ્રીરામસીતાના નિરુપાધિક શાંત જીવનનું દૃશ્ય.

પદ ૧૩૭. (શું નટવર વસંત થઇ થઇ નાચી રહ્યો, એ લય.)

અહા! આ શો રમ્ય આશ્રમ શોભી રહ્યો,
શોભી રહ્યો, વન શોભાવી રહ્યો; અહા!૦
નવપલ્લવ લઘુગુરુતરુ,[4] ડાળનાં દેખાય,
કુહુ કુહુ કરતી કોકિલા,[5] કહીં દેખાય—છૂપાય;
જુઇ જાઇ ચંબેલી ને મોગરાની વલ્લિમાં,[6]
મધુરસપાની[7] ભ્રમર ગુંજી રહ્યો,
ગુંજી રહ્યો, કૂટી[8] ગુંજાવી રહ્યો; અહા!૦
શાંત સુધારસ[9] સિંચતો, શો વાવલીયો[10] વાય,
સરવરતટનાં પદ્મમાં,[11] ફરી બની મધુર મ્હેકાય,

---

૧ કુંડલિની શક્તિ. ૨ સહસ્રદલ પદ્મ. ૩ હૃદયકમળ. ૪ નવાં પાંદડાંવાળાં નાનાં મોટાં તાજાં ઝાડ. ૫ કોયલ. ૬ વેલિમાં. ૭ ફુલના મધના રસને પીનારો. ૮ આશ્રમ. ૯ અમૃતરસ. ૧૦ વાયુ. ૧૧ સરોવરના કીનારાનાં કમળમાં.

સારસ શુક[1] ને સારિકા,[2] શાં રમતાં રે,
ભરી મૃગશૃંગી નાજુક ફાળ, કુદતાં–ભ્રમતાં રે,
યજ્ઞકુંડ આ બાજુએ, પર્ણકૂટિ આ પાસ,
દિવ્ય દેહ રાઘવસીતા–નો આ તો વનવાસ;
સ્વાભાવિકી સુંદરતા! સ્વચ્છતા! સુરમ્યતા!
વિકાર પ્રવેશતાં જ્યાં સ્તંભી રહ્યો;
સ્તંભી–વ્યગ્ર[3] ચિત્ત સ્તંભાવી રહ્યો; આહા!૦
મંદ સૂર્યની રશ્મિઓ,[4] ગગને ચઢી ચઢી જોય,
આલવાલને[5] બાલ લહી, સિંચે સીતા તોય,
સુસ્મિતા સીતાનો જલ સિંચતાં સિંચતાં,—
મિઠો મિઠો કંઠ કાંઇ ગાઇ રહ્યો,
ગાઇ રહ્યો, કંઇ શુણાવી રહ્યો; આહા!૦

સીતા— (હું હૃદયસમુદ્રે, એ લય.)
પ્રેમી પિયુસંગે, આનંદે આજ હું ઝુલી રહી,
રંક આ આશ્રમે સંગી થઈ, ભુવનો લહી, વનમાં રહી; પ્રેમી૦
ચન્દ્ર[6] એ આ આવાસે, પોયણી હું પણ પાસે;
મુજ મન જોઇ એ [7]ઉલ્લાસે, એ પણ મુજને જોઈ હાસે,
થઇ રહી નકી, મુગ્ધ જાનકી,
સ્નેહરસ રેલી રહી, ચાખી રહી, રસિકા થઈ; પ્રેમી૦
લૌકિક વિષયો પરિત્યાગી, વાસના થઇ ગઇ આઘી,
લગની પિયુસ્વરૂપે લાગી, સ્થિતિ મળી આ મોં'માગી,
સુખી સઉ વાતે, સ્વામિસાથે,
સદાય એકરૂપે રહી, સરિતા થઇ, સિંધુમહિં; પ્રેમી૦
(નટવર વસંતનો લય ચાલુ.)
'સંતોષી રહેતાં થતો, વનમાં સુખી સંસાર.'
એવું જણાવે જાનકી, કાઢી આ ઉદ્ગાર.
દૂર પણે ધ્યાનસ્થ, સીતાનો વહાલો રે,
થાયે છે ધ્યાનથી મુક્ત, ભાળો ભાળો રે,
સ્વામિનિકટ સીતા જતાં, કર ગ્રહી પુષ્પની માળ,
ઉભય પરસ્પરપ્રતિ પ્રીતે, નાંખે દૃષ્ટિ રસાળ,

---

૧ પોપટ. ૨ મેના. ૩ વિકળતાવાળા. ૪ કિરણો. ૫ ઝાડના ક્યારાઓને બાલકરૂપે ગણીને સીતા પાણી પાય છે. ૬ રામચંદ્ર. ૭ રામને.

પૂજન પિયુનું કરી પ્રેમે સીતાસુન્દરી;
અંતરનો ભાવ પ્રીતે આ રીતે કહ્યોઃ
આ રીતે કહ્યો, રામહ્રદય રમી રહ્યો; અહા !૦

સીતા— (તારા અંતર બહિર વિસ્તર્યું. એ લય.)

મારા પ્રાણપતિ ! જોજો મારા પ્રતિ, કરુણા કરી, કહું શિર નામી,
પૂર્ણ તમે, મુજમાં બહુ ખામી, (તેને) સ્નેહે સુધારજો સ્વામિ !—
પતિવિણ વિશ્વમાં સુખનો આધાર,
સ્ત્રીને ન કોઈ લગાર,
પતિથી થતી સતી ઉન્નતગામિ, પામતી પદ પરિણામી;—
તેને ન નડતું કદી દુર્દૈવ,
પતિકૃપા જેને સદૈવ,
નષ્ટ થતાં કર્મ સંચિત આગામી, થઇ રહે તે આપ્તકામી;—
સાધજો મારૂં સદા યોગક્ષેમ,
દર્શાવી અનુપમ પ્રેમ,
રહેજો–મને રાખજો સહગામી, સીતાના અંતર્યામિ !—

(નટવર વસંતનો લય ચાલુ.)

આમ વદી પદ પ્રણમતાં, રામ ગ્રહીને હાથ,
ઉઠાડી હ્રદયે ચાંપતા, કર ગ્રહી ફરતાં સાથ,
ફરતાં ફરતાં બતલાવતાં, સીતાજી રે,
ફળ ફુલનાં સુન્દર વૃક્ષ, વનસ્પતિ તાજી રે,
પછી મધ્યાહ્ન સમય થતાં, કરીને ફલઆહાર,
નિવૃત્તિમાં બેઠા પછી, સીતા પૂછે વિચાર,
'સ્ત્રીજાતિકેરા શા ધર્મો ગણાય છે,'
ઉત્તર રામે તેનો આ વિધિ કહ્યોઃ
આ વિધિ કહ્યો, સીતાએ તે સંગ્રહ્યો; અહા !૦

રામ— શાર્દૂલવિક્રીડિત વૃત્ત.

શાંતિ, તૃપ્તિ, પવિત્રતા, સુશીલતા, વાણી પ્રીતિકારિણી,
નીતિ, ધૈર્ય વિવેક ને પતિપ્રતિ વૃત્તિ અનુસારિણી;
નિત્યે ચિત્તપ્રસન્નતા, વિનયતા, સેવા વડિલોતણી,
લજ્જા, કોમલતા તથા કુશલતા, વાત્સલ્ય નાનાંભણી.
વિદ્યા ને સુકલા સુસંગીત તથા શક્તિ વ્યવસ્થાતણી,

વૃત્તિ હોવી પરોપકારિણી સુસિ–દ્ધિ બાલસંવર્ધની;
સાચો પ્રેમ, ઉદારતા, ઉપરતી, સદ્ધર્મકાર્યે રતી,
આ સ્ત્રીના વ્યવહારધર્મ ગણવા, વિશ્વે સદા હે સતિ!

સેવંતાં વ્યવહાર (છતાં) વૃત્તિ અળગી, રાખે ક્રિયામાત્રથી,
આત્માનાત્મવિવેક સાધી ગ્રહવું, ચિદ્‌જ્ઞાન સત્પાત્રથી;
ભાળે તત્ત્વ, વિરાજિ દૃષ્ટપદમાં, આ દશ્યમાત્રે સદા,
વૃત્તિ વાળી સ્વરૂપલક્ષણવિષે, ત્રોડે જીવત્વાપદા.
ચાહે તેમ ભલે વ્યક્તિકર બને, ના હર્ષશોકે વહે,
જાણી સર્વ વિવર્તમાત્ર ઉરથી, સત્ય સ્વરૂપે રહે;
નિત્યે ચિન્મયભાવના બની રહે, પ્રાણિપદાર્થોપ્રતિ,
આ સ્ત્રીના પરમાર્થધર્મ ગણવા, વિશ્વે સદા હે સતિ!

(નટવર વસંતનો લય ચાલુ.)

આ વિધિ ધર્મ જણાવતાં, કરતાં રસભરી વાત,
સીતા પાય તળાંસતાં, શયન કરે રઘુનાથ,
મનથી એ મુગ્ધ બની મનન કરે ધર્મનું,
અંતર ઉલ્લાસ અતિ છાઇ રહ્યો,
છાઈ રહ્યો, ઉર છવાઇ રહ્યો; અહા!૦

સીતા— (મીઠી મીઠી આંબલિયાની ડાળ રે, એ લય.)
અહો કાંઈ ન્યારાં મારાંએ ભાગ્ય રે, સ્વામિ મળ્યા સોહામણા,
હું તો પામી અખંડ સૌભાગ્ય રે, કંથ મારા કોડામણા.
દોષ કાપી રે, મને કરતા વિશુદ્ધ,
બોધ આપી રે, મને કરતા પ્રબુદ્ધ,
હું સઉ સંપત્તિસમૃદ્ધ, થઇ પિયુ–પિયુમાં મુગ્ધ; બોધ૦
પતિના પ્રતિ અભિમુખતા, એમાં સ્ત્રીનું હિત,
એથી અર્થ સરે બધા, સઘળું થાતું સિદ્ધ; દોષ૦
પતિબોધથી પરમાર્થ ને, સુધરે વળી વ્યવહાર,
તેને અનુસરનાર સ્ત્રી,–કેરા બેડા પાર; દોષ૦

(નટવર વસંતનો લય ચાલુ.)

નિવૃત્તિ લઈ રઘુપતિ, ઉત્થિત[1] થતા જણાય;
ત્રીજા પહોરે ત્રિપુટિ[2]એ, ફરે વાટિકામાંહ્ય,

---

1 ઉઠતા. ૨. રામ, લક્ષ્મણ, સીતા.

પશુ પક્ષીની સાથ, રમતાં ભમતાં રે,
ત્યાં છાયાં રસ, આનંદ, સુખ ને મમતા રે;
અતિ નિર્દોષ છતાં અલૌ,–કિક જીવનઆનંદ,
ભોગવતાં દેખાય આ, પ્રાણિમાત્રનાં વંદ્ય,
આવાં સહકારી જીવનકારી રસિક દંપતી,
ભારતમાં સ્થળે સ્થળે વ્યાપી રહો,
વ્યાપી રહો, પ્રભો ! વ્યાપી રહો; અહા !૦

सत्कार.

પદ ૧૩૮ (છો રાજયોગી રઢીયાળા, એ લય.)

સાધનપ્રિય બંધુ વહાલા ! આવો જપવા પ્રભુમાળા,
કરીએ હૃદયથી આજ, ગણીને સઉને આત્મસમાન......
કંઇ સ્નેહભર્યાં સન્માન.
અલભ્ય છે આ મળીઓ અવસર, પ્રભુતાનાં અજવાળાં અંતર–
પ્રકટાવી ઉરરાત્રિ પ્રાતર–રૂપ કરી વરી ભગવાન,
લઇ લો મનમાગ્યાં વરદાન.
દૃશ્યનું ચિંતન આજ વિસારો, સંયમમાં સ્થિરતાને ધારો.
અભ્યંતરમાં વૃત્તિ ઉતારો, ધરીને ઇષ્ટનું ધ્યાન,......
પછી વિચરો સ્થાને સ્થાન.
સ્નેહથી હળીમળી સત્ય વિચારો, જ્ઞાનદીપ્તિ પછી જગે પ્રસારો,
અનેકના ઉરતાપ નિવારો, દઇને વાસ્તવ જ્ઞાન,
જીવનની એ જ ખરેખર લ્હાણ.
સત્ય સદાચારે ઉપજાવો, સિદ્ધિ જગતમાં કરી બતાવો,
(કે " પ્રકટપણે બનતો આ વિશ્વે, ધ્યાતા ધ્યેયસમાન,"......
તમ એ પ્રાપ્તવ્યનિશાન.

साधकोप्रति कर्तव्योपदेश.

પદ ૧૩૯. (ઉઠો શોધવા સાધક બંધુ, એ લય.)

નિજ જીવનમાં, સાધક બંધુ ! ઉન્નતિ સાધો ધરીને ખંત,
જીવનની મિથ્યા ખટપટનો ચટપટ આજે લાવો અંત.

પ્રલાપ વાણીના મૂકીને, પકડો પહેલો પ્રયત્નપંથ,
જીવનનો ઉત્કર્ષ ન થાયે, ત્યાં લગી તેનો મૂકો ન તંત.
વાસ્તવ જ્ઞાનખુમારી લાવી, ફરજો વિશ્વે થઇને મસ્ત,
આધિ–વ્યાધિ–ઉપાધિભયથી, થશો કદી ના દુઃખગ્રસ્ત.
સ્વાર્થવૃત્તિ ત્યાગી અવલોકો, આત્મામય આ વિશ્વ સમસ્ત,
નિજસમ–પ્રભુસમ જાણી સઉની, સેવા કરી શોભાવો હસ્ત.
જીવનમાં સ્વાત્માવલંબી રહી, નિજ–પરહિત સાધજો અનંત,
આત્મભાનથી સઉ કાંઈ કરતાં, સુયશ પ્રસરશે સદા દિગંત.
ગુરુપ્રબોધિત સાધન સાધો, સત્વર કરી પ્રયત્ન પ્રશસ્ત,
વિશ્વવંદ્યસમ પ્રભુમાં શમી રહો, જ્યારે થાય જીવનનો અસ્ત.

સંસારનું ક્ષણિકત્વ.

પદ ૧૪૦. (ન્યારી સ્થિતિ આ વિશ્વમાં, એ લય.)

આવા ક્ષણિક સંસારને કંઈ સત્ય સમજે માનવી,
ઝાકળતણા જળને લહે અજ્ઞાની જન કંઇ જાહ્નવી.[૧]
નિજ પ્રિય જનોમાં પ્રીત ધરવામાં ખુબી બહુ માનતા,
પણ તેહ અળપાતાં અનુભવતા હૃદયમાં ખિન્નતા.
યશ–નામનાની ઝંખનામાં, મોંઘુ આયુષ ગાળતા,
તે આવતાં–જાતાં લહીને વ્યર્થ અંતર બાળતા.
વળી કોઈ તો સુખ મહાજ્ઞયે કે સ્ત્રી–પ્રજામાં ધારતા,
આવ્યે સમય તે નાશ થાતાં, હાય હાય ઉચ્ચારતા.
સૌન્દર્યમાં કો મુગ્ધ બનીને, સ્થિર સ્વરૂપને જાણતા,
વાર્ધક્ય–વ્યાધિથી કુરૂપતા, આવતાં દુઃખ માણતા.
ધન–વિભવ–સત્તા સત્ય લહી મસ્ગુલ રહેતા તે મહિં,
અજ્ઞાનવશ તે શોક કરતા, સર્વ જવ જાયે વહી.
આશ્ચર્ય તો છે એહ કે સૌ ક્ષણિક પોતાને લહે,
ને જાણતા જે જડ પદાર્થો સત્ય ને સ્થાયી રહે !
આકાશકેરા રંગસમ જે સર્વને અસ્થિર લહી,
નિઃસ્નેહ રહે જે સર્વથી, તે ધન્ય ધન્ય ગણાય અહિં.

---

૧ ગંગા નદી.

છે એક આત્મા સત્ય ને સુસ્થિર સદા જેની સ્થિતિ,
આશ્ચર્ય છે કે તે પ્રતિ કોઈ દૃષ્ટિ પણ કરતા નથી !

कर्तव्यज्ञातव्यना वास्तव ज्ञानविनानी वृत्तिनी श्रीइष्टप्रति तदर्थ प्रार्थना.

પદ ૧૪૧ (સાર આ સંસારમાં ન જોયો, એ લય.)

ભૂલી પડી છું વિશ્વવાટે, હે પ્રભુ ! કલ્યાણ સાધતાં, ભૂલી પડી છું વિશ્વવાટે.
આશાનું ભાથું બાંધીને નીકળી, કલ્યાણ પામવાને માટે; હે૦
મિથ્યા મેં છોડીને સાચું ઘર મારૂં, રખડું હવે હું વાટે ઘાટે; હે૦
સાચા સંગાથી કોઈ મળ્યા ના, બ્હાવરી છું મનના ઉચાટે; હે૦
બધવચ બેસું, પગ આ વીંધાય બહુ, પ્રતિકૂલતાકેરે કાંટે; હે૦
તપ્ત છું તાપથી, આપ વિના કોણ, શાંતિજળોથી મને છાંટે; હે૦
કસોટીશૈત્યથી શરીર આ મારૂં, દેહાધ્યાસે કરી ફાટે; હે૦
આજ સુધી જોઈ જોઈ ઉપરનું, વ્યર્થ મોહ પામી વિશ્વકાટે, હે૦
હારી હું સર્વથી અંતમાં આપને, વિનવું રડી ઉંચે ઘાંટે; હે૦
સ્હાય થશો તો દઉં સર્વસ્વ ઘેર જઈ, આપની અપૂર્વ સ્હાય માટે; હે૦

कर्मण्येवाधिकारस्ते मा फलेषु कदाच न.

પદ ૧૪૨ (આજ કરી લો, આજ કરી લો, એ લય.)

આશ ન રાખો, આશ ન રાખો કર્મતણા ફળની કંઈ ઉર,
ફળથી નિઃસ્પૃહ રહી સદાયે, પ્રયત્નથી રહો કદી ન દૂર.
જ્યાં વાદ્ય ત્યાં રણુકાર છે, જ્યાં શબ્દ ત્યાં પડઘો સદા,
જ્યાં શ્વાસ ત્યાં નિશ્ચય શરીર છે, કાર્ય ત્યાં ફળ સર્વદા;
જગની ટીકાપ્રતિ વ્યર્થ દૃષ્ટિ—ને કદી ના વાળવી,
નિષ્કામ કર્મે રત રહીને, વૃત્તિ યશની ખાળવી;—આશ ન૦
જો સૂર્ય બનશો તો પ્રણમવા, વિશ્વ આખું આવશે,
જો ચન્દ્ર થાશો ચાંદનીમાં મ્હાલવા કોઈ આવશે;
નિર્મળ ઝરારૂપે વહેશો, (તો) કંઈ તૃષાતુર આવશે,
જ્યોતિરૂપે જો ઝળકશો તો, કંઈ પતંગો આવશે;—આશ ન૦

હીરાવિષે રહી યોગ્યતા, હો કોયલમાં તે છતાં,
શ્રમ સહી સહીને પણ જનો, તેને પ્રકટમાં લાવતા;
માટે સુપાત્ર બનો તમે ફલકેરી આશા ખાળીને,
ફલ પામશો–વિજયી થશો, આ વિશ્વને ઉજાળીને;—આશ૦

ત્યાગ.

પદ ૧૪૩. (મારે મન એ ન અધિક, એ લય.)

હવે શીઘ્ર કરો વીર! ત્યાગ.
બુદ્ધિમાં થઇ રહી જે ભ્રમતા, વૃત્તિમાં વ્યાપી વિહ્વલતા,[૧]
આ ચિત્તતણી જે ચંચલતા; હવે૦
કંઇ વિપરીત વેગો આ મનના, કલ્પનારૂપી ખોટી ભ્રમણા,
બાઝયા ઉર થર જે અહંતાના; હવે૦
નિજ સ્વાર્થ ને સુખની વૃત્તિનો, ને પ્રપંચમય દુષ્ટ કૃતિનો,
ને મહા મોહ આ સંસૃતિનો; હવે૦
સંકુચિત ભાવો અંતરના, દ્વેષો આશ્રમ–મઠ–મંદિરના,
કંઇ વિરોધ અંદર અંદરના; હવે૦
નિજ–પરના વાસ્તવ હિતકાજે, તન-મન-ધન-જન ને મહારાજ્યે,[૨]
નિર્ભય થઇ આજે ને આજે; હવે૦
હતું વિશ્વવંદ્યના જીવનના,—શું ગર્ભભાગમાં ત્યાગ વિના?
તેમ સ્વલાભ,[૩] હિતાર્થે સઉ જનના; હવે૦
ત્યાગથી સઉએ સત્ફલ લાધ્યું[૪], શ્રેયસ સઉનું ત્યાગથી વાધ્યું,
જો ફલિભૂત કરવું હોય સાધ્યું, તો શીઘ્ર શિખો વીર! ત્યાગ.

સત્યની વીણા.

પદ ૧૪૪. (મારી ક્યારીમાં મ્હેક મ્હેક મ્હેકે, એ લય.)

મારા અંતરમાં વીણા કોઇ વાગી, હું જાગી,
અહો! રસની ભરી!–ભાવની ભરી
સર્વ વૃત્તિઓ તેમાં અનુરાગી, હું જાગી; અહો૦
એક વીણાકેરૂં ઉરે ગાન શુણી ન્યારૂં,

---

૧ વ્યાકુલતા. ૨ મહાન રાજ્યગાદી પણ ૩ પોતાનો લાભ. ૪ મેળવ્યું.

શાંત છતાં મસ્ત બન્યું ચપલ ચિત્ત મારૂં,
સંકલ્પમાત્ર શીઘ્ર ત્યાગી; હું જાગી; અહો૦
શુણતાં એ નાદ, પ્રાણ સહજે સ્થિર થાતા,
મન બુદ્ધિ આદિ પણ તેમાં વિલાતાં,
સ્વરની લલિત લ્હે લાગી; હું જાગી; અહો૦
દિવ્ય પ્રેરણાના રાગ, દૈવી રસ રેલાવતા,
અલૌકિક જ્ઞાનતણા અંકુરો સ્ફુરાવતા,
વૃત્તિને કરતી વિરાગી, હું જાગી; અહો૦
સત્યનું રહસ્ય ને માધુર્ય કંઇ જણાયું,
શુણી વીણાગાન જીવભાન આ વિલાયું,
જીવન બન્યું આ સુભાગી; હું જાગી; અહો !૦

આત્માનું સૌન્દર્ય સર્વને સુન્દર કરી રહ્યું છે.

પદ ૧૪૫. (પડતી હવે મુજને ખબર, એ લ૦.)

બ્રહ્માંડમાં જોયું બધું, આત્માસમું સૌન્દર્ય નહિ,
સુન્દર દીસે જેનાથી સઘળું, સ્થૂલ સૂક્ષ્મે અહિં તહિં:
આ સૂર્ય ને શશિને કંઈ પ્રશંસી-કવિ મોહી રહ્યા,
લલનાતણા લાવણ્યસમ, કોઇએ ન સુન્દર દીઠું કંઇ.
કમલને કો કહે સારૂં,
જે તણી જ્યોતિથી સર્વ લાગતું પ્યારૂં,
જુએ ના સ્વરૂપ તે ચારુ.
જુએ છે કોઈ સુન્દરતા, સુકંઠે ને સુગન્ધે કો,
લહે કોકિલકૂજન સુન્દર, રસિકનું ચિત્ત હરનારૂં;
પરંતુ સર્વમાં આત્મા વિલસતો તેથી સુન્દર તે,
હું તો સૌન્દર્યમૂલ આત્માઉપર મુજ પ્રાણ ઓવારૂં.

સમાપ્ત.